Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कन्याविक्रयदोषनिषेध

तथा

# बाळलग्न निषेध ग्रंथ.

रचयिता,

शास्त्रविशारद योगनिष्ठ जैनाचार्य

श्रीमद् बुद्धिसागरसूरिश्वरजी.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरजीसूरि ग्रंथमाला ग्रंथांक. ८८

# कन्याविक्रयदोषनिषेध.

तथा

# बाळलग्न निषेध ग्रंथ.

रचयिता.

शास्त्रविशारद योगनिष्ठ जैनाचार्य

श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी.

छपावी प्रगट करनार

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ.

हा. वकील मोहनलाल हिमचंद. मु. पादरा.

द्वितीयावृत्ति प्रति १०००

वीरसं. २४५० इ. स. १९२५ वि. १९८१

मूल्य. ०-६-०

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

વડોદરા-લુહાણામિત્ર સ્ટીમ પ્રિં પ્રેસમાં અંબાલાલ વિઠ્ઠલ-
ભાઇ ઠક્કરે પ્રકાશક માટે છાપી પ્રસિદ્ધ કર્યું. તા.૧-૪-૨૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન.

શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી પ્રસિદ્ધ થતી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી ગ્રંથમાળાના ૮૮મા મણકા તરીકે કન્યાવિક્રયદોષનિષેધ તથા બાળ લગ્ન નિષેધ ગ્રંથ પ્રકટ કરવામાં આવે છે. આ ગ્રંથ પ્રથમ વિ.સં. ૧૯૬૦ની સાલમાં ગુરૂ મહારાજે લખ્યો હતો અને તેની પ્રથમાવૃત્તિ શ્રી જૈનોદયબુદ્ધિસાગર સમાજ સાણંદ તરફથી છપાવવામાં આવી હતી અને તેના પ્રકટ થવાથી ઝાલાવાડ કાઠીયાવાડના જૈનોમાં જે કન્યાવિક્રયનો દુષ્ટ રીવાજ જડ ઘાલી બેઠેલો હતો તે ઘણે અંશે દૂર થયો છે, અને ત્યાં ઘોળ બંધાઇ જવાથી કન્યાવિક્રય ઘટયો છે. આ ગ્રંથની નકલો ખપી જવાથી તથા તેની ઘણી માગણી હોવાથી તેની બીજી આવૃત્તિ પ્રકટ કરવાની જરૂર જણાઇ છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમાવૃત્તિ કરતાં આ દ્વિતીયાવૃત્તિમાં ઘણો સુધારો વધારો કરવામાં આવ્યો છે. સમયના વધવા સાથે વિશ્વની પ્રગતિ થતી જાય છે અને તે સાથે વિચારોની પણ પ્રગતિ થતી જાય છે. તેથી આ આવૃત્તિમાં ગુરૂ મહારાજે પોતાના વિચારોને સમય ને અનુકુળ રીતે આલેખ્યા છે અને તે વર્તમાન સમાજને અવશ્ય અતિઉપયોગી થઇ પડશેજ.

મંડળ આવાં ઉત્તમ પુસ્તકો પ્રકટ કરી ધર્મ સેવા બજાવી શકે છે. એમાં શ્રીમદ્ ગુરૂમહારાજની સતત ગ્રંથાલેખનપ્રવૃત્તિની દયાળુતા તથા દ્રવ્ય મદદ કરનાર ઉદાર ચરિતબંધુઓજ આભારી છે.

આ ગ્રંથ પ્રકાશનમાં નીચે પ્રમાણે મદદ મળી છે.

રૂ. ૧૫૦ શેઠ છત્રભાણુ રૂપાજી હા. શેઠ નહાલચંદ ફતેચંદ મુ. પેથાપુર

રૂ. ૫૧ શા. કાળીદાસ દેવચંદ સાદરાવાળા.

રૂ. ૨૫ શા. હરીચંદ હેમચંદ ગામ લુણીના.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂ. ૨૦ બાઇ એમકોર હા શેઠ માણેકચંદ ગોરધનદાસ. પેથાપુરવાળા

રૂ. ૧૦૧ શેઠ નગીનદાસ ભીખાભાઇ. પેથાપુરના

ઉપર પ્રમાણે મદદ કરનારાંઓનો ધન્યવાદ પૂર્વક આભાર માનવામાં આવે છે.

પાદરા. ૧૯૮૧ શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ
વસંત પંચમી. હા. વકીલ મોહનલાલ હિમચંદ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

कन्याविक्रयदोषनिषेध

# પ્રસ્તાવના.

વિ. સં. ૧૯૬૦ ના ચૈત્રસુદિ એકાદશીએ વિજાપુરમાં કન્યાવિક્રય દોષ નિષેધ રચીને અમોએ પૂર્ણ કર્યો હતો, સાણંદ જૈનોદય બુદ્ધિસાગર સમાજના સેક્રેટરી શેઠ ગોવિંદજી ઉમેદભાઈએ આ ગ્રંથ છપાવીને પ્રથમાવૃત્તિ તરીકે બહાર પાડયો અને તેથી કાઠિયાવાડમાં ઝાલાવાડના જૈનોમાં ખળભળાટ થયો હતો અને તેનુ એકંદર સારૂં પરિણામ એ આવ્યું કે ઝાલાવાડાના જૈનોએ ગોળ બાંધીને કન્યાવિક્રયનો સખ્ત નિષેધ કર્યો અને તેથી હાલમાં ઝાલાવાડ કાઠિયાવાડના જૈનો પહેલાં કરતાં ઘણા સારા સુખી સ્થિતિએ ચડવા લાગ્યા છે. ઘણા જૈનોની માગણીથી કન્યાવિક્રય દોષનિષેધ ગ્રંથની દ્વિતીયાવૃત્તિ છપાવવામાં આવી છે અને તેમાં વધઘટ યુક્ત સુધારો વ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારો કરવામાં આવ્યો છે કે જેનો જેઓ પ્રથમાવૃત્તિની સાથે દ્વિતીયાવૃત્તિનો મુકાબલો કરીને વાંચશે તેઓને તેનું જ્ઞાન થશે. ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ વગેરેમાં હજી કન્યાવિક્રય અને બાળલગ્નના કેશો થાય છે. હજી સર્વથા કન્યાવિક્રય તથા બાળલગ્નનો નાશ થયો નથી તેથી આવા અનેક ગ્રંથોની ઉપયોગિતા છે અને આ ગ્રંથના વાચનથી જૈનોને હિંદુઓને કુધારા કુરીવાજનો નિષેધ કરવામાં ઘણી મદદ મળશે એવું જાણીને બીજીવાર આ ગ્રંથ છપાવવામાં આવ્યો છે. તેનો બહોળો પ્રચાર કરવાની જરૂર છે. આ ગ્રન્થમાં જિનાજ્ઞા વિરૂદ્ધ જે કંઇ લખવામાં આવ્યું હોય તેનો સંઘની આગળ મિથ્યા દુષ્કૃત દઉં છું. ગીતાર્થ સંતોને વિનયપૂર્વક પ્રાર્થના કરૂં છું કે તેઓ આ ગ્રન્થમાંથી જે કંઇ જિનાજ્ઞા વિરૂદ્ધ પ્રરૂપણા હોય તેને સુધારે. પ્રેસ વગેરેના દોષોથી અશુદ્ધિ જે રહેલી છે તેનું આ સાથે અશુદ્ધિ શુદ્ધિ પત્રક કરવામાં આવ્યું છે, બંગાળા વગેરે દેશોમાં કન્યાવિક્રયના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાને ત્યાં વર વિક્રયનો કુરીવાજ પ્રવર્તે છે તેનું પણ આ ગ્રન્થમાં ખંડન કરવામાં આવ્યું છે. જ્યાં સુધી દુષ્ટ હાનિકારકકન્યા વિક્રયબાલલગ્નાદિક કુરીવાજો છે ત્યાં સુધી આવાં પુસ્તકોની જરૂર છે. કન્યાવિક્રય થનારા દેશોમાં આવા ગ્રન્થો નો બહોળો પ્રચાર થાય એમ ઇચ્છવા યોગ્ય છે.

આ ગ્રન્થનાં પ્રુફ સુધારવામાં પેથાપુરવાળા શા. મણિલાલ હીરાચંદ તથા શા. રમણિકલાલ ડાહ્યાભાઇ તથા શા. મોતિલાલ પાનાચંદે સહાય કરી છે માટે તેઓને ધન્યવાદ આપવામાં આવે છે.

इत्येवं ॐ अर्हंमहावीर शान्तिः ३

મુ. મહુડી (મધુપુરી) તાલુકે વિજાપુર (ગુજરાત).

લે. બુદ્ધિસાગરસૂરિ.
વિ. ૧૯૮૧ માઘ સુદિ ૧
પ્રતિપદા રવિવાર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેસાણાનાનિવાસી જૈનધર્મ સંઘસેવામાં અર્પાયેલ સુશ્રાવક

## શેઠ વેણીચંદ સૂરચંદને

# अर्पण पत्रिका.

વિ. સં. ૧૯૫૩. ૫૪ ની સાલથી મારી ગૃહસ્થ દશામાં તમારો પરિચય થયો. તમને ગુરૂ મહારાજ શ્રી રવિસાગરજી મહારાજે ઉપકાર કર્યો. તમારી ધર્મ પત્ની મરણ પામ્યા બાદ તમારૂં લક્ષ ધર્મ ઉપર વિશેષ લાગ્યું અને વિ. સં. ૧૯૫૪ ના કારતક માસમાં ગુરૂ મહારાજ શ્રી રવિસાગરજી મહારાજના પ્રમુખ પદેથી શ્રીપંજાબી મુનિ દાનવિજયજીએ જૈન પાઠશાળા સ્થાપવાનો ઉપદેશ આપ્યો તે તમોએ ઝીલી લીધો અને મેસાણાના સંઘે ગુરૂ મહારાજના આદેશથી જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપન કરી, એ પાઠ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાળામાં મુનિરાજ શ્રી કર્પૂર વિજયજી અને મારૂં, આજોલ ગામથી ભણુવામાટે આવવાનું થયું, પાઠશાળામાં ધાર્મિક કેળવણીની સાથે ઇંગ્લીશ ભાષા જ્ઞાન આપવા માટે મેં મારા વિચારો જણાવ્યા.તમારે અને મારે તે સંબંધી મતભેદથી વૈમનસ્ય ઉત્પન્ન થયું તો પણ તે અમુક વિચાર ભેદ હોવાથી પરસ્પર ધર્મ રાગમાં ખામી પડી નહિ, તમોએ અઠ્ઠાવીશ વર્ષથી કર્મયોગીની પેઠે જૈનધર્મ અને જૈન સંઘની સેવા વગેરે જૈન ધાર્મિક કાર્યો કરવામાં નિષ્કામે જીવન હોમ્યું છે, તમો પરસ્ત્રી ત્યાગી, બાર વ્રતધારી શ્રાવક છો, સનાતન પ્રાચીન પરંપરાગમ દૃષ્ટિવાળા જૂના વિચારવાળા છો તથા સાધુઓના ગુણાનુરાગી, છો, જૈન પાઠશાળાઓ સ્થાપવામાં, જૈન ધાર્મિક કેળવણી વધારવામાં, અમદાવાદવાળા શેઠ, હીરાચંદ કક્કલભાઇ તથા ભાવનગરવાળા શેઠ કુંવરજી આણંદજીની પેઠે તમોએ ઉત્તમ આત્મ ભોગ આપ્યો છે.જૈન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેયસ્કર મંડળ સ્થાપીને તેમાં તમોએ સારો આગેવાની ભર્યો ભાગ લીધો છે.તમો મેસાણા જૈન સંસ્કૃત પાઠશાળાને સત્તાવીશ વર્ષથી ચલાવી રહ્યા છે. તથા તપ કરવામાં તમો એક માસના તપ સુધી આગળ વધી ગયા છો,તથા જ્યાં ત્યાં ધાર્મિક કાર્યો કરવામાં અહંકારને દેશવટો આપીને કેવલ સાદાઇથી પ્રવર્તીને સાદાઇનું આદર્શ જીવન ગાળોછો.તથા સર્વ સાધુ સાધ્વીઓની સેવા ભક્તિ કરવારૂપ વ્યવહાર ધર્મ માર્ગમાં ગુલ્તાન બની ગયાછો,આત્માર્થી છો,જૈન કોમની ઉન્નતિ કરવા જ્યાં ત્યાં તમારી લગની જોવામાં આવે છે.કન્યાવિક્રયદોષનિષેધ તથા બાલ લગ્નનિષેધ કરવામાં તમારી પ્રવૃત્તિ છે. તેમજ જૈન કોમની સેવામાં તમોએ હજારો અપમાનો સહ્યાં છે અને હજી ઉત્સાહથી જૈન ધર્મ સેવા કરો છો. મારો અને તમારો સત્તાવીશ વર્ષથી પરિચય છે તેથી હું તમને એક કર્મયોગી શ્રાવક તરીકે ઓળખી શકયો છું અને તેથી સામાન્ય વિચાર મતભેદ, પરસ્પર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવા છતાં તમારા અનેક સદ્‌ગુણોના રાગે તમારા ગુણોને પ્રકાશિત કરી ગુણાનુરાગવૃદ્ધયર્થે તમને આ પુસ્તક અર્પણ કરૂં છું.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

વિ. ૧૯૭૧. માઘ સુદિ ૧

મુ. મધુપુરી ( મહુડી )
લે. બુદ્ધિસાગરસૂરિ.
તાલુકે વિજાપુર
દેશ ગુજરાત

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अशुद्धिशुद्धि पत्रकम्

| पृष्ठ | लीटी | अशुद्धि | शुद्धि |
|---|---|---|---|
| १ | १२ | અલાકિત | અલૌકિક |
| ૯ | ૪ | કર્ણાશ્રવણ. | કર્ણાશ્રવણીય. |
| ૧૩ | ૨ | તદ્દુભવ. | તદ્દભવ. |
| ૧૩ | ૧૩ | વિલંકારા. | વ્યલંકારાલંકૃત. |
| ૧૪ | ૧૧ | સ્વસુગધ. | સ્વસુગંધ. |
| ૧૬ | ૬ | प्राप्तेचषष्ठमेवर्षे | प्राप्तेचदशमेवर्षे |
| ૨૦ | ૬ | કાઠિયાડમાંથી. | કાઠીયાવાડમાંથી |
| ૨૩ | ૬ | જલાસયા | જલાશયા. |
| ૨૩ | ૭ | ગુણગુણા. | ગુણગુણા. |
| ૨૮ | ૧૦ | प्रकापाय. | प्रकोपाय |
| ૩૬ | ૮ | ભાવર્થ | ભાવાર્થ |
| ૩૬ | ૧૩ | विप्रश्चौरेण. | विप्रचौरेण. |
| ૪૬ | ૩ | कुनृपेन | कुनृपेण. |
| ૮૩ | ૧૦ | ભાતૃભાવ. | ભ્રાતૃભાવ. |
| ૮૫ | ૧૩ | नावसीदति | नावसीदति. |
| ૮૮ | ૪ | समन्मिता, | समन्विता. |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૮૮ | ૧૦ | યયાશ | યથાશ |
| ૮૯ | ૭ | તનો | તેનો |
| ૧૦૨ | ૧૩ | નામન | નામના |
| ૧૧૧ | ૮ | પસા | પૈસા. |
| ૧૩૪ | ૪ | દુગુણુની | દુર્ગુણુની. |
| ૧૪૦ | ૯ | આવશક્યતા. | આવશ્યકતા. |
| ૧૮૪ | ૨ | અગર ઓશવાળ | અગર પોરવાડ. |
| ૧૮૮ | ૫ | અકુશની | અંકુશની |
| ૧૯૭ | ૨ | સવેએ. | સર્વેએ. |
| ૧૯૮ | ૧૫ | મટો | મોટો. |
| ૨૦૨ | ૧૨ | ઉદયમનાં | ઉદયમાંના. |

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री अध्यात्मज्ञानप्रसारकमंडळ तरफथी श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रन्थमाळामां प्रगट थयेला ग्रन्थो.

| ग्रन्थाक | | पृष्ठ | किंमत. |
|---|---|---|---|
| १ | क. भजन संग्रह भाग १ लो. | २०० | ०–८–० |
| १ | अध्यात्म व्याख्यानमाळा. | २०६ | ०–४–० |
| * २ | भजनसंग्रह भाग २ जो. | ३३६ | ०–८–० |
| * ३ | भजनसंग्रह भाग ३ जो. | २१५ | ०–८–० |
| * ४ | समाधिशतकम्. | ६१२ | ०–८–० |
| ५ | अनुभवपच्चिशी. | २४८ | ०–८–० |
| ६ | आत्मप्रदीप. | ३१५ | ०–८–० |
| * ७ | भजनसंग्रह भाग ४ थो. | ३०४ | ०–८–० |
| ८ | परमात्मदर्शन. | ४०० | ०-१२-० |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| *९ | परमात्मज्योति. | ५०० | ०-१२-० |
| *१० | तत्त्वबिंदु. | २३० | ०-४-० |
| ११ | गुणानुराग. (आवृत्ति बीजी) | २४ | ०-१-० |
| *१२-१३. | भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका. | १९० | ०-६-० |
| *१४ | तीर्थयात्रानुं विमान(आ०बीजी) | ६४ | ०-२-० |
| १५ | अध्यात्मभजनसंग्रह | १९० | ०-६-० |
| १६ | गुरुबोध. | १७४ | ०-४-० |
| *१७ | तत्त्वज्ञानदीपिका | १२४ | ०-६-० |
| १८ | गहूंलीसंग्रह भा. १ | ११२ | ०-३-० |
| *१९-२० | श्रावकधर्मस्वरूप भाग १-२( आवृत्ति त्रीजी ) | ४०-४ | ०-१-० |
| *२१ | भजनपदसंग्रह भाग ६ ठ्ठो. | २०८ | ०-१२-० |
| २२ | वचनामृत. | ८३० | ०-१४-० |
| २३ | योगदीपक. | ३०८ | ०-१४-० |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| २४ | जैन ऐतिहासिक रासमाळा. | ४०८ | १—०—० |
| *२५ | आनन्दघनपद भावार्थ(१०८) संग्रह | ८०८ | २—०—० |
| *२६ | अध्यात्मशान्ति(आवृत्ति बीजी) | १३२ | ०—३—० |
| २७ | काव्यसंग्रह भाग ७ मो. | १५६ | ०—८—० |
| *२८ | जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति. | ९६ | ०—२—० |
| *२९ | कुमारपाल ( हिंदी ) | २८७ | ०—६—० |
| ३० | थी ३४ सुखसागर गुरुगीता | ३०० | ०—४—० |
| ३५ | षड्द्रव्यविचार. | २४० | ०—४—० |
| ३६ | विजापुरवृत्तांत. | ९० | ०—४—० |
| ३७ | साबरमती गुणशिक्षण काव्य. | १९६ | ०—६—० |
| ३८ | प्रतिज्ञापालन. | ११० | ०—५—० |
| *३९—४०—४१ | जैनगच्छमतप्रबंध, संघप्रगति, जैनगीता | ३०४ | १—०—० |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ४२ | जैनधातुप्रतिमा लेखसंग्रह भा. १ | | १—०—० |
| ४३ | मित्रमैत्री. | | ०—८—० |
| *४४ | शिष्योपनिषद् | ४८ | ०—२—० |
| ४५ | जैनोपनिषद्. | ४८ | ०—२—० |
| ४६—४७ | धार्मिक गद्यसंग्रह तथा पत्र सदुपदेश भाग १ लो. | ९७६ | ३—०—० |
| ४८ | भजनसंग्रह भा. ८ | ९७६ | ३—०—० |
| *४९ | श्रीमद् देवचंद्र भा. १ | १०२८ | २—०—० |
| ५० | कर्मयोग. | १०१२ | ३—०—० |
| ५१ | आत्मतत्त्वदर्शन. | ११२ | ०-१०-० |
| ५२ | भारतसहकारशिक्षण काव्य | १६८ | ०-१०-० |
| ५३ | श्रीमद् देवचंद्र भा. २ | ११०० | ३—८—० |
| ५४ | गहुंली संग्रह भा. २ | १३० | ०—४—० |
| ५५ | कर्मप्रकृतिटीकाभाषांतर. | ८०० | ३—०—० |
| ५६ | गुरुगीत गुंहलीसंग्रह. | १९० | ०-१२-० |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ५७-५८ | आगमसार अने अध्यात्मगीता. | ४७० | ०-६-० |
| ५९ | देववंदन स्तुति स्तवन संग्रह. | १७५ | ०-४-० |
| ६० | पूजासंग्रह भा. १ लो. | ४१६ | १-०-० |
| ६१ | भजनपदसंग्रह भा. ९ | ५८० | १-८-० |
| ६२ | भजनपदसंग्रह भा. १० | २०० | १-०-० |
| ६३ | पत्रसदुपदेश भा. २ | ५७५ | १-८-० |
| ६४ | धातुप्रतिमालेख संग्रह भाग २ | | १-०-० |
| ६५ | जैनदृष्टिए ईशावास्योपनिषद् भावार्थविवेचन. | ३६० | १-०-० |
| ६६ | पूजासंग्रह भाग १-२ | ४१५ | २-०-० |
| ६७ | स्नात्रपूजा. | | ०-२-० |
| ६८ | श्रीमद् देवचंद्रजी अने तेमनुं जीवनचरित्र. | | ०-४-० |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



६९–७२ शुद्धोपयोग वि.संस्कृत ग्रंथ ४
१८० ०-१२-०
७३–७७ संघकर्तव्य वि. संस्कृत ग्रंथ ५ ०-१२-०
७८ लाला लाजपतराय अने जैनधर्म. ०–४–०
७९ चिन्तामणि ०–४–०
८०) जैनधर्म अने ख्रीस्ति धर्मनो मुकाबलो
८१) जैन ख्रीस्ति संवाद
८२ सत्यस्वरूप
८३ ध्यान विचार
८४ आत्मशक्तिप्रकाश १४० ०–४–०
८५ सांवत्सरिक क्षमापना ८० ०–३–०
८६ आत्मदर्शन(मणीचंद्रजीनुं विवेचन
कृतसज्जायो)१५० ०–०–०
८७ जैनधार्मिक शंकासमाधान ५५ ०–२–०
८८ कन्याविक्रय निषेध २०० ०–८–०

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ८९ | आत्मशिक्षा भावनाप्रकाश | ११५ | ०-७-० |
| ९० | आत्मप्रकाश | ५६९ | १-८-० |
| ९१ | शोक विनाशक ग्रंथ | ८० | ० १-० |
| ९२ | तत्त्वविचार | | |

## हालमां छपाता ग्रंथो.

(१) मोटुं विजापुर वृत्तांत

(२) श्री यशोविजयजी निबंध

(३) श्री देवचंद्रजी निर्वाण रास तथा तेमनुं चरित्र

(४) जैन श्वे० ग्रंथनामावलि

(५) आत्मस्वरूप

(६) अध्यात्मगीता

(७) आत्मसमाधि शतक

(८) जीवक प्रबोध.

(९) परमात्म दर्शन.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



(१०) भजनसंग्रह भाग ११ मो.

(११) जैनसूत्रमां मूर्तिपूजा.

* आ निशानीवाला ग्रंथो शिलकमां नथी.

उपरनां पुस्तको मळवाना ठेकाणो.

वकील मोहनलाल हीमचंद. मु. पादरा-(गुजरात).

शा. आत्माराम खेमचंद. मु. साणंद.

मोहनलाल नगीनदास-भांखरीया.

१९२-९४ बजारगेट कोट मुंबाइ.

शा. नगीनदास रायचंद-भांखरीया. मु महेसाणा.

शा. चंदुलाल गोकलदास. जैनज्ञानमन्दिर मु. विजापुर.

बुकसेलर-मेघजी हीरजी. पायधुनी-मुंबाइ.

श्रीमद् बुद्धिसागरसूरिमंडल. मु. पेथापुर.

शेठ रतिलाल केशवलाल. मु. प्रांतिज.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ नमः संखेश्वरपार्श्वनाथाय

# कन्याविक्रय दोष.

मंगलम्

श्री सर्वज्ञं नमस्कृत्य । स्मृत्वा श्री रविसागरम् ॥
कन्याविक्रयदोषाख्यं । पुस्तकं क्रियते मया ॥ १ ॥

ચોત્રીશ અતિશયરૂપ લક્ષ્મીએકરી વિરાજીત, લોકાલોક ભાસ્કર, સર્વ પદાર્થ જ્ઞાતા, એવા સર્વજ્ઞ-મહારાજાને નમસ્કાર કરીને, તથા વળી પંચ મહાવ્રતધારક સંસારતારક, ચઉગતિવારક, બાળ બ્રહ્મચારી, કૃપાનિધિ, દયાનિધિ, પ્રશમરસવાહક, શ્રી નેમિસાગરજીના શિષ્ય પરમોપકારી શ્રી રવિસાગરજી સદ્ગુરૂ મહારાજની અમૃતમયી અલાકિતવ્યક્તિ (મૂર્તિ) નું હૃદયમાં સ્મરણ કરી તેમની કૃપાથી " कन्याविक्रयदोष " નામનું પુસ્તક રચવામાં તેમના પ્રશિષ્ય બુદ્ધિસાગર નામના બાલથી ભવ્ય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોના ઉપકારનિમિત્તાર્થમ્ અને જૈનશાસનની અતિવૃદ્ધિમાટે કંઇક બાલક કીડાવત્ પ્રયત્ન કરાય છે. આ પ્રસંગે શ્રી સુખસાગરજી ગુરૂને પુનઃ પુનઃ ત્રિકરણયોગે નમન કરૂં છું.

## कन्यानो विक्रय करीने द्रव्योपार्जन करवुं ते महापाप छे.

કન્યાનું જે વેચવું તે મહાપાપ છે, એમ સર્વ ભવ્યાત્માઓને જણાવવા હું આ પુસ્તક રચું છું; તેમાં શાસનદેવતાઓ સાહાય્ય કરો, ઇષ્ટ મહામંત્રાત્મકદેવો સાહાય્ય કરો, કે જેથી ઇષ્ટકાર્ય સિદ્ધ થાય.

કળિકાળના યોગે “ હુંડા અવસર્પિણી કાળ ” પંચમઆરો, કૃષ્ણપક્ષિયાજીવ, દક્ષિણાર્ધ ભરત વિગેરે કારણોથી જૈનશાસનની અભિવૃદ્ધિ દેખવામાં આવતી નથી, અને કેટલાક શ્રાવકો અનેક પ્રકારના સંશય પાપમાં આશક્ત થઇ સત્યધર્મ પરાઙ્મુખ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતા જાય છે, અને સત્ય જૈન ધર્મનેવિષે અનેક પ્રકારની શંકાઓ કરે છે. દૈવયોગે કેટલાંક વર્ષથી જૈનોમાં કેટલાક શ્રાવકોમાં ગુપ્તરીતે પોતાની છોકરીઓનું વેચાણ થાય છે, કેટલાક કેટલાક ભાગમાં તો ચીભડાની પેઠે—શાકની પેઠે પોતાની છોકરીઓની કિંમત કરી, તેમના માતપિતા વેચાણ કરે છે; એમાં મહા પાપ છે.

કાઠીઆવાડમાં તથા ગુજરાત વગેરેમાં મુખ્ય ઉ-દ્યમ કન્યાવિક્રયનો છે. પૈસાની પાપી લાલચથી અને એ પૈસાથી પેટપૂર્તિ કરવાને સારૂ પોતાના ધર્મને રસાતલમાં પેસાડી દેઇ “ દયાને હૃદયમાંથી દેશવટો આપી ” અને વાત્સલ્યપ્રેમમાં અંગારો મૂકીને પોતા-ની દીકરીનું વેચાણ કરી રૂપૈયાની થેલીઓ ઘરમાં મૂકી દીકરીના પૈસા ખાનાર નામની પદવીરૂપ કાળી ટીલી કપાળમાં ધારણ કરી પોતાની દીકરીને ઘરડા ડોસા ( બુઢ્ઢા ) સાથે પરણાવે છે, અને લા કડે માંકડું વળગાડી દે છે; અને મડદાલ બુઢ્ઢાને મીંઢળ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેરાવે છે. એ અગ્નિમાં અધમ ધનની પિપાસારૂપ અનિર્વાહ્ય ઉદરપોષણ હુતદ્રવ્યને હોમી ( આહૂતિ આપી ) અગ્નિને તૃપ્તિ કરે છે. જૈનો દયાના દરિયા કહેવાય છે, કોઇને દુઃખ દેવું નહિ, અહિંસા પરમધર્મમાં જીવન ગાળનાર નામ ધરાવે છે, તેમાં કન્યા વિક્રયરૂપક્ષયરોગે વાસ કીધો છે. મારા જૈન બંધુઓ, ચોમાસામાં ઉત્પન્ન થતાં અળસિયાંની દયા કરે છે, પાણીના પોરા વિગેરેની રક્ષા માટે ગરણાં રાખે છે, ખોડાં ઢોરોની દયા માટે પાંજરાપોળો બાંધે છે પણ કન્યાની દયા માટે કંઈ પણ મનમાં વિચાર લાવતા નથી. અરે ! અહો શો જુલમ ! અરે ! ઓ વીતરાગ દેવ ! તમારા ભક્તોની આવી દુર્દશા, તેમની આવી ઘાતકીલાગણી ! શું થવા બેઠું છે! અને શું થશે. તે બિચારી કન્યાની ઘેટાં બકરાંની દશા સામું કોણ દેખે ? એક ખરાબ પીપાસાને વશ થવું એ શું યોગ્ય કહી શકાય ? ના કદી કહી શકાય નહિ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कन्याविक्रयनी मनाइ शुं शास्त्रमां छे ?

**कन्याविक्रयी**—શું આપણા શાસ્ત્રોમાં કન્યા વેચવી નહિ એવી શાસ્ત્રકર્તાઓએ મનાઇ કરી છે ને કરી હોય તો ગ્રંથાધાર બતાવો.

**धर्मसाधक**-ઓ મારા વહાલા ભ્રાતા ! શાસ્ત્રોમાં કોઇપણ ઠેકાણે કન્યાને વેચવી, એમ લખ્યું નથી. ભરતરાજા, સગરચક્રવર્તી, રામ, પાન્ડવો, શ્રી મહાવીરસ્વામિના ભક્તો વિગેરે કોઇએ પણ પોતાની કન્યાને રૂપૈયા લઈ બીજાને વેચી નથી. થોડા વખતથી પ્લેગની પેઠે આ મહારોગ ફાટી નીકળ્યો છે.સ્વોદર પોષણ કરવા અસમર્થ, નિઃપુરૂષાર્થી અનુદ્યોગી પુરૂષોએ તે પ્રચાર જારી કીધો છે, તો તેઓનો મનોદ્ભવવિચાર-સંસાર નીતિમાર્ગાનુગામી કહેવાયજ નહીં, માટે કન્યાનો વિક્રય કરવો એ અકથનીય પાપનું પગલું છે; તેમાં કોઈ દિન કલ્યાણ થતુંજ નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સર્વથા નિર્વિક્રયી કન્યાદાન દેવું એ જૈનધર્મની અત્યુન્નતિનું પ્રથમ દ્વાર છે.

**कन्याविक्रयी**–પોતે ઉત્પન્ન કરેલી છોકરી તે એક જાતના ફળની માફક કહેવાય, તો તે ફળનો સર્વથા ઉપભોગ કરવામાં શું અનીતિ છે? પોતે તેણીને વેચવી જોઇએ તથા તેનાથી પોતાનું ગુજરાન ચલાવવું જોઇએ.

**धर्मसाधक**–ઓ મારા મિત્ર ! તારૂં અશ્રવણીયવાક્ય, કર્ણકટુતાને વધારી વિશેષખેદ ઉપજાવે છે, જરા વિચારી ને બોલો, પોતાનાથી જે ઉત્પન્ન થાય એ સર્વને વેચવાં જોઇએ એમ તમારૂં કહેવું યુક્તિહીન અને ધર્મ શ્રદ્ધાહીન છે. કારણ કે—પોતાનાથી ઉત્પન્ન થએલી એવી જે પોતાની છોકરી તેને જેમ ફળની માફક તું ગણે છે ત્યારે કેરી, જામફળ વિગેરેને પોતે જેમ ભક્ષણ કરી ઉપભોગમાં લઇએ છીએ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજાઓને પણ વેચી શકીએ છીએ તેમ તારી છોડી પણ એક ફળ સમાન થઇ તો તેમ તું પણ તેની સાથે કેમ ક્રીડા કરતો નથી ? અને પોતાની સ્ત્રી તરીકે કેમ ગણતો નથી ? તેનું શું કારણ છે તે બતાવ.

**कन्याविक्रयी**–હાય ! હાય ! અરરરર ! પોતાની છોકરી સાથે ક્રીડા કરાયકે ? અને પોતાની સ્ત્રી તરીકે તેને કેમ કહેવાય ? એ પ્રમાણે કરનાર તો અધમમાં અધમ મહાપાપી અઘોરી જાણવો.

**धर्मसाधक**–વારૂં ઠીક. પોતાની દીકરીની સાથે ક્રીડા કરનારને મહાપાપી શા કારણથી જાણવો ?

**कन्याविक्रयी**–સત્ય વીતરાગ દેવના શાસ્ત્રમાં તેમ કરનારને મહાપાપી કહ્યા છે, તેથી અમો પણ તેમાં મહાપાપ સમજીએ છીએ.

**धर्मसाधक**–તેજ પ્રમાણે વીતરાગદેવના વચનથી સિદ્ધ થાય છે કે, કન્યાવિક્રય કરવો તેમાં મહાપાપ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પોતાની માતામાં સ્ત્રીજાતિત્વ રહ્યું છે તેવુંજ પોતાની સ્ત્રીમાં પણ અગ્રોક્તપણું (સ્ત્રીપણું) રહ્યું છે, અને તેવુંજ પોતાની દીકરીમાં સ્ત્રીજાતિપણું પણ રહ્યું છે. દરેકમાં આંખ, કાન, નાક, શરીરનો આકાર સરખો છે, છતાં માતાને પૂજ્યબુદ્ધિથી નમવું, સ્ત્રીને વિષયબુદ્ધિથી ભોગવવી અને પુત્રીમાં વાત્સલ્યતાભાવ. એમ પ્રત્યેકમાં જુદા જુદા પ્રકારની ભાવના રહેલી છે તેનું કારણ શું છે ?

તેનો ઉત્તર કહેવાશે કે–ધર્મ વ્યવહાર એજ પ્રકારનો છે અને તેથી વિપરીત ચાલે તેને ધર્મ વ્યવહાર તોડવાથી મહાપાપ લાગે છે, અને તે ચારગતિમાં અનંત દુઃખો ભોગવે છે, તે પણ ધર્મશાસ્ત્રથી સિદ્ધ થાય છે. તેવીજ રીતે કન્યાવિક્રય કરવો એ પણ ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ છે તો તેથી વિરૂદ્ધ ચાલનાર, નરકનિગોદમાં અનંત દુઃખો ભોગવે તે પણ યુક્તિયુક્ત છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कन्याविक्रयी**–અમો પૈસાદાર છતાં દીકરી વેચી પૈસા લેતા નથી, પણ ગરીબ અવસ્થામાં પૈસાને માટે વેચીએ છીએ તેમાં શો દોષ ?

**धर्मसाधक**–અરે કર્ણાશ્રવણુવાકયવક્તા ! મ્હારા વ્હાલા ભલા મનુષ્યો ! પૈસાદાર છતાં જેમ સારૂ સારૂ જમીએ, અને ગરીબ અવસ્થા આવે ત્યારે ચપણીઉં ( રામપાત્ર ) લેઇ ઘરોઘર ભમી ભીક્ષા કેમ માગવી નહીં ? એમ વર્તવામાં શો દોષ ? ગરીબઅવસ્થા પ્રાપ્ત થતાં કેમ પોતાની સ્ત્રી અગર પુત્રને વેચતા નથી ? તો પછી દીકરીને કેમ વેચવી જોઇએ ? ગરીબ અવસ્થામાં પ્રાપ્ત થાય ત્યારે પથ્થરા કેમ ખાતા નથી ? કોઇ કહેશે કે પથ્થરા તે કંઇ ખવાય ? અને તે શું પેટમાં પચે? તેના ઉત્તરમાં સમજવાનું કે–પથ્થરા જેમ ખવાય નહિ અને પેટમાં પચે નહિ તેમ દીકરીનો પૈસો તેને વેચી ખવાય નહિ અને તે ખાધો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પચી શકે નહિ અને દરિદ્રપણું પ્રાપ્ત થાય.

**कन्याविक्रयी**—ઘણા લોકો પોતાની દીકરીઓને વેચી પૈસા ખાય છે, તો તે કેમ ગરીબ થઇ જતા નથી ! ઉલટા તે તો મૂછો ઉપર હાથ મૂકી તોરમાં ને તોરમાં લ્હેર મારે છે અને આનંદમાં દિવસ ગુજારે છે તેનું કેમ !

**धर्मसाधक**—જે લોકો પોતાની દીકરીઓ વેચે છે, તેઓની સારી સ્થિતિ છતાં પણ પ્રતિદિન ગરીબ સ્થિતિ થતી જાય છે, સંતાનનો ઉચ્છેદ થાય છે, નિર્ધનતા થાય છે, બહિર્સ્થિતિ દર્શન અત્યુત્કૃષ્ટ જણાતું હોય પણ અંદર અલક્ષ્મીત્વ પ્રાપ્તપણું હોયજ તેમાં શક નહિ. ઉપરનો ડોળ ગમે તેવો હોય પણ અંતર્માં ખાલી થતા જાય છે, તેની આબરૂ ઘટે છે, જ્ઞાતિમાં હલકો થાય છે, મહાપાપ બાંધે છે, છોકરીની ખરાબ આશિષ્ તેને શિરપાવમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે છે. અને છોકરીના પૈસા ખાનારની બુદ્ધિ બગડે છે.

कन्याविक्रयी—પોતાની દીકરીના પૈસા ખાવાથી બુદ્ધિ કેવી રીતે બગડે ?

धर्मसाधक—જેમ અનેક દુર્ગુણગણાન્વિત અવિદ્ધજ્જનના સમાગમે સહુસાધનો વિઘ્નીભૂત થાય છે તેમ જ સ્વકન્યા વેચી લીધેલ પૈસો મતિભ્રમ કરી અનિવાર્ય દુઃખ દેનાર નીવડે છે, તેટલુંજ નહિ પણ નિશ્રેયસપંથદ્વારને રોધી નરકગામી દ્વારમાર્ગનો રસ્તો સહેલાઈવાળો છે તેમ દર્શાવી આપે છે. જેમ મદિરાપાનથી બુદ્ધિ બગડે છે તેમ દીકરીના પૈસા ખાવાથી બુદ્ધિ બગડે છે. પહેલાં દીકરીના પૈસા ખાવાની જે ઇચ્છા થઇ તેજ વખતે બુદ્ધિ ખરાબ થઇ અને પોતાની વ્હાલી દીકરીને ઘેટાં બકરાંની પેઠે જ્યાં પોતાનું ખીસ્સું ભરાય ત્યાં દેવી એ શું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછું પાપ ? એવાં પાપ કરી દુર્ગતિ પામીએ એમાં શું આશ્ચર્ય ?

प्रश्न—મારા પ્રિય ભાઈ ! તમારા શરીરે ઉષ્ણુ વાયુ લાગે છે તેને તમો આંખે દેખો છો ? ઠંડો વાયુ લાગે છે તેને તમો દેખી શકો છો ?

कन्याविक्रयी–ના સાહેબ, ઉષ્ણુવાયુ, અને ઠંડો વાયુ આંખે દેખી શકાતો નથી, પણ ઝાડને હલાવે છે, તૃણુને હલાવે છે, આપણા શરીરને લાગે છે, તેથી તે વાયરો છે એમ જાણીને તે સત્ય માનવામાં આવે છે.

धर्मसाधक-મારા મહેરબાન સાહેબ ! તેવીજ રીતે કન્યા વેચવાથી જે પાપ થાય છે તે આંખે દેખી શકાતું નથી, પણ પરભવમાં નીચ જન્મ, દરિદ્રાવસ્થા, રોગીપણું, આદિ દુઃખોથી પાપની સિદ્ધિ થાય છે. અનીતિ પંથાશ્રયી–સાહેબ ! શ્રવણ કરો કે કન્યા વેચીને ઉપાર્જીત કરેલ દ્રવ્યોદ્ભવપાપ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અદર્શનીય છે ( દૃષ્ટિગોચરને પ્રાપ્ત થઇ શકતું નથી ) છતાં તદ્દુભવ અમોઘપાપના ઓઘ, જન્મો જન્મ દારિદ્રયાદિ અનેક દુઃખોથી વારંવાર દુઃખ દેવા સ્વપંજાઓનું પ્રદર્શન કરી ભયંકરતા દર્શાવે છે, તેટલુંજ નહિ પણ નરકમાં લઇ જવામાં સાર્થવાહનું કામ કરવા પણ પાછા પડતા નથી આહા ! કેટલું દુઃખદાયી અનીતિપંથનું પગલું ! ! વિચારો મારા મહેરબાન ! માટે પોતાની છોકરીને વેચીને પરણાવીને પૈસા ખાવા તેમાં મહાપાપ છે,

જૈનશાસનમાં કન્યાવિક્રય કરવો તે અધમાધમ પાપ ગણાવ્યું છે તેમ છતાં જે જૈનો કન્યાવિક્રય કરે છે તે અધમ બની ઉપરોક્ત વિશેષણ વિલંકારાલંકૃત થઇ અપયશના સહચરો બને છે તે નિઃસંશયવાત છે.

## कन्याविक्रयथी थतां महापापो.

કન્યાવિક્રયના અધમરીવાજથી આજકાલ સંખ્યા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધ બાળાઓ વિધવાઓ બને છે, તે વિધવાઓ પોતાની યુવાવસ્થાથી સ્વછંદી અને દુરાચારિણીઓ બને છે અને કેટલીક તો નાતજાતથી પણ નીકળી જાય છે, કેટલીક નાતમાં રહી દુરાચાર કરે છે અને તેથી કરી ગર્ભ ધારણ થાય છે, ત્યારે કૈક લોકલજ્જાથી બીક પામતી, લાજતી; પોતાના ઉદરવિષે રહેલા ગર્ભનું પાતન કરે છે. ઘણે ઠેકાણે સાંભળીએ છીએ કે અમુકવિધવાએ ગર્ભપાત કર્યો, અને કદાપિ બાળક પ્રસવે છે તો તેનો પણ નાશ કરે છે, તેમ છતાં જૈનોનું નયનપંકજ વિકસિત થઇ ઉપરોક્તમાર્ગ રોધકોને સ્વસુગંધ અર્પતુ નથી. તેથી બી શું અંધારૂં!!! ખરેખર અંધારૂં ને વિઘ્નવાળુ–યશ હરનારૂં ને પાયમાલ કરનારૂં.

## ગુજરાત કાઠીયાવાડ વગેરેમાં ચાલતો કન્યાઓનો વેપાર.

ગુજરાત સૌરાષ્ટમાં આધુનિક કાળમાં કન્યાવિક્રય થતો સૌકોની દષ્ટિગોચરતાને વારંવાર દર્શન દે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આજ કાલ કાઠીયાવાડ ગુજરાતમાં કન્યાવિક્રય પૂર જોસથી વધતો જાય છે, અને તેવાજ કારણોથી કાઠીયાવાડ ગુજરાતના લોકો કંગાલ અવસ્થાના ભોગી થઇ પડયા છે. કાઠીયાવાડી જૈનોમાં કેટલાંક કુટુંબો તો પોતાનો નિર્વાહમાત્ર કન્યાઓ ઉપરજ કરે છે. રાજાને ત્યાં પુત્ર પ્રસવથી જેવો આનંદ થાયછે તેવોજ આનંદ કાઠીયાવાડી જનો પૈકી પુત્રી પ્રસવથી કેટલાક કન્યાવિક્રયીઓને થાય છે. કન્યાઓજ તેમના વ્યાપારની મુખ્ય વસ્તુ થઈ પડી છે. કાઠીયાવાડમાં જે કન્યા વેચનાર શ્રાવકો છે તેમાં જેને એક બે કન્યાઓ હોય છે તેને બજારમાંથી માલ ઉધારે બસેં ત્રણસેં રૂપૈયાનો મળી શકે છે, બીજાઓને કોના ઉપર ઉધાર માલ મળે! જેને એક બે દીકરીઓ હોય છે તેઓ કશો ઉદ્યમ નહીં કરતાં જ્યારે તે દીકરીઓ મોટી થાય છે ત્યારે કોઈ વૃદ્ધવરને પોતાના ધોળામાં ધૂળ નાંખનારને વળગાડી રૂપૈયા મેળવી પૈસાપાત્ર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અની મઝાથી પછી બેઠાં બેઠાં ખાય છે અને ઉદ્યોગ કરવાની કશી પણ પરવા ધરતા નથી. ધીમે ધીમે અધર્મથી મેળવેલાં નાણાં થોડા વખતમાં ફના થઈ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

अधर्मोपार्जितंद्रव्यं, पंचवर्षाणि तिष्ठति ॥
प्राप्ते च षष्ठमे वर्षे, समूलेन विनश्यति ॥

તો તે શ્લોકાધારે અધર્મોપાર્જિત નાણાં સ્વયમેવ ષષ્ટ વર્ષ પ્રાપ્ત થતાં વિનાશાલય નિવાસીભૂત થાય છે, તે વખતે અગ્રભૂતસ્થિતિ પુનઃ પોતાને અનિવાર્ય દુઃખ દેવા તત્પર થઈ સ્વપંજાઓનું પ્રદર્શન વારંવાર દેખાડે છે. કેમકે એ પૈસામાં એવો ગુણ છે કે તે લાંબો વખત પહોંચતો નથી અને કન્યાવિક્રયીઓ અંતે ભીખારીના ભીખારી રહે છે.

## आज परणीने सासरे आवी अने काले विधवा. केवो त्रास ! !

કન્યાવિક્રય કરનારની ગરીબ સ્થિતિ હોવાથી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઉપરા ઉપરી દુષ્કાળો પડવાથી તેઓ હાલ એવા બેહાલ થઇ ગયા છે કે તેનું વર્ણન કરતાં ત્રાસ છુટે છે. કાઠીયાવાડમાં ઘણાખરા ઉત્તમ પુરૂષો કુળવંતો ભીખારી થતાં પણ કન્યાવિક્રય કરતા નથી પણ કેટલાકના લીધે આખું કાઠીયાવાડ ગણાય છે.

ભીખારી બનેલા ગરીબ કાઠીયાવાડી જૈનોથી મહેનત મજૂરી બનતી નથી એટલે છેવટ મહાજનના ધરમાદાના દાણા ખાવાનો વખત આવ્યો છે; એટલુજ નહિ પણ કેટલાંક કુટુંબો ધરમાદા દાણા ખાય છે. અફસોસ! અફસોસ! અરેરે! જૈનોની આવી સ્થિતિ! અરેરે! આવી અધમાવસ્થા! શું જૈનોને આ થોડું શરમાવનારૂં છે!

જે જૈનો અનેક દુઃખ સંકટોમાં આવી પડયા છતાં લાંબો હાથ કરી માગતા નહોતા, અને જે જૈનોના પૂર્વજો કરોડાધિપતિ દાનેશ્વરી ધર્મના

2

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તંભ હતા તે જૈનોની દીન વચનથી બીજાની આગળ માગણી થાય એ શું ઓછી શરમની વાત છે ? સ્વહસ્તકૃતકન્યાવિક્રયોદ્ભવપાપથી પોતાની પુંજી પરવારતાં કર પ્રસારી દીન વાણી વદી અન્યાશ્રયી બનતાં વારંવાર માગે છે, તે આપણે જોઇએ છીએ. અરે! કેવી તેઓની અકર્તવ્યતા ! ! અવિચારી કર્મને કરતાં શરમાતા નથી. હજુ કોઇ ચેતતું નથી અને એ અકરણીય રીવાજને અટકાવવા યત્ન કરતા નથી, તેમ મુખોદ્‌ભવ મિષ્ટમધુરશબ્દોચ્ચારણથી પણ શિક્ષા કરતા નથી (સખેદ) આહા ! શું ! જૈનબંધુઓ ! ! તમારી અવિચારતા, ને અકર્તવ્યતા.

એક જુવાન પુરૂષ લખે છે કે હાલ કાઠીયાવાડમાં દશેક કન્યાઓ એવી મેં જોઇ છે કે જે આજ પરણીને સાસરે આવી અને કાલે વિધવા. પૈસાને લોભે ઘરડા બુઢ્ઢાને દીકરી પરણાવે પણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો કે પાકું પાન ક્યાં સુધી ઝાડ ઉપર રહે ? અરે જૈનો ! આથી પણ વધારે તમારી ખરાબ અવસ્થા થશે અને જૈનોની સંખ્યા પણ પ્રતિદિન જો આવો રિવાજ કાયમ રહેશે તો ઘટી જશે.

## कन्याविक्रयने लीधे बीजो एक वधू जूलम.

કન્યાવિક્રયનેલીધે બીજો એક વધુ જૂલમ વધી પડયો છે, તે એ કે–કાઠીયાવાડમાં મોટી મોટી કન્યાઓ કરી તે વેચવાના વેપારને લીધે ગુજરાતના કેટલાક વાણીઆઓ તે કન્યાઓને બબે હજારે ત્રણ ત્રણ હજારે ખરીદ કરે છે અને દક્ષિણમાં વસતા વાણીઆ પણ કાઠીયાવાડી જુવાન બાળાઓના બાપને રૂપૈયાની કોથળીઓ આપી લેઇ જાય છે. ગુજરાતમાં એ ઝેરી હવારૂપ કુટેવે પ્રવેશ કર્યો છે. ગુજરાતમાં જેને કન્યા મળે નહિ તે કાઠિયાવાડમાંથી રૂપૈયાની કોથળીઓ ઠલવી રૂપવંતી મનમાની પરખીને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કન્યાઓને લઇ આવે છે. જુઓ સુરત, અમદાવાદ, પાટણ, મેહેસાણા, વિજાપુર, પાદરા, આદિ સ્થળે કાઠીયાવાડની ઘણી કન્યાઓ આવેલી છે તે શું થેલીઓ ઠાલવ્યા વિના આવી હશે ? અને તે કન્યાઓના માબાપની કેવી સ્થિતિ હશે ? તે ઉપર વિચાર કરો. આ પ્રમાણે કન્યાનો ઘટાડો કાઠીયાડમાંથી થવાથી કાઠીયાવાડના જુવાન ગરીબ છોકરાઓ આવા કારણથી નિર્વિવાહિત અલલનાન્વિત પુખ્ત ઉમર પ્રાપ્ત થતાં વર્ષાઋતૂદ્ભવનવીનતૃણઅસ્વાદિત ગવાદિ ચતુષ્પદોની માફક નૂતન નૂતન નારી રસિકો અવનીતલમાં તેઓ, સ્ત્રી ન મળવાને લીધે મતિભ્રમિત થઇ ભટકયા કરે છે, અને નીચકામો કર્યાથી તેઓ પાયમાલીની સ્થિતિ ઉપર આવી જાય છે તેમાં સૌરાષ્ટ્રની કન્યાવિક્રયીઓની નિર્દયતા ને અવિચારતા છે. અન્ય કંઇ પણ નહિ. અહા આ શું ! અજ્ઞાનાંધકારનો ફેલાવો. વિદ્વજ્જન મન મુંઝાવનારો, અપાર દુઃખ દેનારો તે કુઆચાર છે. આવા કાર-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુથી ઘણા જુવાનો કુંવારા ( વાંઢા ) રહી ભ્રષ્ટ થાય છે. તેઓ જુવાનીની ભર અવસ્થામાં અન્યવર્ણની સ્ત્રીઓને લઇ ભાગી જાય છે અને વ્યભિચારી બને છે. તેઓને બે ત્રણુહજાર રૂપૈયા આપવાની શક્તિ નહિ હોવાને લીધે કન્યા કોણુ આપે? અને આવા કારણુથી અન્યની કન્યાઓ પરણી સ્વજાતિથી પણુ ભ્રષ્ટ થાય છે. કેટલાક પૈસા મેળવી પરણુવા માટે ઘાંચી મોચી કે કોળીની છોકરીઓ લેઇ ગુજરાત કે બીજા દેશોમાં પોતે તેનાં માબાપ બની વાણીઆમાં પરણાવી આપે છે, અને જ્ઞાતિને ભ્રષ્ટ કરે છે. એક જુવાન પુરૂષ લખે છે કે, "હાલમાં મેં તેવા કેટલાક કેસોનો અનુભવ કર્યો છે અને તેઓના ભવાડા થતાં નજરે જોયા છે છતાં તેઓ નાતમાં રહેવા પામે છે. કહો જૈનોમાં કેટલું બધું અંધારૂં! "કહેવત છે કે સોનું કટાય નહિ અને વાણિયા વટલાય નહિ." કાઠીયાવાડના તમામ જૈનો આમ કરતા નથી પણુ કેટલાક અધમ જૈનોજ એમ કરે છે."

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कन्याविक्रय करवानुं शुं कारण ?

ઉદ્યોગ કરી શકાય નહિ. ઘેર બેઠાં બેઠાં પૈસાદાર બનવાના હવાઇ વિચારોથી આ દશા થાય છે તથા તીર્થંકર ભગવાન્‌નાં રચેલાં શાસ્ત્રો વાંચ્યા તથા સાંભળ્યા વિના આવી દુર્દશા થાય છે. તથા વળી પરદેશમાં રળવા જવું એ તો પરભવમાં પણ કેમ બને ? એવા વિચારોથી ઘેર બેશી ગડમથલ કરી બૂરી ઇચ્છાઓને ભ્હેકાવી મૂકવાથી તાલપૂટવિષ સમાન કન્યાવિક્રય કરવાની બુદ્ધિ થાય છે. શ્રાવક નામ ધરાવી પરદેશ જવું એ શું સારૂં કહેવાય ? " હોલ્લાં કુસ્તી કરે અને ભૂત ભૂસ્કા મારે " તેમ થતાં પણ શું બીજાની નોકરી કરી શકાય ! ઉંઘના સ્વપ્નામાં પૈસાદાર બની ઘર સંસાર ચલાવવો એજ જાણે મનુષ્યનું કર્તવ્ય હોય નહીં એમ કન્યા-વિક્રયીઓની મનોવૃત્તિ કબૂલ કરે છે. આહા હા ! કન્યાવિક્રયીઓને પરભવનો ભયતો ક્યાંથીજ હશે !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## आ कन्याविक्रय उपर एक वात कहेवामां आवे छे.

નયનાનંદદાયક, રાજમાર્ગરાજીત, વિવિધ પ્રતોલિકા હારવિરાજીત, વિશેષ ચિત્રવિચિત્ર ચિત્રામણ પંક્તિ અલંકૃત આશ્રમસ્થાન શોભિત, વાપીકૂપતડાગાદિ રમ્ય જલાસયાન્વિત, સદ્‌ગુણ શોભિત ધાર્મિક ભક્તિત્વ વાત્સલ્યાદિ ગુણગુણાલંકૃત ગુણિજન નિવાસ નિશ્રેયસનગરસમ, જનનમનમુદ્દકારક, એક વસંતપુર નામનું નગર હતું, તેમાં એક વિમલ નામનો ગૃહસ્થ રહેતો હતો તે જાતે વણિક્ હતો. સત્ય જૈનધર્મમાં તેનું લક્ષ્ય હતું અને તેની આબરૂ ગામમાં સારી હતી. પોતે સાફ દીલનો હતો, કોઇનો ઉપકાર કરીને છટતો, ગરીબ લોકોને સારો આશ્રય આપતો અને ધનવાનપણાનું અભિમાન રાખતો નહોતો. દેવની પક્કી શ્રદ્ધા રાખતો હતો, દરરોજ વખતનું ટાઇમટેબલ રાખી એક કલાક સત્યધર્મનાં તથા નીતિનાં પુસ્તકો લક્ષથી વાંચતો. કોઇનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વાસઘાત કરતો નહોતો. ઉત્તમ શિક્ષકો પાસેથી અભ્યાસ કરી સદ્‌ગુરૂ પાસે ધર્મતત્ત્વ પણ સાંભળતો હતો. તેને વૃદ્ધાવસ્થાએ એક પુત્ર થયો તેનું નામ ધર્મચંદ રાખ્યું હતું, ધર્મચંદ નાની ઉમરનો હતો, પૈસાદારનો પુત્ર, વળી વ્હાલામાં વ્હાલો તેથી શાળામાં અભ્યાસ કરવાનું તો તેને કયાંથી બને ? મોટી ઉમરે પિતાએ નિશાળે મૂકયો, નિશાળમાં ધર્મચંદને બેસી રહેવું ઝેર જેવું લાગતું, વારંવાર મનમાં ચિંતવે કે હવે કયારે માસ્તર છૂટી આપશે, બચ્યું જરા પણ રમત નહિ, નિશાળેથી છૂટવાનો જયારે ઘંટ વાગતો ત્યારે તેના મનમાં ઘણો હર્ષ થતો અને નિશાળે આવવું હોય ત્યારે જાણે યમદ્વારગમન જવું હોયની ! એમ તેને લાગતું, તેમ છતાં મારી કૂટી તેનાં માબાપ તેને ભણવા મોકલતાં. નિશાળમાં કેટલોએક અભ્યાસ કર્યો.

## धर्मचंदनुं लक्ष.

ધર્મચંદ ઘણો વખત બીડીઓ પીવામાં ગાળતો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરતાં ફરતાં બીડી, વાતના તડાકા ભડાકામાં બીડી, જાજરૂમાં બીડી, ખાતાં બીડી, ગાદી ઉપર બેસીને પણ બીડી, એવી તેને બીડી પીવાની ખરાબ ટેવ પડી હતી, તેને કુમિત્રોની સોબત થઈ હતી, તેઓ તેને કુટેવોમાં દોરવા લાગ્યા. ભાઈ સાહેબનો મિજાજ પણ અધમ વૃત્તિનો થવા લાગ્યો, માતાપિતાની શિખામણ શ્રવણ કરતાં છણકારા ભણકારા કરવા લાગ્યો. કોઈ કહે કે ધર્મચંદ તમો બીડી કેમ વધારે પુંકો છો, ત્યારે તેને જવાબના ઉત્તરમાં મુખ મચકોડી તોબરા જેવું કરી કહેતો કે " બેસ બેસ ચબાવલા ! તારૂં ડહાપણ જોયું, ડહાપણના દરિયા બેસ બેસ !! " એમ કહેતો ત્યારે સામો કહેનાર ધણી " કહેતો કે આપ શેઠીઆના પુત્ર છો, માટે માફ કરો " એમ વિનયથી કહેતો, ધર્મચંદ બીજા છોકરાઓ સાથે કજીયો કરવામાં બાકી રાખતો નહોતો. ઠઠ્ઠા મશ્કરી તો તેને સોપારીના કડકા જેવીજ થઈ. ભાંગ ગાંજો તો તેને પ્યારા લાગતાં, તેના કુમિત્રો તેને વ્યભિચારની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટેવમાં ફસાવવવા લાગ્યા, જૂગટું પણ રમતાં શિખ્યો, ઘણા લોકો કહેવા લાગ્યા કે, વિમળશેઠની પાછળ અંધારૂં ઘોર વળ્યું. શેઠને પોતાના પુત્ર વિષે વિશેષ કાળજી ન્હોતી અને તેને સુધારવા લક્ષ પણ આપતા નહોતા, તો પણ તેની ખરાબ વર્તણુકથી અંતરમાં દાઝતા હતા. એક દિવસ તેના કુમિત્રોની ટોળી શેઠ પરગામ ગયેલા હતા તે લાગ જોઇ ધર્મચંદની હવેલીમાં આવી. ધર્મચંદ પોતાની મંડળી સાથે ઠંડા પહોરના ગપ્પાં સપ્પાં મારવા બેઠો. પરસ્પર એક બીજાની મશ્કરી કરી હસે છે, એવામાં એક ફાટાંતુટયાં લુગડાં પહેરી એક ગરીબ ડોસી પોતાના નાના બચ્ચાને કેડમાં બેસાડી ત્યાં આવી ઉભી અને કરગરી આજીજી કરી માગવા લાગી. તેના સામું કોણ જુએ ?

## તવંગરોને ગરીબની શી દયા.

પેલી બિચારી ડોસી બે હાથ જોડી પોતાનું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ ગાવા લાગી, પણ ભાઇ સાહેબે તેની વાત ધ્યાનમાં લીધી નહીં અને સિપાઇ પાસે ધક્કા મરાવી કાઢી મૂકી. સારી આશાએ આવેલી ડોશીને ધકકો વાગતાં તે ત્રણચાર ગોથાં પણ ખાઇ ગઇ અને બોલી કે,—' દુઃખીયાની દયા કોને હોય? " ખરાબ આશિષ આપી ડોશી અશ્રુધારા વરસાવી ચાલી ગઇ. ધર્મચંદે વિવિધ મેવા તથા પકવાન્ન મંગાવ્યાં અને વાતોના તડાકા મારતાં આરોગ્યા, પણ તેને ડોશીની દયા કયાંથી આવે? પરભવમાં દાનવ્રત નિયમ કરવાથી મનુષ્યાવતાર પ્રાપ્ત થાય છે. તેને મોજીલો, શોખીલો, શેઠીઆનો પુત્ર શી રીતે જાણે?

## હવે શું થયું !

મિષ્ટાન આરોગ્યાબાદ બીડીઓનાં બણગાંનો વારો આવ્યો. ધર્મચંદ બીડી ફૂંકતો ફૂંકતો ગાદી ઉપર બેઠેલો છે, એટલામાં એક તણખો ગાદી ઉપર પડયો, તેનું કોઇને ભાન રહ્યું નહીં, અગ્નિનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તણુખો પ્રજળવા લાગ્યો, મિત્રો ઉઠી સૌ સોના ઠેકાણે ગયા. ધર્મચંદ, ચાકરના બોલાવાથી ઘેર જમવા ગયો. હવે હવેલીમાંથી ધૂમાડો નિકળવા લાગ્યો, તેની સાથે જાણે ધર્મચંદનો પણ ધૂમાડો નિકળતો ના હોય તેમ ભાસ્યું, પાસે રહેનારા લોકોએ આ ખબર ધર્મચંદને આપી. તે બોલ્યો કે,— "અધાડીના ગાંડા માણસો જુવોને કંઈ બાકી રાખે છે, જા! ! જા ! ! સાળા તારી હવેલી સળગે, એમ બોલવા લાગ્યો, કહ્યું છે કેઃ—

उपदेशोहि मूर्खाणां, प्रकोपाय न शांतये ॥

મૂર્ખાઓને હિતકર વચન કહેવું તે ઉલટું ક્રોધને માટે થાય છે પણ શાંતિને માટે થતું નથી.

ધૂમાડાના ગોટેગોટ નિકળવા લાગ્યા. લોકો આગ લાગી, આગ લાગી, એમ બૂમો પાડવા લાગ્યા. ધર્મચંદ ની માતાએ આ વાત સાંભળી તેણે બૂમ પાડવાથી આડોશી પાડોશી આગ ઓલવવા દોડી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયાં. ધર્મચંદને તેની મા કહેવા લાગી કે, અરે ! દીકરા ગજબ થયો. દોડદોડ હવેલી સળગી ઉઠી. ભાઈસાહેબ ઉઠી મનમાં બડબડવા લાગ્યા. સાળી રાંડની હવેલી વળી સળગી. સળગી ગઇ તો ગઇ. સરકારી બંબા આવી પહોંચ્યા પણ આખરે આખી હવેલી ખાખમાખ થઇ ગઇ. દર દાગીના બચી ગયા. પાપનો ઘડો ફૂટયો. '

શેઠ ઘેર આવ્યા. હવેલી બળતી દેખી શોકાતુર થયા. શેઠે ધર્મચંદને બોલાવી પૂછયું. દીકરા ! આપણી હવેલી કેમ બળી ?

ધર્મચંદ–હું તો કાંઇ તેવિષે જાણતો નથી.

શેઠ–બળ્યા પહેલાં તું તે હવેલીમાં ગયો હતો કે ?

પુત્ર– હા બાપા,

શેઠ–કેમ તું એકલો હતો કે બીજું કોઇ હતું ?

પુત્ર–મમમ મારા મિત્રો. ભેભેભે ભેગા હતા.

શેઠ–ત્યાં બેશી રાંડનાઓ શું કરતા હતા ?

ધર્મચંદ–બેઠાબેઠા વાતો કરતા હતા.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શેઠ**–બીડી ફીડી પીધી હતી કે ?

**ધર્મચંદ**–અચકાતાં બ્હીતાં પી પી પીધી હતી.

શેઠે જાણ્યુ કે નક્કી બીડી પીતાં અગ્નિના તણખાથી હવેલી બળી એમ નિશ્ચય કર્યો. શેઠે ધર્મચંદને બહુ શિક્ષા કરી અને ધમકી આપી પણ કોને અસર થાય! ! કુતરાની પૂછડી વાંકી ને વાંકી. તેના મિત્ર વાતો કરવા લાગ્યા. અલ્યા બાપાલાલ, ધર્માની હવેલી બળી ગઇ તેં જાણ્યું કે ? બાપાલાલ કહેવા લાગ્યો કે વાગ્યું તેનું બાબરૂ ભાગ્યું—બળી તેની ટળી, તેમાં આપણું શું ગયું ! ! હાશ તે પણ હવે આપણા જેવો બાખી બાવો થયો. કેટલાક દિવસ પછી ધર્મચંદ મિત્રોને જઇ મળ્યો. તેના મિત્રોએ પૂછયું કે અલ્યા હવેલી બળી ગઇ કે શું ? ધર્મચંદે કહ્યું. હા બળી ગઇ. મિત્રોએ કહ્યું. ગઇ સો ગઇ. મિત્રોએ ધર્મચંદને કહ્યું. ચાલ ચાલ, આજ તો ગામની બહાર રોફ મારવા જઇએ. સર્વ મિત્રો સાથે મળી ચાલવા લાગ્યા. કહ્યું છે કેઃ—

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्लोक.

**काव्यशास्त्रविनोदेन, कालो गच्छति धीमताम् ॥**
**व्यसनेन च मूर्खाणां, निद्रया कलहेन वा ॥१॥**

ભાવર્થ:—વિદ્વાનોનો સમય, શાસ્ત્ર વિનોદથી જાય છે, ને મૂર્ખાઓનો સમય વ્યસનથી જાય છે. તે શ્લોકાધારે ખરૂંજ છે. માટે મૂર્ખપણું એ બહુજ દુઃખનું દ્વાર છે. મૂર્ખની મિત્રતા દુઃખનો દરિયો છે, માટે કોઇ દિવસ મૂર્ખની મિત્રતા કરવી ઉચિત નથી.

મિત્રો વિચારો, આવા કુમિત્રોની સોબતમાં જરા માત્ર સુખ પ્રાપ્ત થતું નથી. ઉપરોક્ત કુમિત્રો કોઇક દુકાનેથી પાનની બીડીઓ કરાવી તથા ફૂંકવાની બીડીઓ ફૂંકતા ફૂંકતા માતેલા સાંઢની પેઠે ફરવા લાગ્યા, એટલામાં એક ગાય વચમાં બેઠી હતી તેને ધર્માએ કહ્યું, સાળી વચમાં બેઠી છે, બેઠી બેઠી વાગોળે છે, એમ કહી જોસભેર સોટી મારી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## वांदराओमां अने मूर्खाओमां शो फेर ?

ગાય ઉઠી ચાલી ગઇ, ભાઈ સાહેબ આગળ ચાલ્યા. શું યુવાવસ્થાનો તોર !! અઘોરપાપનો આશ્રયી જુઓ, જુવાન અવસ્થાને વળી તેમાં ધનવાન્ હોય, કોઇ ટોકનાર ના હોય, અને વળી કુમિત્રોની સોબત હોય, તથા ઓછામાં પૂરૂં મૂર્ખપણું હોય ત્યારે વાંદરાઓ અને તેવા મનુષ્યોમાં પૂંછડા વિના શો વિશેષફેર માલૂમ પડી શકે ?

મિત્રોની ટોળી આગળ ચાલી. કોઈ શિક્ષકનો પુત્ર દુકાને બેઠો બેઠો અભ્યાસ કરે છે તેને દેખી ચંડાળ ચોકડી કહેવા લાગી, અલ્યા બાપાલાલ જોયું કે ? આ વેદીયું ઢોર કેવું બરાડા પાડે છે. ત્યારે વળી તેમાંથી એક બોલી ઉઠયો—

पढतव्यं सोपि मर्तव्यं, अपढतव्यं सोपि मर्तव्यं,
तदा हंत कटाकुट किं कर्तव्यं.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मूर्खाओना विचार.

( સખેદ ) અરે ! શું તેઓની પશુ સમાન જીવનતા ! ! ! અન્યની મશ્કરી કરવી, વિકારનાં અસભ્યનિર્લજ ગપ્પાં મારવાં, કંઇપણ પ્રયોજન વિના હસવું, અનુદ્યોગે મૂર્ખ મિત્રોનું જીહ્વોદ્ભવ મધુર રસાસ્વાદનપણું, વિદ્યોપાર્જનતામાં નિર્વીર્યતા એ આદિ અકથનીયકારણોથી પોતાની જીંદગીનું નિષ્ફલ ગુજારવાપણું ઇત્યાદિ, તેઓના અનીતિપંથાનુગામી વિચારોના ભાષણથી ખેદ છે કે તેવાઓથી પૃથ્વી અતિભારે નમિત છે. મૂર્ખાઓના વિચાર પણ અજ્ઞાનથી ભરેલા હોયછે, તેઓની જીંદગી બીજાની મશ્કરી કરવી, નકામાં ગપ્પાં મારવાં, હરવું ફરવું, બાગસાઇઓ ઉડાવવી, ભણવાથી કાયરપણું આદિથી ખરાબ છે. મૂર્ખાઓને સારા માણસનો સંગ ગમતો નથી. પ્રભુની પૂજા કરવી, ગુરૂને નમન કરવું, તેતો ઝેરના સરખું તેઓને ભાસે છે. હવે કુમિત્રોની ટોળી



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ધર્મચંદ ગામની બહાર આવ્યો. બાગમાં પ્રવેશ કર્યો, આડું અવળું ફરવા લાગ્યો. એક ઠેકાણે ફરવા લાગ્યા, ત્યાં એક વીરચંદ નામનો જુવાન છોકરો આવ્યો, તેનો ચ્હેરો ખૂબસુરત હતો, તેના મુખ ઉપર તેજી હતી, તે પણ ટોળી પાસે આવ્યો, તેની પાસે એક પુસ્તક હતું, ટોળીના મિત્રોએ આવકાર આપવાથી તે પણ બેઠો. પરસ્પર વાતોના તડાકા ઉડાવવા લાગ્યા.

બાપાલાલ—કેમ કેશવલાલ ! લોકો ખરૂં સુખ શેમાં માનતા હશે ?

કેશવલાલ—જેને જે વસ્તુ રૂચિ, તેને તેમાં સુખ ભાસે છે.

બાપાલાલ—મને તો સારૂં સારૂં ખાવું, રોફ મારવો અને ગમત ઉડાવવી તેમાં આનંદ લાગે છે.

એવામાં પેલો પુસ્તક લઇને આવેલો છોકરો વીરચંદ બોલી ઉઠયો. મારા બંધુઓ ! ખરૂં સુખ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો હિંસા, ચોરી, વ્યભિચારનો ત્યાગ કરી સારાં સારાં ધર્મનાં પુસ્તકો વાંચવાથી થાય છે. આપણાથી બનતો ઉપકાર બીજાને કરવો, ગરીબોનું દુઃખ ટાળવું એમાં સુખ સમાયેલું છે.

ધર્મચંદ બોલી ઉઠયો—બેશ, બેશ, ભણેશરીના બેટા ! તારૂં ડહાપણ જોયું. થોથાં પોથાંમાં સુખ ભર્યાં હશે ? ખાવું પીવું, અને ઘોડાગાડીમાં ફરવું, હરવું, રોફ મારવો તે કેટલું સુખ કહેવાય ? થોથાં પોથાં વાંચી મગજ ખાલી કરવું એમાં સુખ શું ?

વીરચંદ—શેઠના પુત્ર ! આવા તમારા ગાંડાઇના વિચારો પંડિતજન કબૂલ કરશે નહિ, દુનિયામાં મનુષ્ય જન્મ પામવો એ કંઈ પુણ્યવિના બનતું નથી, અને પુણ્ય તો ધર્મકર્મ; પરોપકાર, કર્યા વિના બનતું નથી. આમ રોફ મારવામાં શું સુખ છે ? કંઇ દેખાતું નથી. ગરીબોને સુખી કરવામાં, ધર્મી પુરૂષોને સાહાય્ય આપવામાં, મુનિરાજોની સેવા, આજ્ઞા પાળવામાં ખરૂં સુખ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાએલું છે. ધર્મચંદની ટોળીવાળાઓએ આને હસી કાઢયો, પણ આ છોકરો કંઇ પોતાના સદ્વિચારથી પાછો પડે તેવો નહોતો. તેણે વિચાર્યું કે આવા મૂર્ખોઓની સંગતિથી શો ફાયદો થઇ શકે ? यतः—

वरं पर्वतदुर्गेषु, भ्रांतं वनचरैः सह ॥
न मूर्खजनसंपर्कः कल्पकोटीशतैरपि ॥१॥

ભાવર્થઃ—પર્વતોમાં, જંગલોમાં વનચરોની સાથે ભ્રમણ કરવું સારૂં, પણ મૂર્ખ માણસની સંગતિ કોટિ કલ્પ શતકોવડે પણ બિલકુલ સારી નથી. કહ્યું છે કેઃ—

पंडितोपि वरं शत्रुः, न मूर्खो हितकारकः ॥
वानरेण हतो राजा, विप्रश्चौरेण रक्षितः ॥१॥

ભાવાર્થ—પંડિત પણ શત્રુ સારો પણ મૂર્ખ મિત્ર સારો નહિ. વાનરથી હણાતા એવા રાજાનું બ્રાહ્મણ એવા ચૌરે રક્ષણ કર્યું, માટે મૂર્ખાઓની સંગતિ ત્યાગ કરવા યોગ્ય છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્ખાઓ પોતાના ખોટા વિચારોને પણ સત્ય માને છે પોતાના મનમાં આવ્યું તે ખરૂં. તે વિના બીજું સર્વ ખોટું એમ મૂર્ખાઓ માની લે છે.

હવે બાગમાં મિત્ર મંડળ ફરવા લાગ્યું. ચાલતાં ચાલતાં એક ફોજદારની સ્ત્રીની મશ્કરી કરી. આ વાતની ફોજદારને ખબર પડતાં તે મિત્રમંડળને સિપાઇ પાસે પકડાવ્યું. પોલીસે આઘા પાછા કરી ખૂબ ગડદમપાક આપ્યો. છેવટે વિમળશેઠને આ વાતની ખબર પડી તેથી તે ફોજદારની પાસે ગયો અને આજીજી કરી દીકરાને છોડાવી ઘેર લાવ્યો. ધર્મચંદની ખરાબ ટેવથી તેના પિતાના મનની બહુ લાગણી દુઃખાતી હતી, પણ શું કરે. મોટી ઉમર થતાં પુત્રની સાથે મિત્રપણાથી બોધ કરી શકાય છે. શાસ્ત્રાધાર સત્ય છે કેઃ—મોટી ઉમર થતાં જે ટેવો પડે છે તે સુધરવી મુશ્કેલ પડે છે. કહેવત છે કેઃ

लालयेत् पंचवर्षाणि, दशवर्षाणि ताडयेत् ॥
प्राप्ते च षोडशाब्देतु, पुत्रं मित्रमिवाचरेत् ॥१॥

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેથી પડેલી કુટેવોને સુધારાવા માટે સારા મિત્રોની મિત્રાચારી રાખવી પડેછે,તેજ આધારે नानां झाड अने कुमळांबालक जेम वाळीए तेम वळे छे.

જેણે પોતાનાં છોકરાંને બહુ ગુણી કરવાં હોય તેણે તે છોકરાંની વર્તણુક ઉપર બહુજ લક્ષ આપવું, તેમની કુટેવો તરફ દષ્ટિ દેવી અને મધુર વાણીથી શીખામણ આપી કુટેવોમાંથી તેઓને છોડવવાં, ઘણાં ખરાં છોકરાં વ્હાલના લીધે પોતાનાં માબાપને ગાળો આપેછે, તોફાન કરે છે, તોપણ તે માબાપ, છોકરાંને શિખામણ આપતાં નથી,અગર શિક્ષા પણ કરતાં નથી.

વળી કેટલાંક માબાપ તો એવાં હોયછે કે—છોકરાં પાસે પરસ્પર એક બીજાને ગાળો દેવરાવે છે, પોતાની મા છોકરાને લાડમાં કહે કે બણુડા !! તારા બાપને તું કુતરો કહે એટલે છોકરો બાપને કુતરો કહે છે. તેના પિતા કહે કે તારી બાને રાંડ એમ કહે, ત્યારે છોકરો સ્વમાને રાંડ કહીને બોલાવેછે એટલે તેનો બાપ ખુશી થાયછે.વળી તેની મા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોકરાના હાથમાં લાકડી આપીને કહે કે જા—તારા બાપાને એક લાકડી ઠોક.ત્યારે તે અણુસમજમાં ઠોકે છે, તેમ તેના બાપના કહેવાથી તેની માને ઠોકે છે. નાનપણમાંથી દુષ્ટ મહામંત્ર છોકરાઓને ભણાવાથી વૃદ્ધાવસ્થામાં તે જ છોકરાં માતા પિતાને લાકડીઓ મારે તેમાં શું નવાઈ ? આટલાથીજ નહિ પણ કેટલાક તો અસભ્યગાળોનાં વચનો, વાણી શીખવવાના પ્રારંભમાં મંગળતરીકે શિખવતા હોય એમ ભાસે છે. પણ તેજ ગાળો પાછી છોકરાં માબાપને ભેટ તરીકે ત્રણ ચાર ગણી વધારીને આપે છે.

સારા સારા શબ્દો બોલતાં શીખવવા એજ માબાપની ફરજ છે. જે છોકરાઓ નઠારા હોય તેની સંગતિ પોતાનાં છોકરાંને કરવા દેવી નહિ. પોતાનાં છોકરાંને કાયદાસર શિખામણ આપ્યાથી જેટલી અસર થાય છે તેટલી અસર, મારવા કૂટવાથી થતી નથી. નાનપણમાંથીજ છોકરાંને પોતે મુખે ચઢાવીએ અને જ્યારે તેને પરણાવીએ ત્યારે સ્રીના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરમાવાથી માબાપને લઢે વઢે, કજીઆ કરે ત્યારે માબાપ, શોક કરે છે કે આ છોકરો જણતાં પત્થરો જણ્યો હોત તો સારૂં. એમ બોલે છે, રૂદન કરે છે, તેથી શું કંઇ ફાયદો થઇ શકે ? ના કંઇ પણ થાય નહિ.

માબાપ પોતે કજિયો કંકાસ કરેછે તો તેને દેખી છોકરાં કજીઆ કંકાસ કરતાં શીખે છે. માબાપ જો આડોશી પાડોશી સાથે હળીમળીને ચાલે તો છોકરાં પણ તેવા સ્વભાવનાં થાય છે. મતલબ કે સૌની સાથે હળીમળીને ચાલવા શિખે છે. નિર્દયીનાં છોકરાં પ્રાયઃ નિર્દયી થાય છે, તેનું કારણ એજ છે; માટે માબાપે પોતે સદ્વર્તણુંકથી વર્તી છોકરાંની વર્તણુંક ઉપર લક્ષ આપવું. કહ્યું છે કેઃ—

माता शत्रुः पिता वैरी, येन बालो न पाठितः॥
न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा॥ १ ॥

જે માબાપો પોતાનાં છોકરાંને ભણાવતાં નથી, ઉત્તમ પ્રકારની કેળવણી આપતાં નથી. તે માબાપને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનાં (તેમનાં) છોકરાનાં શત્રુ તરીકે ગણુવાં, ( જાણુવાં ). બાલ્યાવસ્થામાં છોકરાંની અણુસમજ વિશેષ રહે છે, પોતાના હિતની તેમને માલૂમ પડતી નથી, એ છોકરાનું કેવી રીતે હિત થાય તે માબાપ જાણી શકે છે. જ્યારે આપણે એક આંબાના ઝાડને ઉછેરવામાં અત્યંત સંભાળ રાખીએ છીએ ત્યારે છોકરાંને ગુણોની પુષ્ટિ આપવા લક્ષ રાખીએ નહિ તો તેના વૈરી કેમ ના બનીએ. આપણી પાઘડી, આપણું અંગરખું ધોબી પાસે ધોવરાવી સાફ કેવું રાખીએ છીએ અને તેને ડાઘ લાગે નહિ તેને માટે કેટલી બધી કાળજી રાખીએ છીએ,ત્યારે લૂગડાં અને પાઘડીથકી પણુ અધિક પ્રાણુથકી પ્યારાં એવાં છોકરાંને કેળવવા કાંઇ પણુ દરકાર રાખીએ નહિ. તે શું ઓછું અજ્ઞાન !!! સ્ત્રીઓ પોતાના શિરોરૂહ ( વાળ ) ઓળવામાં, તથા તેને સાફ રાખવામાં જેટલી કાળજી રાખે છે તેટલી કાળજી પોતાની છોકરીની વાણી મીઠી કરવામાં તથા તેને ઘરનાં કામકાજ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિખવામાં, કેળવણી આપવામાં, ન્યાયનીતિથી ચલાવવામાં, જો સંભાળ રાખે તો તે દીકરી માબાપને કેટલી આશિષ આપે ? અને જ્યારે ભણ્યા ગણ્યા વિના મોટી ઓતડા જેવી થાય અને કંઇપણ ઘરનાં બરાબર કામકાજ આવડે નહિ ત્યારે તે કેવી આશિષ આપે તેનો મિત્રો વિચાર કરો !! મૂર્ખ છોકરો અનીતિથી ચાલેછે તેમાં માબાપને દોષ છે અને તેનાં માબાપ શત્રુ છે એમ જાણવું.

## ઘરેણાં વધે કે ગુણ વધે.

પોતાનાં પ્રાણપ્રિય વ્હાલાં છોકરાંને સારા સારા દાગીના પહેરાવી રમાડવાં, ફુલાવવાં, એમાંજ કેટલાંક માબાપ પોતાનું કર્તવ્ય માને છે; પણ તેના કરતાં છોકરાંને નિશાળે ભણવા મોકલવાં, તેમને સ્વચ્છ વસ્ત્ર પહેરાવવાં, તેમનું શરીર નિરોગી અને બળવાન્ રહે તેવા ખોરાક ખાવા આપવા, વિનયગુણ શિખવવો, સભ્ય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચન બોલતાં શીખવવાં, ધાર્મિક અભ્યાસ કરાવવો, સત્ય ધર્મનું સ્વરૂપ ઓળખાવવું, ગુરૂવંદન કરાવવું. કેટલાક બાલકો,ઇંગ્લીશ ભાષાથી કંઇક ફાંકો રાખનાર ગુરૂવંદનમાં સમજતા નથી, સત્ય વચન બોલાવવાની ટેવ પાડવી, પરોપકાર કરતાં શીખવવું, સંસારમાં સર્વ જીવો આપણા સમાન છે, માટે કોઇનું બૂરૂ ચિંતવવું નહિ એમ ભાવના કરાવવી, પોતાને ઘેર આવતાં મનુષ્યોને આવકાર સન્માન દેતાં શીખવવું. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનું સાધન કેમ કરવું તે શીખવવું. સંકટવેળાએ ધૈર્ય ધારણ કરવાનો બોધ કરવો, એજ ગુણોરૂપ ઘરેણાં માતા પિતાઓ, સ્વબાલકોને પહેરાવે છે તો તેથી છોકરાંઓ બહુ શોભી ઉઠે છે. ઘરેણાં પહેરાવવાનો હું નિષેધ કરતો નથી, કિંતુ તેના કરતાં ગુણો રૂપ ઘરેણાં તરફ વધારે લક્ષ આપવું. એ ગુણો રૂપ ઘરેણાં કોઇ ચોરી જશે નહિ, જ્યાં જશે ત્યાં સાથે રહેશે. હવે આગળ શું થયું તે વિચારો. ધર્મચંદ્ર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજી પોતાની કુટેવો છોડી નહિ. તેના પિતાજી વૃદ્ધ થયા હતા, વિમળશેઠે, ધર્માને કોઇ ગૃહસ્થની દીકરી પરણાવી, ત્યારબાદ થોડા વખત પછી શેઠ મૃત્યુ પામ્યા. સર્વ ઘરનો ભાર ધર્મચંદના માથે આવી પડયો. આ ભાઇ સાહેબે બરાબર અભ્યાસ કર્યો નહિ હતો, તેથી તેને બહુદુઃખ ખમવું પડયું. હવે પેલી કુમિત્રની ટોળી વારંવાર ધર્માની પાસે આવીને બેસવા લાગી, ભાઇ સાહેબે ગાડીઘોડા રાખ્યા. દુકાનમાં શું થાય છે, તેની તપાસ કરી નહિ. બે વખત ખાવું, પીવું અને મોજમઝામાં ગુલતાન રહેવું, નાટક જોવું, વેશ્યાઓના ઘેર જવું, એથી તેની લક્ષ્મી ખૂટવા લાગી અને તેનો ભારબોજ પણ હલકો પડયો. તેને કોઇ રૂપૈયા પણ ધીરે નહિ એવી તેની સ્થિતિ થઇ. થોડા વખત પછી તેની માતુશ્રી પણ મરી ગયાં. હવે ધર્મચંદને કોઈ ટોકનાર પણ રહ્યું નહિ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુગારી, વ્યભિચારીમનુષ્યો, નિરૂદ્યમી મનુષ્યો કે જે હાજી હા કરીને પેટ ભરનારાં હતાં તે, ધર્મચંદની સોબત કરવા લાગ્યાં. ધર્મચંદ પણ તેથી પોતાની મોટાઇ સમજવા લાગ્યો. મહીનામાં બે, ત્રણ, ચાર ઉજાણીઓ ખરી ખરી ને ખરીજ. કોઇ વૃદ્ધ સગાં વહાલાં ધર્માને કહે કે અરે ભાઇ ! તું ખરાબ મિત્રોની સોબત કરી પૈસા ઉડાવે છે તે બરાબર નથી.

ત્યારે ધર્મચંદ રીસથી બોલતો કે ચલ ચલ ડોસા, લવ લવ શું કરે છે. તારા ઘરનો તું ડાહ્યો, હું કાંઇ તારાં વચન સાંખી રહેનાર નથી, તારા તો પૈસા હું નથી ઉડાવતો કે જેથી આટલું બધું બોલે છે. ભેંશના શીંગડાં ભેંશને ભારે. સાઠે બુદ્ધિ નાઠી. છાનામાના બેશી રહો. વૃદ્ધ વિચારતો કે અરે ! આવા કુપુત્રોથી પિતાની આબરૂ લૂંટાય તેમાં શક નથી. મૂર્ખાઓને હિતકર શબ્દ વચનો, વિષસમાન લાગે છે. એના પિતાએ જો પહેલાંથીજ સારા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસ્તર પાસે તેને કેળવણી અપાવી હોત તે તેનું નામ રાખત. હવે તો નામ બોળશે. કહ્યું છે કે–

कुनृपेनहृतं राज्यं, कुपुत्रेणहृतंकुलं ॥

પેલો વૃદ્ધ ગૃહસ્થ પોતાને ઘેર મૌન ધારણ કરી ગયો, ધર્મચંદના ગુમાસ્તાઓએ દુકાન છોડી રજા લીધી. લેણદારોએ અરજી કરી, માલ જપ્ત કર્યો, ફક્ત રહેવાનું ઘર બાકી રહ્યું. તેની સ્ત્રીને અનુક્રમે બે છોકરીઓ થઈ, તે દશ બાર વરસની થઇ. હવે ઘરનાં વાસણ વેચ્યા વિના ચાલે તેમ નહોતું. પૈસો પરમેશ્વર જેવો થયો, લોકો ઉધારે માલ પણ આપતા નહોતા.

હવે તે સમયમાં શું થયું તે સાંભળો. ધર્મચંદ અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો, દરરોજ તેની સ્ત્રી તેના નામનાં રોદડાં રૂએ, અને કહેવા લાગી કે, તમારા પિતાનું નામ તમે બોળ્યું. આ તમારી વાંકડી મૂછોપર ધૂળ પડી. માતાના પેટે આનાં કરતાં પત્થર આવ્યા હોત તો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારા કે જેથી અનેક પ્રકારના ઉપયોગમાં આવત.

શેઠાણીનાં આવાં વચન સાંભળીને ધર્મોને ઘણો ક્રોધ ચઢયો અને શેઠાણીને ખૂબ ગડદમપાક આપ્યો કે બીજીવાર તે કાંઇ કહી શકે નહિ. શેઠાણી રોતીરો તી કહેવા લાગી કેઃ“ રીસ કરે દેતાં શીખામણ ભાગ્ય દશા પરવારી ” એ કહેવત યાદ રાખજો. મને લાગે છે કે–અન્નને અને દાંતને પણ વેર થવાની થોડીવાર છે. અરેરે! શું થવા બેઠું. પહેલાં કેવી સ્થિતિ હતી અને હવે કેવી સ્થિતિ થઇ અને થશે.

હવે આગળ શું થયું તે સાંભળો.—ધર્મ-ચંદની મોટી છોકરીનું નામ વિમળા હતું અને નાની છોકરીનું નામ કમળા હતું. ધર્મચંદને હવે ખાવામાં જારના રોટલા ભાગ્યમાં આવ્યા, કપડાં પણ ફાટેલાં તુટેલાં પહેરવાં પડયાં, ઘરેણાં દાગીના વેચીખાવા પડ્યા, ગાડી ઘોડા પણ વેચી નાંખ્યા, છોકરીઓ પરણાવવા લાયક થઈ, ઘરમાં સ્ત્રી વારંવાર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટોકયા કરતી કે, સોળ સત્તર વર્ષની છોકરીઓ થઈ, હવે તેનો વિવાહ કરી પરણાવી જોઇએ, નહિ તો આબરૂના કાંકરા થશે. ધર્મો પણ વિચારમાં પડયો, હવે શું કરવું તેનું ભાન રહ્યું નહિ, કોની પાસે રૂપૈયા માગવા તે પણ સૂઝયું નહિ. મેડા ઉપર ચિંતાતુર થયો છતો વિચાર કરે છે.

તે ગામમાં ત્રણ ચાર કન્યાવિક્રયીઓ વસે છે, તેણે આ વાત જાણી. જાણ્યું કે ધર્માની પાસે રૂપૈયા ખૂટયા છે માટે ચાલો તેની પાસે જઇએ. કન્યાવિક્રયીઓ ધર્માને ઘેર આવ્યા, ધર્માની પાસે બેઠા. ધર્માએ પુછયું કેમ આવ્યા.—એમ પૂછવાથી કન્યાવિક્રયીઓએ કહ્યું કે શેઠજી આપની મુલાકાત લેવા આવાગમન થયું છે, બીજું કાંઇ કારણ નથી. કેમ આપની તબીયત તો ઠીક છેને. ધર્માએ કહ્યું કે હા ઠીક છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કન્યાવિક્રયી દલાલો કહેવા લાગ્યા. શેઠજી કેમ આપનો ચહેરો ઉતરી ગયો છે, ઉદાસી દેખાઓછો, આપનાં વસ્ત્ર પણ ફાટલાં તુટલાં છે તેનું શું કારણ છે ? તે સમજાવશો ?

ધર્મચંદ—કંઇ નહિ સહેજ.

ધર્મચંદની સ્ત્રી—અરે વિમળાના બાપ સાંભળો છે કે ! ખાવાનું ખૂટયું છે, શું રાંધું ? કંઈ નથી. છોકરીઓ ભૂખી રૂવે છે.

વિમળા-બાપની પાસે આવીને કહે છે કે; બાપા !! કંઇ આજ પકાવવા અન્ન નથી, મને ભૂખ લાગી છે, એમ બોલી રાગડો તાણી રૂવે છે.

कन्याविक्रयीदलालो—શેઠજી ! આપની સ્ત્રી તથા આ છોકરી એમ શું કહે છે ? આપના દુઃખની વાત અમને કહો તો ઠીક.

ધર્મચંદ—દુઃખની શી વાત કરવી. હવે તો દુઃખને માથે શિંગડાં ઉગવાં બાકી રહ્યાં છે,



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ બોલી ઊંડો નિશ્વાસ મૂકે છે.

कन्याविक्रयी दलालो—શેઠજી ! આપના દીલની વાત અમને ખુલ્લા દીલથી કહો તો અમે કાંઇ સારી બુદ્ધિ આપીશું.

धर्मचंद—ભાઇઓ ! મારે. ખાવાનું પણ દુઃખ પડે છે, અને ઘરમાંથી ધન ખૂટયું છે.

कन्याविक्रय दलालो—શેઠજી ! જો આપની આવી સ્થિતિ છે તો કંઇ વેપાર કરો છો કે નહિ ?

धर्मचंद—કોઇ વેપાર કરવાની સૂઝ પડતી નથી અને આપણને તેમાં ગમ પણ પડતી નથી.

धर्मचंदनी स्त्री—અરે ! સાંભળો છો કે નહિ, હું શું રાંધુ તેનો જવાબ આપો. છોકરીઓ રૂવે છે, પેટમાં ખાડા પડયા છે

कन्याविक्रय दलालो-શેઠ ! લ્યો આ પાંચ રૂપૈયા, ખવાનું કરો અમો આપને શું કરી શકીએ !

धर्मचंद-હાથમાં તે રૂપૈયા લેઇ કમળાને બોલાવી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપે છે. કમળા રૂપૈયા લઇ તેની માતાને આપે છે. માતા સિધું સામાન મંગાવી રસોઇ કરે છે.

कन्याविक्रयी दलालो–શેઠજી ! આપને કેટલી દીકરીઓ છે ?

धर्मो–બે દીકરીઓ છે.

कन्याविं०–કોઇની સાથે વિવાહ કર્યો છે કે નહિ ?

धर्मो–સત્તર અઢાર વર્ષની થઇ પણ હજુ વિવાહ કર્યો નથી. હવે ગમે ત્યાં કરવો પડશે.

कन्या वि०–શેઠજી ? આપને ત્યાં લક્ષ્મીએ પગલાં કર્યાં છે તેને તમે કાઢી મૂકો છો.

धर्मो–હું તો લક્ષ્મીનાં પગલાં દેખતો નથી, દીકરીના પત્થરામાં લક્ષ્મી કાંઇ ભરાણી નથી, મને લાગે છે કે ત્રીજી પણ દીકરી થશે.

कन्यावि० (હસી પડીને) શેઠજી ! આપને પૈસો પેદા કરતાં આવડતો નથી, તેના ભાગ્યે દીકરીઓજ જાણે અવતરી ન હોય એમ હું માનું છું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મો-વળી એને પરણાવવા પૈસા નથી તો વળી લક્ષ્મી કયાંથી ?

कन्यावि० -શેઠજી ! અમારી બુદ્ધિ પ્રમાણે ચાલો તો આપ બેઠા બેઠા ખાઓ; અને લ્હેર બાજી ઉડાઓ એમ અમારૂં તો માનવું છે.

ધર્મો-વ્હાલા મિત્રો!આપે જે ધાર્યો તે ઉપાય મને કહો.

कन्याविक्रय दलालो-દેવીના જેવી શોભનારી રૂપ-રૂપની મણિયો એવી તો તમારી દીકરીઓ છે. તેનાથી અમે તમને લક્ષ્મીવાન્ જાણીએ છીએ. એક એક દીકરીના પાંચ પાંચ હજાર રૂપૈયા મળે કે જેથી પૂર્વના જેવા થાઓ.

ધર્મો-આપણી નાતમાં દીકરીઓ વેચી શકાય કે ? અને નાતના શેઠીઆઓ નાત બહાર મૂકે તો ?

कन्यावि०-તમારે તે બાબતને ભય રાખવો નહીં. ઘણે ઠેકાણે એમ થાય છે. સુધરેલી પ્રજામાં હાલ આપણું કોઇ નામ લઇ શકશે નહિ, કદાપિ શેઠી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઓને માલુમ પડશે તો તેમને લાંચ આપીશું એટલે ચૂપચાં થઇ જશે અને સુખેથી ટાઢા છાંયડે બેઠા બેઠા ખાઇશું.

ધર્મો—આ કામ તમોને સોંપ્યું, જેમ પૈસા વધારે મળે તેમ કરજો, વિશ્વાસઘાત કરશો નહિ.

મિત્રો વિચારો, ધર્મચંદની બુદ્ધિ કેવી બગડી, તેની કેવી ખરાબ હાલત થઇ, માણુસને સંકટ આવવાનું થાય છે ત્યારે વિપરીત બુદ્ધિ ઉપજે છે. યતઃ "बुभुक्षितः किं न करोति पापम्" ભૂખ્યો માણુસ કયું પાપ કરી શકતો નથી? અર્થાત્ સવ પાપ અકાર્યમાં પ્રવૃત્તિ કરે છે.

દેશની પાયમાલ સ્થિતિ આવવાની હોય છે, ત્યારે પરસ્પર નાત જાતમાં કજીયા કલેશ વધે છે. વૈરભાવ ઉત્પન્ન થાય છે. નાતના શેઠીઆઓ લાંચ ખાનારા થાય છે, અગર પ્રમાદી થાય છે. તે લાગ જોઇને જેને જે સૂઝે તે કરી શકે છે. પહેલાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જૈનોના ઘેર રાજ્ય હતું, દોલતમંદ તો જૈન, જૈન અને જૈનજ. અગ્રગણ્ય પણ જૈન સત્યવાદી, પૂર્ણ કલાવાન્ બહાદુર જૈનો હતા, તેને ઠેકાણે હાલ કંઇ દેખાતું નથી.

## साथ गयाने लीसोटा रह्या.

બહાદૂર જૈન રાજાઓ ગયા, તેમની અખૂટ લક્ષ્મી પરદેશીઓ લઈ ગયા, વેપાર પણ જૈનમાંથી ઘટયો, સંપ પણ ઓછો થયો, તેનું કારણ ધર્મશ્રદ્ધાહીનપણું, અજ્ઞાન, બાયલાપણું, અને પ્રમાદીપણું, તથા કુસંપ જ દેખાય છે. તેથી હાલ નાતનાં બંધારણ તુટી ગયાં છે. પરદેશીઓના તાબામાં રહેવું, શરીર શક્તિહીન, નિર્ધનપણું પ્રાપ્ત થયું. હજુ જો જૈનો, કેળવણીથી સુધરશે નહિ, તો કોણ જાણે આગળ શું થશે ?—કન્યાવિક્રય જેવા ખરાબ રોગોથી લોકો દુઃખી દીન ધર્મશ્રદ્ધાહીન બની જશે, તેની કોને દયા આવે. પોતાનાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોકરાંને ધર્મની કેળવણી આપવી, વ્યાપારની કળા શીખવવી, તેમને સદ્ગુણી બનાવવા એજ જૈનોના ઉદયનું પ્રથમ પગથીયું છે.

## હવે આગળ શું થયું તે સાંભળો.

પેલા કન્યાવિક્રયીઓએ પરસ્પર કહેવા માંડયું કે, હવે આપણું કામ થયું, કોઇ ઘરાક શોધી કાઢીએ તો આપણું ખીસ્સું ભરાશે, એમ વિચારી તપાસ કરે છે. એક કન્યાવિક્રયી અને વૃદ્ધ ગૃહસ્થ કે જેની સ્ત્રી મૃત્યુ પામી છે અને બીજી સ્ત્રી પરણવાની અભિલાષા છે, જેનું નામ કર્મચંદ છે તે બુઢ્ઢાએ આ કન્યાવિક્રયી દલાલને બોલાવ્યા. અરે ભાઇ! આવ!! આવ!! કંઇ કીધેલી વાત સંબંધી ખબર લાવ્યા કે નહિ?

**कन्याविक्रयी दलाल-कर्मचंद** શેઠ! તમારૂં મોટું ભાગ્ય! ખુશીની ખબર લાવ્યો છું.

**कर्मचंद**—અલ્યા! કહે તો ખરો. આ ધોળા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાઢાવાળાને કોઇ મીંઢળ પહેરાવે તેવા સમાચાર લાવ્યો ?

**कन्याविक्रयी**–શેઠજી ! આપની આશા સફળ થશે, કોઇના ઘેર રૂપરૂપની મણિ રંભા જેવી એક અઢાર વર્ષની છોકરી છે, તે ધણીનું પેટ ભરાય તો તમારૂં કામ થાય. " વસુ વિના નર પશુ " રૂપૈયાની કોથળીઓ ઠલવ્યા વિના કામ થાય તેમ નથી.

**कर्मचंद**–અલ્યા ! કોની દીકરી છે અને કેટલી કોથળીએ કામ પતે તેમ છે ?

**कन्यावि०**–શેઠજી પાંચ હજાર રૂપૈયા આપવા પડશે. એ તો વળી તમારૂં ભાગ્ય કે તેટલે રૂપૈયે પણ તમારા સિત્તેર વર્ષના મોટા ઘરામાં કન્યા નાંખે છે.

**कर्मचंद**–અલ્યા રૂપા ! જા અને એટલે રૂપૈયે ઠરાવી આવ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



कन्याविक्रय दलाल–રૂપો ધર્મચંદની પાસે જઇ વાત કરે છે. શેઠજી ! એક ઘરાક મળ્યું છે. ચાર હજાર રૂપૈયા આપવા તૈયાર છે. કેમ આપની મરજી શી છે ?

धर्मो–બહુ સારૂં. લઇ આવો, ચાર હજાર રૂપૈયાની થેલીઓ. એટલે પછી હું ચાંલ્લો કરી વિવાહ કરી પરણાવું.

कन्याविक्रयी दलाल रुपो–પાંચ હજાર રૂપૈયા કર્મચંદ પાસેથી લેઈ એક હજાર રૂપૈયા ખાઇ જઇ ચાર હજાર રૂપૈયા, ધર્માની આગળ હાજર કરે છે ત્યારે ધર્મચંદ દેખી ખુશી થાય છે. પશ્ચાત્ કર્મચંદના ઘેર જઇ પોતાની કમળા દીકરીનો વિવાહ, ધર્મચંદ, પેલા કર્મચંદની સાથે કરે છે, તથા એક મહીનાની અંદર લગ્ન લેવું એવો ઠરાવ પણ કર્યો.

धर्मचंद–ઘેર લગ્નની પણ તૈયારીઓ કરવા માંડી અને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપડ વણવા સ્ત્રીઓ ભેગી થઇ.

कीशोरी०-અલી કમળા! તારો વિવાહ કોને ત્યાં થશે ?

जमना-અલી બોલીશ નહિં, એ તો જોવા જેવો ઘાટ થયો છે. જાણે મશાણનું મડદુ બળ્યું એના કરતાં મરી જવું સારૂં.

लक्ष्मी-બળ્યું એના કરતાં સતાં રહેવું સારૂં. પીટયો બુઢ્ઢો અને ખાંખાં કરેછે, વળી મુખમાંથી ખાતાં લાળ પણ ચૂવેછે, બળ્યું એના બાપને દયા કેમ આવી નહિ હોય.

वीजकोर-ભંગીજંગીને દયા કયાંથી હોય. પોતાનું પેટ ભરવું ત્યાં વળી છોકરીની દયા કયાંથી ? પેલો કર્મચંદ તેલી સિત્તેર વર્ષનો ડોકરો તેની સાથે કમળ જેવી કમળાનો વિવાહ-અરેરે ! શું થવા બેઠું ? એના કરતાં બીજો કોઇ ડાંમવા મળ્યો નહિ કે આ ઘરડો બુઢ્ઢો બિચારીના ભાગ્યમાં !

गौरी-અલી બોલો માં. બિચારી કમળાનો જીવ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખાય છે. દીકરી અને ગાય જ્યાં આપે ત્યાં જાય. ગૌરી બૈરી લક્ષ્મીના કાનમાં કહેછે કે "એતો નગદ રૂપૈયાથી દાઢો ગલી", સમજી !! પઈસો દેખી મુનિનાં મન ચળે. લક્ષ્મી, કેળવણી પામેલી સ્ત્રી હતી તેથી તેને દયા આવતી.

લક્ષ્મી--ઘણી વાત કર નહિ.આપણા હિંદુસ્તાન દેશનું ભડે બેસવા જેવું થયું છે ગાયના ગળે છરી. બિચારી ભણેલી ગણેલી કમળારૂપ માળા, પેલા કર્મચંદ કાગડાની ડોકમાં શોભે કે અલી! બુદ્ધિ ભ્રષ્ટ થાય છે ત્યાં સત્યનું નામ શું? ધર્મનું નામ શું? દેશની દયા કયાંથી? દીકરીની દયા કયાંથી? જૈનોનું મહત્વ ઘટવાનું આજ મુખ્ય કારણ છે, પીટયા, આવા બુઢ્ઢાને પરણતાં પણ શરમ કયાંથી આવે? વિષયના લાલચુ લંપટીઓએ દેશને ખરાબ કર્યો, અને સંતતિનો વ્યવચ્છેદ કર્યો, પવિત્ર જૈનધર્મને કલંક લગાડયું, એવી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીકરીઓની આંતરડી શું માબાપને આશિષ આપે ખરી ? દીકરીઓના સુખ ધર્મની લાજ પણ પેટભરા પિતાઓને કયાંથી આવે ?

ચંપા—અલી મણિ ! હાલમાં વિકટોરિયા રાણી જેવી હું દેશની ઉપરી હોઉં તો એવા ઘરડા બુઢ્ઢાઓને લોઢાની પુતળીઓ સાથે પરણાવું, અને દીકરીઓ દેનાર પિતાઓને તોપના મુખે ઉડાડી દેઉં. મડદાલ શેઠીઆઓને મૂછો કેમ ઉગી હશે ? બાયલા, લાલચુ, લાંચખાઉ શેઠીઆઓમાં રામ બળ્યા હોત તો શું કોઇની મગદૂર છે કે આવાં કાળાં કર્મ કરે; અરરર ! બિચારી કમળા આ વાત સાંભળી કેવી રૂદન કરે છે ?

મેનાં—એના ઘરમાં જઇ પીટયાનાં છાજીયાં લેશે ત્યારે ધરાશે. મારા જેવી રાંડ તો કયારનીએ ના કહે કે મારે તો પરણવું નથી.

આમ ધર્મચંદના ઘેર સ્ત્રીયો પાપડ વણતીવણતી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતો કરે છે, એટલામાં જોશીને લઇ ધમો આવે છે, ધર્મચંદ કમળાની બાને બોલાવે છે, અને જોશી તેડી લાવ્યાની વાત કહે છે, કમળાની બા, ઘરમાં જાય છે ને વળી સાંભળી આવ્યાથી કહે છે કે કમળાના બાપ! સાંભળો છો કે? જરા અહીં આવજો. તમારૂં કામ છે, કમળાના બાપ ત્યાં જાય છે, ફાગણ સુદિ ૧૫ નું લગ્ન નક્કી કર્યું છે, એમ કમળાનો બાપ કહે છે. જોશીને રૂપીઓ આપ્યો તે લઇ જોશી ઘેર જાય છે. પણ કમળાનો કોની સાથે વિવાહ કર્યો? વર તો ઠીક છે ને? મૂરતીયો સારો જોઇએ, એમ ધર્મચંદની સ્ત્રીએ કહ્યું.

ધમો—અલી જાણે છે કે નહિ? બંદામાં કાંઇ ભૂલ આવે છે કે? મૂરતીયામાં કંઇ કહેવાનું નથી, ઠરેલ માણસ છે.

ધર્મચંદની સ્ત્રી—કમળાને મૂરતિયો ગમશે તો ખરોને!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મચંદ—બૈરાંને બધી જાતની પૂછપરછ ! આપણને ગમ્યું એટલે પરમેશ્વરને પણ ગમ્યું. તારા જેવી દોઢડાહી સ્ત્રીને મેં તો કયાંએ દેખી નથી.

એમ કહી ધર્મચંદ બીજી લગનના કાર્યની તૈયારીઓ કરે છે, થોડી મુદતે દિવસપર દિવસ જતાં લગ્ન દિવસ આવી પહોંચ્યો, કર્મચંદ પરણવા આવ્યા તેને જોઇ કમળા બીએ છે, ( મનમાં ) ઘરડો બુઢ્ઢો મડદાલ આ મારો વર થશે ! એટલામાં તેની નાનીબેન વિમળા આવે છે અને કહે છે કે બ્હેન જોયો કે પેલો વર કેવો રૂપાળો કલેડાના જેવો કાળો હુંદાળો જાણે મડદું.

કમળા–ઘરમાં પેશી જાય છે, અને એની માતાને સમજાવે છે; સારાં સારાં લૂગડાં પહેરાવે છે.

કમળા:—અલી મા ! આ ઘરડા ડોસાની સાથે મારૂં લગન ! ! એમ બોલી પોકે પોકે રૂએ છે. છાની પણ રહેતી નથી, ઉંડા નિશ્વાસ નાંખતી પોતાના મનમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્હેતી હતી કે નિર્દય સ્વાર્થિયાએ જન્મતી વખતેજ કેમ મને ઝેર દેઇ કે ફાંસો ઘાલી મારી નાંખી નહિ ! એટલામાં માંહ્યરામાં કન્યા પધરાવવાનો વખત થવાથી તેની મા ચોરીમાં લાવી બેસારે છે. રોતાં રોતાં ફેરા ફેરાવે છે, ચાર મંગળ વર્તાણું એટલે કમળાને તથા કર્મચંદ તેલીને ગાજતે વાજતે કર્મચંદના ઘેર વિદાય કર્યા,

કમળા, કર્મચંદના સામુ જોઇ બીએ છે,કર્મચંદ તેના સામું જોઇ કહે છે કે,આવ !! મારી પાંચ હજારની લાડી; કમળા એકાંતમાં જઈ પોકેપોકે રૂએ છે. ત્રણ ચાર દિવસ થયા બાદ કર્મચંદ તેલીને તાવ આવ્યો, અને અચાનક મૃત્યુને શરણ થયા. સર્વ લોકો ભેગા થયા, મૃત્યુ કાર્ય થઇ રહ્યું, ને કમળાને પહેરેલો ચુલ્લો ફોડવો પડયો. નાતના શેઠીઆઓએ જાણ્યું કે ધર્માએ પોતાની દીકરીના પઇસા ખાધા છે, તેથી તેમના ઘેર શેઠીયા પૈકી ધોળા શેઠ કે જે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાતના શેઠીયા હતા તે ગયા અને ખાત્રી કરી કહ્યું કે તેં નક્કી દીકરીના પૈસા ખાધા છે, માટે તને નાત બહાર મૂકવામાં આવશે; એવી ધમકી આપી. ધર્માએ એક હજાર રૂપીયા લાંચના આપ્યા એટલે શેઠ રાજી થઇ બોલ્યા કે, હવે બસ તારૂં કોઇ નામ લેનાર નથી. મારા વિના કોણ નાત ભેગી કરી શકે એમ છે. હવે ધર્માને ત્રણ હજાર રૂપિયા રહ્યા, તેમાંથી ખર્ચ થતાં બે હજાર રૂપીઆ રહ્યા. પોતાની દીકરી રાંડી તોપણ તેને કંઇ ચિંતા થઇ નહિ. ધર્મો, કમળાને ઘેર ગયો અને કહેવા લાગ્યો. દીકરી તારા કર્મેં તું રાંડી, રૂદન કરીશ નહિ. ચાલ, સર્વ રાચરચીલું માલમત્તા લેઈ આપણા ઘેર આવ!!

કમળા—દીકરીના પઈસા ખાનાર પાપી, હવે તારા ઘેર મરતાં સુધી પણ હું આવવાની નથી. ધર્મચંદે બીજી છોકરીને પાંચ હજાર રૂપૈયા લેઇ સ્વામીનારાયણનો ધર્મ પાળનાર વાણીઆની સાથે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરણાવી, વિમળાને દરરોજ સ્વામિનારાયણનો મંત્ર જપવો પડતો, વળી તે વાણીઓ ધર્માંધ હોઈ વિમળાને જૈન મંદિરમાં દર્શન કરવા પણ જવા દેતો નહિ, તેમ જૈનધર્મીને ન છાજે તેવું કરવા ફરમાવતો હતો. ગાજર, સકરીયાં, બટાટાનું શાક દરરોજ વિમળાને કરવું પડતું હતું તથા વિમળાને બળાત્કારે ખવરાવવામાં પણ આવતું હતું. તેમ તેને રાત્રે પણ ખાવું પડતું હતું.

જૈન મિત્રો ! આપ વિચારો કે તેઓ સ્વ છોકરીને પૈસા ખાવાને માટે ગોસાઇજી તથા સ્વામિનારાયણના ધર્મ પાળનાર તથા અન્યધર્મ પાળનાર બીજાઓની સાથે પરણાવે છે. પાપવૃત્તિનું પોષણકરનારાઓને એકે ધંધો નહિ મળવાથી ફક્ત દીકરીના પૈસા લેવા ઉપર આધાર રાખવો પડે છે. તેવાઓ પોતાની નીચ વૃત્તિથી દીકરીના સુખનો કંઇ પણ વિચાર ન કરતાં ગમે તેવાને પરણાવે છે. જ્યારે આપણી દીકરી



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યોદયથી આપણે ત્યાં જન્મ પામી ને આપણે સ્વામીનારાયણ અગર બીજા ધર્મ પાળનાર સાથે હાથે કરી પૈસા માટે પરણાવીએ અને ધર્મ ભ્રષ્ટ કરી મિથ્યાત્વી બનાવીએ, એમાં શું ઓછું પાપ છે ? પાપી પેટ ભરનારને આવાં કુકૃત્યો કરવાં પડે છે, તેના કરતાં બહેતરછે કે જેથી ધર્મમાં કહેલા પાપના આપણે ભાગદારી થઇએ નહિ. તેવી રીતે વર્તવું કેટલાક નાતના સંબંધના લીધે પોતાની દીકરી અન્યધર્મીને આપેછે. પોતે તો ધર્મ ફકત જૈનધર્મ સાચો માને અને અન્ય ધર્મ ખોટો માને ત્યારે પોતાની દીકરી શું જોઇને અન્યધર્મી સ્વામિનારાયણ વિગેરે ઇતર ધર્મીને આપતા હશે ? અરરર ! વ્હાલામાં વ્હાલી છોકરીની એક બકરીની પેઠે દશા કરીએ ત્યારે આપણે કસાઇ કરતાં ભૂંડા ગણાવાના.તેમ કસાઇ કરતાં વિશેષ પાપના ભાગી થવાના, એમાં કંઇ શક નથી, કેમકે કસાઇ તો એક વખત બકરીના ગળા ઉપર છરી મૂકી તેને પ્રાણવિમુક્ત કરે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એટલે ફક્ત બકરીને એક વખત દુઃખ ખમવું પડે છે; પણ તમારી દીકરીને જીંદગી પર્યંત તમો એવું દુઃખ દ્યો છો કે જેથી તે રીબીરીબીને દુઃખ ખમ્યા કરે છે. તો તમે વિચારો કે આવા પાતકી કસાઇ કરતાં વધારે અઘોર કર્મ, તમને કોઇ પણ વખત ઉંચી ગતિ પહોંચવા દેવાને અનુકુળ છે ? નહિ. પણ તમને અધમમાં અધમ ગતિ આપવાને અનુકુળ છે, તો પછી કન્યાવિક્રયથી શું સુખ પામી શકાય ?

કસાઇ વગેરે લોકો બકરી ઘેટાં વિગેરેને સારી રીતે ખવરાવી પીવરાવી પશ્ચાત્ તેને મારી નાખે છે,તેમ તમે પણ કસાઇની નેમ લીધી છે કે દીકરીને પ્રથમ ખવરાવીપીવરાવી મોટી કરી પછી પૈસાને માટે ગમે ત્યાં બકરીની માફક છોકરીના સુખનું ગળું કાપવા તૈયાર થઇ ઘરડા બુઢ્ઢાને પરણાવો છો. જેઓ પોતાનો સ્વાર્થ તકાસે છે અને દીકરીનો સ્વાર્થ જોતા નથી, તેઓ દુનિયામાં કેમ જન્મતા હશે? વાંચનાર !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આટલો વખત મેં તમને વિમળાને પોતાના બાપે પોતાની સ્વાર્થવૃતિથી બીજાને પરણાવી તેથી તેને થતા દુઃખનો ખ્યાલ આપવાના ધ્યાનમાં લીધો; પરંતુ પેલો પાતકીમાં પાતકી જે ધર્મો, તેનું શું થયું તે આપણે જાણવું જોઇએ.

ધર્મચંદે પોતાની બે દીકરીઓને વેચી રૂ ૮૦૦૦) ની થેલીઓથી પોતે સુખી થઇશ એમ ધારી લીધું, પરંતુ તેથી પણ તે સુખી થયો નહિ.હરામના પૈસાની કદી હવેલીઓ બાંધેલી રહી નથી તો પછી ધર્મચંદને કયાંથી બંધાય !! દીકરીના પૈસા લેનાર પૈસાદાર થયો જોવામાં આવતો નથી, તો ધર્મચંદ બિચારો કયાંથી પૈસાદાર થાય ? દુનિયામાં હરામના પૈસા જેટલા લીધેલા હોય તેથી ઉલટું બમણું નુકસાન થાય છે, અને " મીયાં ચોરે મૂઠે અને અલ્લા ચોરે ઉંટે " તે કહેવત પ્રમાણે જેટલા પૈસા કૂડ કપટ કરીને લીધા હોય તેટલા પૈસા રહેતા નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે દુનિયામાં જોઇએ છીએ કે જે લોકો ઓછાં કાટલાંથી લોકોને ઓછું આપે છે અને વધારે લે છે, ખોટા દસ્તાવેજ કરેછે, ખોટી પંચાતો કરી પૈસા મેળવે છે, તેઓ પણ આખરે એક પ્રમાણિક માણસ પેદા કરતો હોય તેની બરાબરીમાં આવતા નથી. પ્રમાણિક માણસ મહેનત કરે છે તે મહેનત કરતાં પણ બીજો માણસ વધારે અનીતિથી મહેનત કરે છે, વલખાં મારે છે, તોપણ આખરે તે પ્રમાણિકની બરાબરી કરી શકતો નથી. પરભવની બાબતમાં તો પ્રમાણિકને પ્રમાણિકનું અને અપ્રમાણિકને અપ્રમાણિકનું ફળ મળેછે. તેમ આ ભવમાં પણ પાપીઓને પાપનું ફળ ભોગવવું પડે છે; કેમકે અતિ ઉગ્ર પુણ્ય અને અતિ ઉગ્રપાપનું ફળ સાડાત્રણ ઘડી, સાડા ત્રણ દિવસ અને સાડાત્રણ માસ, તેમ સાડાત્રણ વર્ષમાં આ ભવમાં મળી શકે છે. તે પ્રમાણે ધર્મચંદની બાબતમાં થયું. પાપી ધર્મચંદની નશીબની ધરી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમી, તેની સ્ત્રી થોડા દિવસમાં મૃત્યુ પામી, તેથી તેના દુઃખનો પાર રહ્યો નહિ. હાથે રાંધવું પડે, દુકાનનો પણ ધંધો કરવો પડે, પરૂણા વિગેરેને પણ પોતાના એકલા હાથે સાચવવા પડે, તે બધું કામ કરવામાં ધર્મચંદને બહુ બહુ વસમું લાગવા માંડયું. જેણે હરામના પૈસાથી નીત તાવડી ચડાવી ખાવા માંડેલું એવા, ધર્મચંદે જીભની લાલચથી પાછું આવું દુઃખ કોરે મૂકી નીત નીત કંદોઇના ઘરની મીઠાઇઓ તેમ ઘેર હરરોજ તાવડી ચઢાવી મીઠું ભોજન ખાધા કર્યું. એવાને વ્યસનીની માફક અનુકુળ પડતું ભોજન લેવું પડે, તેમાં તેને ચાલે નહિ. એમ હંમેશ તેણે પૈસો ઉડાવવા માંડયો. તેથી થોડા દિવસમાં તેની પાસેના દામ સઘળા થઈ રહ્યા. કેમકે ખાધાથી તો અન્નથી ભરેલા ભંડાર પણ જોત જોતામાં ખાલી થઈ જાય છે. સમુદ્રનું પાણી પણ પીવાથી ખૂટી જાય છે. તે વાતનો ખ્યાલ ધર્મચંદ પોતાની લાલચુ જીભના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહવાસથી ભૂલી ગયો ને તેથી મસીદના ફકીર જેવી તેની હાલત થઇ. ઘરમાં વાસણ કુસણ પણ વેચ્યાં તોપણ ભાઇ, લાલચુ જીભના લીધે કંઇ પણ વિચાર કરી શકયા નહિ. છેવટે ખાધાના પણ ધર્મચંદભાઇને વખા પડયા, પહેરવાનાં લુગડાં પણ મળે નહિ, "દીકરીના પૈસા ખાઉ" એમ લોકો પણ તેને કહેવા લાગ્યા, જ્યાં સુધી દીકરીના પૈસા ખાવા હતા ત્યાં સુધી તેને કોઇની પણ ઓશિયાળ નથી એમ તે જાણતો, મને કોઇ કંઇ કહેતું નથી એમ જાણતો. " વસુ વગર નર પશુ" તેમ ધર્મચંદભાઇને પણ લક્ષ્મી વગર સૌ કહેણુ સાંભળવાં પડતાં; કેમકે પૈસાદારને તેના પૈસાની સેંહથી કોઇ બોલતું નથી, પણ ધર્મચંદ પાસે પૈસો હોય તો તેની લોકો ઉપર સ્હે પડેને! દરરોજ દીકરીઓની પણ અનિષ્ટ આશિષોની વૃષ્ટિઓ તેના ઉપર વર્ષતી હતી, કેમકે તે બિચારીઓને શું સુખ આપ્યું હોય કે સારી આશિષો કે જેથી ધર્માની ચઢતી થાય તેવી દે. લોકોમાં ધર્મો ફીટકાર થવા પામ્યો ને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખરે તે પણ ગરીબ રાંક જેવો થઈ રહ્યો ને દુઃખ ઉપર દુઃખ પડવાથી દુઃખી થવા માંડયો.

મિત્રો ! કન્યાવિક્રયનો પૈસો નદીના પૂર જેવો તુરત આવી તુરત ચાલ્યો જાય છે, વીજળીની પેઠે ક્ષણમાં નાશ પામનાર છે, લક્ષ્મી ચંચળ છે, ધર્મી પાસે સદા રહે છે, પાપી પાસેથી લક્ષ્મી જતી રહે છે. જો કે પરભવ પુણ્યે કંઇ મળી શકે છે પણ છેવટે તો ચંચળ હોઇ નાશી જાય છે.

આખરે ધર્માને આટલું દુઃખ પડયું તેમાં પણ વળી વધારે દુઃખ દેવાને માટે પાછો ભગંદરનો રોગ થયો ને તેથી તેનાથી બરાબર ફરી પણ શકાતું નહોતું હલાતું પણ નહોતું તેમ ચાકરી કરનાર પણ તેની પાસે કોઇ નહોતું. તેને તાવની બીમારી પણ શરૂ થઇ, છેવટે ઓછામાં પૂરો ક્ષયરોગ પણ દુઃખ દેવા સાથી થયો. હવે તેની બૂરી દશા આવી. આખો દિવસ રોગની વેદનાથી બૂમો પાડવા મંડયો, आर्त नरा

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મપરા ભવંતિ એ શ્લોક પ્રમાણે દુઃખી થાય એટલે પરમેશ્વરને સંભાળે,તેમ પોતાની નીચ વૃત્તિથી કરેલાં અઘોર કર્મ એક પછી એક તેને દષ્ટિગોચર થવા લાગ્યાં,આખો દિવસ રૂદન કરવા લાગ્યો, સ્વાર્થ સુધી સૌ સગું છે, જે મિત્રો તેને ભાઇ ભાઇ કહેતા તે મિત્રો અત્યારે ધર્માને કોઇ અમથી મ્હોડાની ખબરો પણ પૂછવા આવતા નહોતા. કુમિત્ર, કુલટાનારી, કુપુત્ર એ કોઇના નથી.તેને સ્વપ્ન પણ ભયંકર આવવા લાગ્યાં.તે ત્રણ ત્રણ દિવસ ભૂખ્યો રહેતો તોપણ કોઇ તેની ખબર લેતું નહોતું,શ્વાનની માફક કોઇ ચપણી-આમાં ખાવા મૂકી જતું, તેનું ઘરપણ લેણદારોએ કબજે કર્યું, ધર્મચંદને દુઃખનો પાર રહ્યો નહિ.

હાય હાય ! શું કરૂં. અરેરે ! દુઃખનાં વાદળ માથે આવ્યાં. મેં શાં શાં પાપ કર્યાં !! એક દિવસ મેં ભીખારણને ધક્કો મારી કાઢી મૂકી હતી અને હું ખુશી થતો હતો, તેની ખરાબ દુવાથી તો આમ થયું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ હોય ? થાય એમાં શી નવાઇ ? મેં દીકરીનો પૈસો પણ ખાધો, અભ્યાસ પણ કર્યો નહિ, મોજમજામાં મારા મિત્રોની સાથે મેં જુવાની અવસ્થા ફોગટ ગાળી, અરે ! અંતે મિત્રો પણ મારા થયા નહિ. આવાં કુકૃત્યો કરી હવે હું પરભવમાં શું સુખ પામીશ !! આ મનુષ્ય જન્મ પામી કંઇ પણ ધર્મ કર્યું નહિ. અરેરે ! મેં કોઇની શીખામણ માની નહિ, પૈસાદાર સ્થિતિમાં મારી પાસે એક કહેતાં અનેક માણસ હાજર થતાં તેમાંનું અત્યારે કોઇ પણ આજીજી કરીને કહેતાં પણ પાસે આવતું નથી, મેં દેવને પૂજ્યા નહિ, ગુરૂનાં દર્શન કર્યાં નહિ, હાય હાય ! હવે નરક વિના મારો બીજે ઠેકાણે કયાંથી વાસ થાય ?

ધર્માના શરીરમાં ગુમડાં થવા લાગ્યાં, તેમ અશક્તિના લીધે માંચામાંથી ઉઠાતું નહિ હોવાથી તેમજ હાલી ચાલી નહિ શકાતું હોવાથી એકને એક પાસે સુઇ રહેવાથી ધર્માને ચાંદી ને પાઠાં પડવાથી છેવટે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના શરીરમાં કીડા પડયા અને કીડાઓના ચટકાઓથી તેને અતિશય વેદના થવા માંડી ને તે વેદના સહન ન થઈ શકાયાથી છેવટે ખુલ્લે અવાજે તે મોટી મોટી બૂમો પાડવા માંડયો. તેની બૂમો લોકોમાં સંભળાવવા માંડી એને અને તેની વેદના જોઇ દયાની દષ્ટિથી સૌ તેને જોવા લાગ્યા, સર્વ લોકો દીકરીના પૈસા ખાનારની દશા જોઇ માંહોમાંહે વાતો કરવા લાગ્યા કે–બળ્યો એ દીકરીનો પૈસો ! સૌના મોંએ દીકરીના પૈસા ખાનાર ઉપર ધિક્કારની દૃષ્ટિ થવાલાગી પણ ધર્માંની અતિશય વેદનાથી અંત ઘડીએ તેની પાસે લોકો પાસે આવ્યા. અંતે દુઃખથી પોતાના પાતકી કર્મો સંભારતો આ દુનિયાનો ત્યાગ કરીને તે નીચ ગતિનો સહગામી થયો.

વાંચકો ! જોયું કે દીકરીના પૈસા ખાનારની કેવી દશા થઇ ? કન્યા વિક્રય ધન ખાનારની હાલત, પીવાની હાલત, લુગડાંની વિટંબણા અને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આબરૂમાં હલકાઇ, પૈસાની ગરીબી ને છેવટ સગાનો નહિ, વ્હાલાનો નહિ ને અંતે એવું દુઃખ પડયું કે કીડા પડયા છતાં કોઇ વિણનાર મળ્યું નહીં. ધર્મની આવી દશા જાણ્યા છતાં પૈસાની લાલચમાં લપટાયલા સ્વાર્થી માબાપો, પોતાની વ્હાલી દીકરીઓને ઘરડા બુઢ્ઢાઓને આપેછે.તેઓને કેમ કંઇ સુઝ પડતી નહિ હોય કે ધર્માને જેવીરીતે આ ભવમાં તો આટલું દુઃખ પડયું પણ પરભવમાં પણ નીચ ગતિનો તે સહગામી થયો તેવી પોતાની પણ દશા થશે બંધુઓ ! ! જરા વિચારો નહિતર કન્યાવિક્રયથી અઘોર પાપકર્મોના અધિકારી થશો. એવો હૃદયશૂન્ય પુરૂષ કોણ હોય કે જે આટલાં આટલાં દુઃખ પુત્રીના પૈસા ખાનારને પડે છે એમ જાણીને પુત્રીના પૈસા લેશે ? ગમે તેવા પથ્થર હૃદયનો પુરૂષ પણ આટલું જોઇ પીંગળ્યા વગર રહેશે નહિ. એવો મૂર્ખ કોણ હોય કે જે આવાં દુઃખ પોતાને માથે વ્હોરી લે. જે નાતના શેઠીઆએ ધર્માની લાંચ લીધી હતી, તેનો મોટામાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટો પુત્ર મરણ પામ્યો, વેપારમાં ખોટ જતાં તેને દેવાળું કાઢવું પડ્યું અને અંતે દુઃખમાં ને દુઃખમાં વૃદ્ધાવસ્થા ગાળવી પડી. દીકરીના પૈસા કાચા પારા-માફક છે, જેમ કાચો પારો માણસના શરીરમાં પચી શકતો નથી તેમ દીકરીનો પૈસો પચી શકતો નથી. પેલાની નાતની શેઠાઇ પણ ગઇ અને તેના બીજા સગા વ્હાલાને મળી. તેનું નામ હરિચંદ હતું તે નગરશેઠ તરીકે થયો તેણે સારી રીતે ધર્મની કેળવણી લીધી હતી, પોતાની નાતના વાણીયાઓએ એક સારા સ્થા-નમાં ભેગા થઇ તેને નગરશેઠની પદવી આપી. તે વખતે હજાર એક માણસ, નાતનું ભેગું થયું હતું. હરિચંદ શેઠ નાતની વચમાં ઉભા થઈ બોલ્યા કે– મારા નાતીલા બાંધવો ! તમે મને નગરશેઠની પદવી શા કારણથી આપો છો તે કંઇ આપના ધ્યાનમાં છે ?

ત્યારે સભામાંથી એક સભ્ય ગૃહસ્થ સરૂપચંદ નામનો હતો તેણે જવાબ દીધો કે—

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે નાતસહૃબાંધવો ! નાતનું તથા ગામનું સારૂં કરવા, આપણી ઉન્નતી કરવા, હરિચંદને આપણે નગર શેઠ તરીકે નીમીએ છીએ.શેઠને સર્વેએ તાલીઓના અવાજથી વધાવી લીધા. હરિચંદશેઠ ઉભા થઇ બોલ્યા કે—

મારા વ્હાલા સહૃબંધુઓ ! મને તમોએ તમારા સારા માટે નાતના શેઠ તરીકે તથા નગર શેઠ તરીકે સ્વીકાર્યો છે, તે માટે હું આપનો ઉપકાર માનું છું. મારી ફરજ છે કે જે તમોએ તમારા સકળ માનવ બંધુનું ભલું કરવા મારા પર વિશ્વાસ ધર્યો છે તે વિશ્વાસનું કારણ જાણું છું, તે વિશ્વાસનો ગેર-ઉપયોગ હું બિલકુલ કરીશ નહીં. આજથી મારે તમારી ઉન્નતિ માટે બરાબર લક્ષ રાખવું જોઇએ અને નાતનું નિષ્પક્ષપાતપણે ભલું કરવું જોઇએ. કોઇની પણ પ્રાણાંતે લાંચ ખાઇને પક્ષપાતથી કામ કરી આપી નાતનું અહિત કરવામાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલટી રીતે ચાલવું ન જોઇએ એમ હું સારી રીતે સમજું છું ને તે પ્રમાણે હું ચાલવા આ સમસ્ત સંઘની સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું. તમારી ઉન્નતિ માટે તન મન ધનથી પ્રયત્ન કરીશ. શેઠની પદવીથી મલકાવવાનું નથી એમ જાણી પદવી લાયક કામ કરીશ અને પ્રમાણિકપણાથી ચાલીશ. નાતના લોકો સુખી કેમથાય ! કેમ ધનવાન્થાય ! સદ્ગુણી શાથીથાય ! નાતમાં પડેલા કુધારાઓ શાથી અટકે ! એ સઘળી બાબતપર મારી જીંદગી ગાળીશ. જે જે ફરજો નાતના શેઠની પદવી તરીકે છે તે હું બરોબર પાળીશ અને મારી ફરજો યથાશક્તિ કાળજીથી બજાવીશ, બીજાને પળાવીશ ને તેમને પળાવવા કહીશ. હું કોઇ કામમાં ભૂલું તો મારા પ્યારા નાતીલાઓ !! તમે મને સુધારવા સૂચના કરજો. હું તે પ્રમાણે સુધારીશ ને જેમ બને તેમ મારી યથાશક્તિથી મારા નાતીલાઓનું ભલું થાય તેમ દિન પ્રતિદિન વર્તીશ.

એમ કહી બેશી જતાં તાલીઓના અવાજે સદ્-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થોએ તેમને હર્ષથી વધાવી લીધા. નાતમાં આનંદ આનંદ થઇ રહ્યો. એવામાં એક સદ્‌ગૃહસ્થ કે જેનું નામ મોહનલાલ હતું તેમણે ઉભા થઈ કહ્યું કે–

મારા પ્યારા નાતિબંધુઓ ! હું નગરશેઠની સંમતિથી આપણી ઉન્નતિ માટે બે બોલ બોલું છું કે–

આ ગામનું નામ વસંતપુર છે અને તેમાં વસનાર આપણે જૈન છીએ. આપણા બાપદાદાઓ ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન્ હતા અને બહાદુર હતા તથા ધનવંત હતા, આપણો ધર્મ તે વખતે શ્રેષ્ઠતામાં બિરાજતો હતો. જૈનોના સમાન કોઇ ધનવાન્ નહોતું. વેપારમાં, રાજ્ય સલાહમાં જૈનોની મુખ્યતા હતી. આપણા બાપદાદાઓએ આબુ, ગિરનાર, શત્રુંજય ઉપર કરોડો રૂપિયા ખરચી દેરાસરો બંધાવેલાં છે, તેમાનું એક દેરાસર પણ આપણે બંધાવી શકવા સમર્થ નથી. તેનું કારણ મિત્રો એ છે કે આપણે વેપારમાં પાછળ છીએ.

આપણા દેશમાંથી પરદેશ ઇંગ્લાંડ વિગેરે ઠેકાણે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર વર્ષે અગણિત રૂપિયા જાય છે અને લક્ષ્મીથી હિંદુસ્થાન દેશ પ્રતિદિન ખાલી થતો જાય છે. કુવામાંથી હવાડામાં પાણી જાય અને કુવામાં અન્ય નવાણુસ્થલથી પાણી નહિ આવે તો ખાલી થાયજ, તેમ હિંદુસ્થાન દેશમાંનો પૈસો બીજા દેશવાળા લઈ જાય છે પણ આપણા શ્રાવક લોકો અન્ય ઠેકાણેથી હિંદુસ્થાન દેશમાં પૈસો લાવી શકતા નથી. તેનું કારણ એ કે આપણા દેશમાં વેપારનાં કારખાનાં નથી, ચીજો બનાવવાનાં કારખાનાં નથી, એક ટોપી માથે પહેરવા જોઇએ તે પણ પર દેશની, એક બુટન જોઇએ તે પણ પરદેશનું, એક બુટ તે પણ પરદેશથી આવે, હજારો પ્રકારનાં વસ્ત્ર પણ પરદેશથી આવે, ત્યારે આપણે કયો વેપાર કરી ધનવાન્ બનીએ ? બંધુઓ ! આપણે " ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે " તોપણ પરદેશમાં વેપાર કરવા, નોકરી કરવા, દેશ જોવા જઇએ નહિ અને ચાર નાળિયેર, મણ સુંઠના ગાંગડા લેઈ દુકાન માંડીશું તો પછી શું પેદા



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકું ? બંધુઓ ! પહેલાનાં કરતાં હવે વખત બારીક આવ્યો છે, અન્યદેશોવાળા વેપારમાં હુન્નરકળામાં બહુ વધી ગયા છે, આપણામાં તેમનાઓમાંનું કશું નથી. મિત્રો ! જુઓ અમેરિકા દેશના લોકો ઉદ્યોગી અને સંપથી આજકાલ કેવા પૈસાદાર બની ગયા છે !! જુઓ કે જે લોકો પહેલાં જંગલી હતા અને ઝાડની છાલથી પોતાનું શરીર ઢાંકતા હતા એવા ઇંગ્લાંડના લોકો, હજારો ગાઉથી હિંદુસ્થાનમાં આવી રાજ્ય કરે છે અને ઇંગ્લીશ લોક, મૂઠીભર છતાં એક આજ્ઞારૂપ લાકડીથી બકરાં મેઢાંના ટોળાની પેઠે હિંદુસ્થાનના લોકોને પોતાના વશમાં રાખી સ્વતંત્રપણે રાજ્ય કરે છે, એ શું વાતોના તડાકાથી બનતું હશે ? અગર ઉંઘના તડકામાં બનતું હશે ? જુઓ ! આજ કાલ કંઇપણ હિસાબમાં નહોતા એવા જાપાની લોકો ચીનાઇ સરકાર તથા રૂશિયા સરકારની સામે ટક્કર ઝીલે છે અને સ્વતંત્ર બન્યા છે એ શું વાતોના તડાકાથી બનતું હશે ? ટ્રાંશવાલ સરખું નાનું રાજ્ય

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંગ્રેજ સરકાર સાથે લઢયું તેનો કેટલો સંપ ? કેવો ઉદ્યોગ ? કેટલો સ્વદેશાભિમાન તે વિચારો. દુનિયામાં એવો ન્યાય છે કે બળવાન્ નબળાને કબજે રાખે છે. મારા વ્હાલા સાધર્મી મિત્રો ! જુઓ, યુરોપ દેશમાં એક જર્મની દેશ છે તે દેશના લોકો આપણાં જૈન પુસ્તકોને લાખો રૂપૈયા ખરચી ત્યાં મંગાવી તેઓનો અભ્યાસ કરી આપણા જૈનતત્ત્વના અભ્યાસક બન્યા છે ત્યારે આપણે જૈનધર્મતત્ત્વના નાશક બનીએ છીએ, વિદ્યામાં પણ યુરોપદેશ વૃદ્ધિને પામ્યો છે, તેનું કારણ ઉદ્યોગ, વેપાર, સંપ અને ભ્રાતૃભાવ તથા હિંમત છે; માટે મારામિત્રો ! યાદ રાખો કે દુઃખ વિના સુખ નથી. " ખાતાં પિતાં હરિ મિલે તો હમકુ બી કહિયો." એવી કહેવત જેવા નો બનો ! ફ્રાન્સ દેશના લોકો કેવા કળાવાન્ છે ? જુઓ ! પારીસ શહેરનું પ્રદર્શન. તમારામાં એમાંનું કંઇ નથી.

ઉંચ અને નીચ સ્વભાવથી માલૂમ પડે છે કે જેમ એક કૂતરૂં બીજા કૂતરાને દેખી ઘુરકીયાં કરે છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અદેખાઇ કરે છે તેમ આપણે જૈન લોકો પણ પરસ્પર કૂતરાના જેવી નીચવૃત્તિ ધારણ કરીએ છીએ તો તેથી નિર્ધન થઇએછીએ એમાં શું નવાઇ? પહેલાં જૈન લોકો ઉત્તમ કહેવાતા હતા તેનું કારણ એ હતું કે તેઓ અત્યંત ધાર્મિક શ્રદ્ધાવંત, હિંમતવાન, પરગજુ અને બહાદૂર તથા વેપાર કળામાં કુશળ હતા. હાલ જૈનોમાં તેમાંના ગુણો દેખાતા નથી તો તેથી નીચ બનીએ એમાં શું આશ્ચર્ય ?

પહેલાંના જૈનો સત્ય બોલતા, ધર્મ ઉપર શ્રદ્ધાવાન્ રહેતા, પ્રાણાંતે પણ ધર્મનો ત્યાગ કરતા નહોતા, ચોરી કરતા નહોતા, પારકી સ્ત્રીપ્રતિ માતૃભાવે વર્તતા હતા, એક બીજાને સ્હાય આપતા, તેથી તે ઉત્તમ કહેવાતા હતા; અને આપણે તેનાથી ઉલટા દુર્ગુણો ધારણ કરીએ છીએ અને ધર્મને તો એક જાતનું વહેમ ધણી તેના સામું જોતા નથી, ઉત્તમ કેળવણીનો અભ્યાસ કરતા નથી તો તેથી ઉત્તમપદ કેમ પામી શકીએ ?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા જૈન બંધુઓ ! જુઓ અજ્ઞ એવા મુસલમાનો પોતાના ધર્મ ઉપર કેવા શ્રદ્ધાવાન્ રહે છે. અરે જૈનો ! સત્ય એવા જૈનધર્મની શ્રદ્ધામાં તમો શંકા કરો છો. જગત્માં ચડતી પડતી ચાલી જાય છે; વખત વખતની છાંયડી; હાલ આપણી પડતી છે, જો ઉદ્યમ કરીશું, પરસ્પર સંપીને ચાલીશું તો અંતે જૈનધર્મની ચઢતી થશે. શ્રીવીરભગવાને પાંચમા આરામાં ત્રેવીશ ઉદય ભાંખ્યા છે. શ્રી મહાવીર સ્વામીએ ઉદ્યમને પ્રાધાન્ય તરીકે દાખવ્યો છે, આળસુ થઇને બેશી રહેવું એવો કોઇનો પણ ઉપદેશ નથી. કહ્યું છે કેઃ—

आलस्यंहि मनुष्याणां, शरीरस्थो महारिपुः ।
नास्त्युद्यमः समोबंधुः, कृत्वायं नावसीदति॥१॥

મનુષ્યોના શરીરમાં રહેલો आलस्य એ મોટો શત્રુ છે. ઉદ્યમ સમાન બંધુ નથી કે જે ઉદ્યમથી મનુષ્ય દુઃખી થતો નથી. ખાવું, પીવું, અને હરવું, ફરવું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં મનુષ્યત્વનો જે સાર સમજે છે તે મૂર્ખ છે. દુનિયામાં મનુષ્યજન્મ મહા પુણ્યોદયે પ્રાપ્ત થયો છે, તે પામીને ઉદ્યમ કરવો, વિવેક, વિનય, જ્ઞાન આદિ, ગુણોની પ્રાપ્તિ કરવી, ધર્મમાં કુશળ રહેવું, સત્ય સ્વધર્મી ભાઇઓની તન મન ધનથી ઉન્નતિ કરવી, એમાંજ ધર્મ સમાયો છે.

મારા વ્હાલા જૈનો ! આજકાલ થોડાં વર્ષથી આપણા ગામમાં પ્લેગના રોગની પેઠે कन्याविक्रय નામનો મહારોગ ફાટી નિકળ્યો છે, તેથી જૈનો દિન પ્રતિદિન પાયમાલ થાય છે, અને ધનથી ગરીબ થતા જાય છે. પોતાની દીકરીઓને પૈસાને માટે ગમે તેને આપવી, એટલે સ્વામીનારાયણ, ગોસાંઇ, વગેરેને પોતાની દીકરીઓની ભેટ આપવી અને ગરીબ જૈનો કુંવારા રહે તેની દરકાર રાખવી નહિ એમ ખરેખર ગરીબીમાં ગરીબી લાવનાર અને વધતી જૈનોની સંખ્યાને ઓછી કરનાર તથા હૈયાત જૈનોની સંખ્યાને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછી કરનાર તમારી દોષવાળી રૂઢિ છે, તેથી જૈનોની સંતતિનો ઉચ્છેદ થાય છે. અન્યધર્મીઓને વેચાતી કન્યા આપવી તેમાં મહાપાપ છે. કસાઇને ઘેર જેમ ગાય આપવી તેમાં જેમ પાપ છે, તેમ પોતાની દીકરીઓને પૈસા લેઇ પરધર્મીઓને આપવી તેમાં મહાપાપ છે, ભલે આ વાક્ય સાંભળી બીજાઓને ક્રોધ થશે તોપણ તેથી હું ડરવાનો નથી.કન્યાવિક્રયીઓએ જૈનધર્મને મોટું કલંક લગાડયું છે. જૈનધર્મ ઉત્તમ છે અને તેના પાળનાર પણ ઉત્તમ છતાં નીચકર્મ કરે તે કદી શોભે નહિ. કન્યાવિક્રય કરનાર પરભવમાં નીચ ગતિ પામે છે, તે સંબંધી કહ્યું છે કે.—

कन्याविक्रयकर्तारः, पापाऽऽत्मानो भवंति ते ॥
दारिद्र्यपीडिताह्यत्र, यांत्यमुत्र च दुर्गतिम् ॥ १ ॥

કન્યાને વેચનારા પાપી પુરૂષો દારિદ્ર્યવડે કરી આ ભવમાં પીડાય છે, તેના સંતાનોનો ઉચ્છેદ થાય છે, તેની આબરૂનો નાશ થાય છે અને તે પરભવમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગતિ પામે છે. કન્યાને કેવી રીતે પાળી પરણાવવી તે સંબંધે કહ્યું છે કે—

कन्याप्येवं पालनीया, शिक्षणीयातु यत्नतः ॥
वराय विदुषे देया, धनरत्नसमन्विता ॥ १ ॥

કન્યાનું પણ દીકરાની પેઠે પાલન કરવું તથા તેને શીખામણ આપી ભણાવવી ગણાવવી અને યોગ્ય ઉમર થયે છતે ધનરત્નની સાથે કુળ ધર્મ અને ગુણેકરી યુક્ત એવા ઉત્તમવર સાથે પરણાવવી.

दत्वा सुविधिना कन्यां, चतुर्मंगलपूर्वकम् ॥
यथाशक्त्यनुसारेण, जामात्रे दीयते धनम् ॥

ચાર મંગળપૂર્વક પિતાએ જનોક્તવિધિવડે સહિત જમાઇને કન્યા પરણાવવી અને પોતાની શક્તિ અનુસારે જમાઇને ધન આપવું પણ દીકરીના પૈસા લેવા નહિ.

कन्याविक्रय કરનાર ચંડાલના કરતાં પણ હલકો છે, તેનું દષ્ટાંત લૌકિકશાસ્ત્રમાં કહ્યું છે તે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચે પ્રમાણે આપવામાં આવે છે.

પૂર્વે વીરમપુરી નામની નગરી હતી, તેની પાસે સાત ગાઉ ઉપર લક્ષ્મીપુર નામનું નગર હતું, તેમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો, તેને દેવગંગા નામની દીકરી હતી. તે મોટી થઇ, ત્યારે તેણે વિચાર્યું કે—આપણા ઘરમાં પૈસો જોઇએ તેટલો નથી તેટલા માટે તનો વિવાહ કોઇ પૈસાદાર સાથે કરીએ. એમ વિચારી ને તે પાસેની વીરમપુરી નગરી તરફ જવા નિકળ્યો. જતાં જતાં ત્રણ ગાઉના આશરે નગરી રહી એટલે એક તેણે તળાવના તીરે વિસામો કર્યો અને દાતણ પાણી કરવાનો વિચાર કર્યો અને મનમાં ચિંતવવા લાગ્યો કે—મારી પાસે કાંઇપણ પૈસા નથી. ઉલટું આઠસેં રૂપૈયાનું દેવું છે, દીકરી પરણાવું તો લગ્ન ખર્ચ માટે દોઢસો બસો રૂપૈયા પણ જોઇએ, ચારસેં પાંચસો રૂપૈયા ઘરમાં હોય તો સારૂં એમ પંદરસો રૂપૈયા હોય તો ઠીક, એવો પોતાના મન સાથે વિચાર કરી ત્યાંથી ઉઠયો અને આગળ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યો. ચાલતાં ચાલતાં નગરીના દરવાજા નજીક આવ્યો, દરવાજામાં પેસતાં તેને ગાયના શુકન થયા. શુકન સારા થયા હોવાથી તે રાજી થયો, પોતાના ઓળખીતાને ત્યાં ઉતારો કર્યો. પોતાના મનનો વિચાર પાર પાડવા માટે વરની શોધ કરવા લાગ્યો. તપાસ કરતાં પોતાનાથી જરા કુળવાન બ્રાહ્મણ જોઇ સગાઇ કરી.

ઘણા પૈસાની લાલચથી બીજવર શોધ્યો, પોતે ઠરાવેલા પંદરસેં રૂપૈયામાં પદ્માના સાડાસાતસોની થેલી ભરી પોતાના ગામ પ્રતિ ગમન કર્યું. બપોર પછી ગમન કરેલું તેથી રસ્તામાં જતાં વિચાર થયો કે જો હું દિવસ છતાં ગામમાં જઇશ તો લોકો મારી નિંદા કરશે, માટે રાત્રી થયા પછી જાઉં તો ઠીક, એવો મનમાં વિચાર કરી પેલું તળાવ આવ્યું ત્યાં રૂપૈયાની થેલી માથા તળે મૂકી શયન કર્યું. થોડીવાર પછી એક ચંડાળણી શહેર તરફથી આવતી હતી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માથે માંસનો ભરેલો સુડલો હતો, તેણીએ વિચાર કર્યો કે હું આખા દિવસની ભૂખી છું માટે ચાલ, આ તળાવના કાંઠે રાંધી ખાઉં, એમ વિચાર કરી તળાવ કાંઠાપર જઇ બેઠી અને આસપાસ તજવીજ કરતાં ત્યાં હાડકાં પડેલાં હતાં તે ઉપાડી ચુલો કર્યો, કાંટા વિગેરે બળતણ લાવી એકઠું કર્યું, રાંધવાને માટે પાસે વાસણ નહોતું તેથી ત્યાં નજીકમાં મરેલા કુતરાની ખોપરી હતો તે લાવી, તેમાં માંસ રાંધવા ચઢાવ્યું. હવે બધું તો મળ્યું પણ માથે ઢાંકવાને જોઇએ તેથી કોઇનું જૂનું ખાસડું નજીકમાં પડયું હતું તે લાવી ઢાંકયું.

આ બધી ચર્ચા પેલો સુતેલો બ્રાહ્મણ જોયા કરતો હતો તે બેઠો થઈ બોલ્યો, અરે ! તું કોણ છે ? તું જાતે કોઇ ચંડાળની છે કે શું ? તારો ચુલો, વાસણ, ખાવાનું સર્વ અપવિત્ર છેજ, અને વળી આ જૂનું ખાસડું લાવીને ઢાંકયું ! ! પેલી ચંડાળણીએ જવાબ આપ્યો. મહારાજ ! આતો મારો ખોરાક છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને તમે કેમ વખોડો છો ? એ ખાસડું મેં એટલા માટેજ ઢાંકયું છે કે—આ તળાવ પાસે મોટો રસ્તો છે, માટે કોઇ અધમકામ કરનારો અહીં થઇને જાય અને તેના પગની ધૂળ તથા પડછાયો મારા ખાવાના ખોરાક ઉપર પડે તો તે અપવિત્ર થઇ જાય તે માટે આ ખાસડું ઢાંકયુ છે.

અરે ચંડાળણી ! તારા કરતાં તો વળી કોણ વધારે પાપી અને અધમ છે ! બ્રાહ્મણે પૂચ્છયું,

મહારાજ ! મારા કરતાં પણ વધારે પાપી અને અધમ પોતાની દીકરીને પૈસો લેઇ પરણાવનાર છે. જે માણસ પોતાની દીકરીનો પૈસો લેઇ પરણાવે છે તે મારા કરતાં ઘણો અધમ અને નીચ કામ કરનાર છે. એમ ચંડાળણીએ કહ્યું.—

આટલું સાંભળતાંજ પેલો બ્રાહ્મણ ભાઇ ચૂપ થઇ ગયો, અને તેના મનના વિચાર વધ્યા. અરે ! દીકરી-નો પૈસો આ માંસ કરતાં પણ ભૂંડો ! અને ચંડાળણી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં પણ હું વધારે નીચ અને અધમ લેખાઉં ! અરેરે ! કાળો કેર ! એવો મનમાં કલ્પાંત કરી બ્રાહ્મણ ત્યાંથીજ ઉઠી વ્હેવાઇને ઘેર ગયો. જતાં માત્ર પેલી રૂપિયાની થેલી છોડી વ્હેવાઇ પાસે ઢગલો કર્યો. આ જોઇ વ્હેવાઇ વિચારમાં પડયા કે— આ શું ? તેને રૂપૈયા ઓછા પડયા હશે. એમ વિચારી પેલા બ્રાહ્મણને કહ્યું તમને રૂપૈયા ઓછા પડયા કે શું ! એમ નહિ થાય. તમારે વધારે સો બસો રૂપૈયા જોઇતા હોય તો લેઇ જાઓ, પણ મારા ઘેરથી ભાગી બીજે ઠેકાણે વિવાહ કરો તો અમારી આબરૂ જાય, માટે બીજાને ત્યાં કરશો નહિ, આ સાંભળી પેલો બ્રાહ્મણ બોલ્યો કે—

ભાઇ ! મારે તો તમારા રૂપૈયા બિલકુલ જોઇતા નથી. વધારે રૂપૈયા લેવાને મેં તમને પાછા આપ્યા નથી, પણ એક નીચ ચંડાળણીના વચનરૂપી બાણના બોધથી તમને તમારા રૂપૈયા પાછા આપવા આવ્યો છું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે તમારે સારૂં લગ્ન જોવરાવી નક્કી કરી પરણાવવા સારૂ વ્હેલા આવજો. હું કંકુના ચાંલ્લે કન્યા દેઇશ, મારે હવે દીકરીની બદામ સરખી પણ હરામ છે, એમ કહી પોતાના ઘેર આવ્યો. તેણે બધી વીતેલી વાત પોતાની સ્ત્રી વીગેરેને કહી.થોડા દિવસ પછી જાન આવી એટલે પોતાની દીકરીને તેણે પરણાવી દીધી. એક બદામ પણ તેની લીધી નહિ. આ વાત આખા ગામમાં પ્રસરી, તેની રાજાને ખબર થઇ, રાજાએ બ્રાહ્મણને બોલાવી પૂછયું કે તારી થયેલી વાત કહી દે, ત્યારે બ્રાહ્મણે પોતાની વીતેલી હકીકત સંભળાવી. રાજા સર્વે હકીકત સાંભળી ખુશી થયો અને તેને શાબાશી આપી તે ઉપરાંત તેને શીરપાવ આપ્યો. રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે મારા રાજ્યમાં રહી કોઇએ કન્યાવિક્રય કરવો નહિ, જે કરશે તેને દેશપાર કરવામાં આવશે.

મારા વ્હાલામિત્રો ! ઉપરના દૃષ્ટાંતથી વિચારો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે कन्याविक्रय કરવો એ કેવું નીચ કામ છે. તે તમારા ધ્યાનમાં આવશે.

આ પ્રમાણે વકીલાતની પરીક્ષામાં પાસ થયેલા મોહનલાલે ભાષણ આપ્યું, તે સાંભળી વસંતપુરના સર્વ ગૃહસ્થો ખુશી થયા અને હર્ષથી તાળીઓના અવાજમાં તેમને વધાવી લીધા. ત્યાર બાદ વકીલ નંદલાલ નામના એક ગૃહસ્થે નાતની સભામાં ઉભા થઇ ભાષણ કર્યું કે:—

જૈનભાઇઓ અને જૈન બહેનો ! હું મારી શક્તિ મુજબ કંઇક નાતના કલ્યાણને માટે બોલીશ તે આપ કૃપા કરી શ્રવણ કરશો. કેટલીક નાતોમાં અરસ્પરસ સાટાં કરી સામસામાં લગ્ન કરવાનો રીવાજ છે, તેપણ તેવોજ પાપી અને હાનિકર્તા છે. કોઇ એમ કહેશે કે–અમો દીકરીના પૈસા લઇએ નહિ પણ જ્યારે દીકરાને પરણાવીએ ત્યારે દેવા પડે માટે તેનું શું કરવું ? તેનો એટલોજ જવાબ કે ભાઇઓ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા દીકરાનું શું થશે તેનો વિચાર નહિ કરતાં ફક્ત એટલુંજ કરવું કે પોતાના દીકરાને ભણાવી ગણાવી સારા લક્ષણવાળા કરવાની કાળજી રાખવી, તો તે એની મેળે પરણશે. વળી જ્ઞાતિમાં પસા વિના લેવા દેવાનો રીવાજ કર્યો હોય તો પછી દીક-રાના માટે શામાટે પૈસા આપવા પડે ? સારાં કૃત્ય કરવાથી સારૂ જ થાય છે. કન્યાવિક્રય પાપ કરી સુખ મેળવવાની ઇચ્છા કરવી તે અગ્નિમાં પડી જી-વતા રહેવાના વિચાર સરખું છે.

कन्याविक्रय નો પૈસો લેઇ ધનવાન્ થવાની ઇચ્છા રાખવી તે મોટું પાપ છે, એવા પૈસા લેનારની સ્થિતિ તરફ વિચાર કરશો તો તેની સ્થિતિ બહુ ભૂંડી માલુમ પડશે. દીકરીનો પૈસો આવે ત્યારે તો સારો લાગે પણ અંતે "ચાર દહાડાનું ચાંદરણું" તેની પેઠે પાછું તેવુંને તેવુંજ. "જેવે રસ્તે પૈસો આવ્યો હોય છે તેવે રસ્તે જાય છે" તે પ્રમાણે અધમરસ્તે મેળવેલો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈસો સારે રસ્તે ભાગ્યેજ જાય છે. કન્યાવિક્રયનો પૈસો દુર્વ્યસન, વેશ્યા, ચોરી, લૂંટ વિગેરેમાં જાય છે અને દીકરાને પરણાવતાં પાછા રૂપૈયા દેવા પડે છે.ઘરમાંથી કોઇની સ્ત્રી મરી જાય છે તેને ફરી પરણાવવામાં પૈસા આપવા પડે છે. અયોગ્ય રીતે ખાવા પીવામાં તથા કોઇ અચાનક વરો આવીપડે તેમાં,એમ અનેક માર્ગે કન્યાવિક્રયનો પૈસો નદીપૂર પેઠે જાય છે. જેમ નદીનું પૂર ક્ષણમાં આવી ક્ષણમાં ચાલ્યું જાય છે તેમ કન્યાવિક્રયનો પૈસો નદીના પૂર સરખો થોડી મુદત ટકી શકે છે અને મૂળની મૂંડીનો પણ " નવું પૂર જૂનાને તાણી જાય " તેમ " નાશ કરે છે. "

કન્યાવિક્રય કરવાવાળા કન્યાદાન દેવા બેસે છે તે ન્યાયથી જોતાં વ્યાજબી નથી; કારણ કે તેણે ક્યાં ખરૂં કન્યાદાન દીધું છે? તેણે તો વિક્રય કરેલો છે માટે તેનું દાન દેવું આ ઠેકાણે ક્યાં રહ્યું?

એક નાગર ગાગર ભરાય એટલા રૂપિયા લેઇને



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી કન્યાદાન કરવા બેઠો, ત્યારે ગોરે કન્યાદાન અપાવ્યું. પછી કન્યાના બાપ પાસે કહેવરાવ્યું કે 'મયા દત્તા' મેં કન્યાદાન કર્યું. કન્યાની મા પાસે કહેવરાવ્યું કે 'મયાપિ દત્તા' મેં પણ કન્યાદાન કર્યું. પશ્ચાત્ ગોરે વરને કહ્યું કે તમે કહો કે 'મયા-પ્રતિગૃહીતા' મેં કન્યાદાન લીધું, ત્યારે વરે ગોરના કાનમાં કહ્યું કે 'બંદા ખરીદ કરકે લેતા હૈ.' જુઓ એનું નામ કન્યાદાન કહેવાય નહિ પણ કન્યાને વેચી કહી શકાય છે.

## विनाशकाळे विपरीत बुद्धिः

વિનાશકાળે મનુષ્યની વિપરીતબુદ્ધિ થાય છે એ ખરૂંજ છે. કહ્યું છે કેઃ—

असंभवंहेममृगस्यजन्म, तथापिरामोलुलुभेमृगाय
प्रायः समापन्नविपत्तिकाले, धियोपिपुंसांमलिनी
भवन्ति ॥ १ ॥

ખરૂંજ છે કે વિનાશકાળ પ્રાપ્ત થતાં માનવોની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિમલમતિ પણ અન્યાયપંથગતિને આશ્રયકરવા માટે અનીતિપણું ધરાવે છે. જો એમ ન થતું હોય તો સુવર્ણના મૃગનો જન્મ અસંભવ છે છતાં રામચંદ્ર તે મૃગને મારવામાટે ધનુષ ધરી, "આ મૃગ હેમનો છે, તેને મારૂં એમ વિચારી" તેને મારવા દોડયા હતા તે વિપરીતકાળ નહીં તો બીજું શું ? માટેપૂર્વોક્તકાળ પ્રાપ્ત થતાં વિદ્વજ્જનોની મતિ પણ વિપરીતપણાને પામે છે એમાં કાંઇ શંકા નથી.

જ્યારે હિંદુસ્થાનમાં મુસલમાની રાજ્ય થવાનો સમય આવ્યો ત્યારે રજપૂતોની અરસ્પરસ ફાટાફૂટી થઇ અને મુસલમાની સત્તાતળે હિંદુસ્થાનનું તખ્ત દિલ્લી ગયું. તેમ મુસલમાનોનો જ્યારે કુદિન આવ્યો ત્યારે ઇંગ્લીશલોકોએ હજારો ગાઉથી અત્રે આવી સ્વસત્તા પરાક્રમવડે હિંદુસ્થાનમાં પ્રવેશ કરી સુરત વિગેરે ઠેકાણે વેપારની કોઠીયો ઘાલી ધીમે ધીમે વેપાર વગેરેમાં કુશળ થતાં રાજ્યમાં પણ પ્રવેશ કર્યો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને લશ્કર બનાવી નાનાં ગામ તાબે કરીને અંતે મોટાં રાજ્યમાં પણ મુખ ઘાલ્યું અને સંપ, ઉદ્યોગ, કળા, પરાક્રમ, ધૈર્યથી આખું હિંદુસ્થાન પોતાના વશમાં કરી લીધું. જુઓ કે ઇ. સ. ૧૮૫૭ ના બળવામાં મૂઠીભર અંગ્રેજલોકોના સામું દેશી લશ્કર તથા રાજાઓ હતા તોપણ તેમનું કંઇ ચાલ્યું નહોતું. જુઓ કે એ લોકો, હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે કોઇ તેમનું સગું નહોતું, કોઇના તેડાવ્યા પણ તેઓ આવ્યા નહોતા, ફક્ત તેમણે ઉદ્યોગ, સંપ, ધૈર્ય, કળા અને બહાદૂરીથી હિંદુસ્તાનનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે. આપણી પેઠે તે લોકો અરસ્પરસ એક બીજાની અદેખાઇ કરતા નથી અને સંપીને ચાલે છે. જુઓ કે કોઇએ કોઇ ઇંગ્લીશ ભીખ માગતો દેખ્યો છે? આપણે જે અંગ્રેજ લોકોનો પહેલાં તિરસ્કાર કરતા, અને તેમને અડતાં આભડછેટ માનતા, તેઓની આજ એવી દશા થઇ છે કે જેથી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓની મુલાકાત દેવદર્શન જેવી થઇ પડી છે; એ સર્વે, ન્યાય, નીતિ, ઉદ્યોગ,સંપ, પોતાના ધર્મી ભાઇઓને ઉન્નતિમાં સહાયી થવું એજ કારણ છે. એવી રીતના ઉપાયોમાં જૈનોની ઉન્નતિ સમાઇ રહી છે. જૈનોમાં કન્યાવિક્રય જેવા ખરાબ રીવાજોથી કોણ જાણે હજુ આગળ કેવી દશા થશે? કેટલાક તો 'જે કર્મમાં લખ્યું હશે તે થશે' એમ માની આળસુ બની ગયા છે. તેઓ પોતાની સોબતમાં આવનારને પણ આળસુ બનાવે છે અને જૈનોની ઉન્નતિ ઇચ્છવાની વાતને તો તેઓએ કોરે મૂકી,પણ કોઇનું સારૂં થતું જોઇને પણ તે રાજી થતા નથી. હાલમાં એકે અવાજે કબૂલ કરવું પડશે કે, જૈનોમાં કોઇ કરોડાધિપતિ નથી તેમ કોઇ રાજ્ય સત્તાવાળો પણ નથી, કોઇ જૈન પૈસાદાર હોય તો તેને દેખી બીજો તેની અદેખાઇ કરે છે. અહો! કેવી અધમતા! જૈનો મુખથી દયા દયા પોકારે છે પણ પોતાની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતિના જૈન સગાવહાલાને ખાવાને અન્ન મળતું ન હોય, તથા તે કાંઇ વેપાર કરતો ના હોય તો પણ તેની કોઇ સહાય કરતું નથી.

## ज्यां कीर्तिना बाचको त्यां दोडधाम.

જૈનશાસ્ત્રામાં કીર્તિને માટે ધર્મકાર્ય કરવું નહિ એમ ફરમાવ્યું છે,જે કરવું તે કર્મના નાશને માટે અને મુક્તિપદ પ્રાપ્ત કરવાને માટે કરવું, પણ હાલ જૈનોમાં એક વિજળીક વિચાર પ્રસર્યો છે, તે એ છે કે એક આપણું નામ થાય તેમ કરવું.દેરાસર બંધાવવાં તેમાં પણ પોતાના નામનું એન્જીન આગળ ને આગળ, કોઇ ટીપમાં પણ નામની ખાતર રૂપૈયા ભરવા, જમવા, જમાડવામાં પણ નામની ખાતર દોડધામ થઇ રહી છે, આથી એમ કહેવાનું નથી કે સર્વ જૈનો નામના ભૂખ્યા છે. ઘણા ભાગ્યવંતો સ્વધર્મના ભૂખ્યા છે. " બહુ રત્ના વસુંધરા" દુનિયામાં ઘણાં રત્ન છે, જૈન ગરીબ રાંડી રાંડોને છાનામાના અન્ન વિગેરે આપતાં અવર્ણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ કરીએ અને સગા વ્હાલાને પરાણે પરાણે જમતાં પણ બે કોળીયા વધારે જમાડીએ, કહો કેવી અધમતા !! કોઇ જૈન ગરીબ હોય અને તેને પોતાને ત્યાં નોકરી રાખવામાં તથા તેને પાંચ પચ્ચીશ રૂપૈયાની મદદ કરી ભણાવવામાં મુખ મચકોડીએ અને એક નાતવરામાં હજારો રૂપિયા ઉડાડી મૂકીએ, ગાડીઘોડાના ઠાઠમાઠમાં બારમાસે પાંચહજાર રૂપિયા ખરચી નાંખીએ, અને પાંચ પચ્ચીશ જૈનછોકરાઓને ધંધામાં લગાડતાં સંકોચાઇ જઇએ અને પોતાને ત્યાં કલેકટર સાહેબની પધરામણીમાં હજારો રૂપિયા ખરચી નાખીએ, ત્યાં તો કીર્તિના બાચકા મળે અને જૈનછોકરાઓને ધંધામાં લગાડતાં શું મળે ? એવા પામર જીવો, પુણ્યોદયથી લક્ષ્મી પામ્યા છતાં પણ કીર્તિના આવેશમાં લોભાય છે.

આપણા સગાઓને, આપણા મિત્રોને, આપણા વ્હેવાઇઓને આપણે બળાત્કારથી ખવરાવીએ છીએ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓનું પેટ ભરાઇ ગયું હોય તોપણ તેઓને જોરાવરીથી ખવરાવીએ છીએ, તેઓને બ્હામી હલવો અને બાસુંદી ભાવે નહીં તોપણ ખવરાવીએ છીએ અને તેઓ જમવા આવવાની ચોખ્ખી ના પડે તોપણ તેઓને ઉપરા ઉપરી તેડાં નોતરાં કરીને, જોર કરીને, ગુસ્સો કરીને, સમ ખવરાવીને, શરમાવીને પણ તેડી લાવીએ છીએ, પણ આપણા સ્વધર્મીબંધુઓને ખાનપાનના સાંસા પડતા હોય તો પણ તેના સામું જોઇએ નહિ એ કેટલી ધર્મ સગાઇમાં હીનતા ?

આપણે ઘેર જ્યારે પુત્ર પુત્રીને પરણાવીએ છીએ ત્યારે હજારો રૂપિયા ખરચી નાંખીએ છીએ અને દારૂખાનું ઉડાડી હજારો રૂપૈયાના ધૂમાડા કરી નાંખીએ છીએ, પણ એક પોતાની નાતના જૈનધર્મી બાલકને ધંધે લગાડવામાં તથા તેને ભણાવવામાં બેદરકારી રાખીએ છીએ. જુઓ એ કેટલો બધો જુલમ ? પોતાનો ધર્મોન્નતિમાં કેટલો ઉત્સાહ ? તે વિચારો.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખ્રીસ્તિ થનારા દેશીયોનું શું પરિણામ આવશે ?

હાલના વખતમાં અંગ્રેજોની સાથે તેમના ખ્રીસ્તિ ધર્મે પણ હિંદુસ્તાનમાં પ્રવેશ કર્યો છે, અને પાદરી-ઓએ મોટી મોટી શાળાઓ ઉઘાડી ગરીબોને આશ્રય આપ્યો છે. તે એવી આશાથી કે, તેમાંથી કેટલાક ખ્રીસ્તિઓ થાય. તે લોકોની ખંત ઉદ્યમથી, ઉત્સાહથી અને સંપથી ઘણા નીચ વર્ણના હજારો લોકો દરવર્ષે વટલી વટલીને ખ્રીસ્તિ થતા જાય છે, તેથી જૈનોએ તેનો વિચાર કરવો જોઇએ. ધર્મના યોદ્ધારૂપે તે તમારા સામા ઉભા રહી તમારા જાતિ ભાઇઓને આગળ જતાં વટલાવશે.

વિક્રમ સં.૧૯૫૬ની સાલના દુષ્કાળમાં ખ્રીસ્તિ-ઓએ ઘણાં છોકરાઓને તથા છોકરીઓને ખ્રીસ્તિ ધર્મસ્વીકારવાની ખાતર આશ્રય આપ્યો,આગળ જતાં તે સર્વ કેળવણી લઇ સારી સ્થિતિ ઉપર આવી જશે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક ઠેકાણે ખ્રીસ્તિ અનાથાશ્રમમાં હજારો છોકરા છોકરીઓ અભ્યાસ કરે છે, તેઓનો વિશેષ અભ્યાસ થતાં સારા સારા હુન્નરો શીખી તેઓ મોટી પદવીએ ચઢશે,ત્યારે તે લોકો ખ્રીસ્તિધર્મને માનઆપી તમારા સામી કેવી દૃષ્ટિથી જોશે તેનો વિચાર કરો. ખ્રીસ્તિ લોકોએ ધર્માભિમાનથી ઢેડ વિગેરે લોકોને ભણાવવા શાળાઓ ઉઘાડીછે અને તેઓને ખ્રીસ્તિઓ બનાવવા માંડયા છે તેથી આગળ જતાં દામ ખર્ચતાં ઝાડું વાળનાર પણ તમને મળશે નહિ એવો વખત આવશે. પરંતુ અત્યારે તો તમો તેઓને નમાવો છો પણ ભવિષ્યમાં તેઓને સાહેબ કહેવાનો તમારો વખત આવશે. આજકાલ કરતાં હાલમાં આ દેશમાં પગ દીધેલા ખ્રીસ્તિ ધર્મમાં લાખો માણસો ભળી ગયા છે અને જૈનધર્મ કે જે સત્ય ધર્મ છે તેમાંથી સંખ્યાનો ઘટાડો થતો જાય છે. કેટલાક ગોસાંઇના ધર્મમાં ગયા, કેટલાક સ્વામિનારાયણ થયા, અજમેરમાં વિષ્ણુધર્મી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક ઓશવાળો થયા છે,ઉદેપુરમાં દશવર્ષમાં કેટલાકે આર્ય સમાજી પંથમાં તથા કેટલાકે અન્ય મતમાં પ્રવેશ કર્યો છે,વિજાપુરમાં પહેલાં દશા પોરવાડ દેશાઇ લોકો સર્વે જૈન હતા અને તેમનો ઉપાશ્રય પદ્માવતીના દેરાસરવાળો હતો, તેમાંના ઘણાખરા વિષ્ણુભક્ત બની ગયા છે; કાઠીયાવાડમાં કેટલાક સ્વામિનારાયણના પંથમાં ભળી ગયા છે, તો કેટલાક થીઓસોફીકલ સોસાઇટીમાં જોડાયા છે અને તે મત બ્લાવાટસ્કીએ કાઢેલો છે, આટલું બધું થવાનું કારણ—ધર્મગુરૂઓની અકાળજી, બેદરકારીપણું, અનુદ્યોગતા અને મિષ્ટભોજન જમી સુખશયનતા, આળસુ શત્રુના પંજામાં ફસાવાને ઉદ્યોગરૂપી મિત્રની સાથે કલહપણું, ધર્મડોળ દેખાડવો, ઇત્યાદિ બાબતો છે તેનો પ્રત્યક્ષાનુભવ કરો.

## समानधर्मीओमां परस्पर प्रेम.

એક સત્ય જૈન ધર્મ સ્વીકારનારા જૈન ભાઇઓનો

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરસપરસ અત્યંત પ્રેમ હોવો જોઇએ. કારણ કે સંપથી શેષ સુખસંપદા પ્રાપ્ત થાય છે. ઉદાહરણ—

संपे संपत्ति सांपडे, लाज वखाणे लोक ॥
संप नहि जे गृहविषे, ते घर हरनिश शोक ॥१॥

સગાના કરતાં પણ તેઓના ઉપર અત્યંત પ્રીતિ ધારણ કરવી, સગા ભાઇઓ કરતાં પણ ધર્મીભાઇઓને અત્યંત પ્રિય ગણવા, તેમને સંકટમાં સ્હાય આપવી, તેમને ધર્મમાં સ્થિર કરવા, પણ ભીખારીની માફક તેમની સાથે દૃષ્ટિ રાખવી નહિ. જે કંઇ વૈભવ આ ભવમાં પ્રાપ્ત થયો છે તે પૂર્વભવમાં સાધુઓની તથા શ્રાવકોની ભક્તિ કરવાથી થયો છે અને તેઓને જો આપણે આ ભવમાં પ્રેમથી તથા બહુમાનથી કંઇપણ સ્હાય નહિ આપીશું તો આપણે પરભવમાં શું લેઈ જવાના ? અલબત્ત કંઈ નહિં. માટે જૈનોને વેપારમાં સ્હાય કરવી, તેમને ભણાવવા, એ આપણી ફરજ છે તે અદા કરવી જોઇએ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિદિન જમાનો બદલાતો જાય છે, તેમાં અન્ય ધર્મીઓના સપાટામાં આપણા જૈનબંધુઓ સપડાય નહિ અને ઉત્તમ સ્થિતિમાં આવતા જાય તેવાં પગલાં ભરવાં એ જૈનોને ઉચિત છે. મોહનલાલ ભાઇએ કન્યાવિક્રય સંબંધે જે વિવેચન કર્યું છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે. જુઓ કે અમુક ગામમાં અમુક માણસે કન્યાના પૈસા ખાધા તો તેની ખરાબ સ્થિતિ થઈ અને તેના ઘેર તાળુ વસાયું, એમ હજારો દાખલાઓ પ્રત્યક્ષ દેખવામાં આવે છે; માટે મહેરબાન નગરશેઠે આજરોજ તે સંબંધી કાયદો ઘડવો જોઇએ કે જેથી કન્યાવિક્રય રીવાજના પાપી પગલાંનો નાશ થાય. ”

આ પ્રમાણે કહી નંદલાલભાઇ વકીલ બેશી ગયા કે તેમને શ્રોતાઓએ આનંદથી વધાવી લીધા. ત્યાર બાદ ધર્મચંદની પુત્રી કમળા જે વૃદ્ધ તેલીને પરણાવી હતી, તેણીને તેલી મરી જવાથી વૈધવ્ય પ્રાપ્ત થયું હતું તે નાતની મહાસભામાં ઉભી થઇ બોલી કે—

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને તેલીને ત્યાં મારા બાપે રૂપિયા લઈ પરણાવી, તેલીએ પોતાના ઘરની માલ મિલકત સઘળી મારા બાપાને આપીને તે પોતે પરણ્યા.હવે તેઓ ગુજરી ગયા છે, પાછળ કંઇ પણ મારામાટે ખાવા મૂકી ગયા નથી, અને વળી મને ખાવાને વખો (હરકત) પડે છે, એમ કહેતાં કહેતાં રોતાં રોતાં બેશી ગઇ. આ સાંભળી સૌની આંખમાં અશ્રુધારા વહેવા લાગી.

હરિચંદ શેઠે પછી સત્વર સભામાં બેઠેલા લોકોની સંમતિ લેઇ એક કાયદો ઘડયો અને સર્વને સંભળાવવા ઉભા થઇ બોલ્યા કેઃ—

આપણી નાતમાં આજ સુધી કેટલાક કુધારાથી નાતને જે હરકત પહોંચી છે તથા કેટલાક સુધારા હાલના જમાનાને અનુસરી કરેલા નથી, તેથી નાતની થતી ઉન્નતિમાં પડતી અડચણને દૂર કરવાને આજ સુધીના અનુભવથી તથા આપ નાત સમસ્તની સંમતિથી નીચે પ્રમાણે ઠરાવ રજુ કરવામાં આવે છે કેઃ—

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે હવેથી દીકરીને વેચી પૈસા ખાશે તેને નાત બહાર મૂકવામાં આવશે.

આ ઠરાવ સાંભળી સર્વ ગૃહસ્થોએ શેઠને તાળીઓના અવાજથી વધાવી લીધા ને માંહોમાંહે વાતો કરવાલાગ્યા કે,હવે આપણો ઉદયદિવાકર પ્રકૃષ્ટપ્રભાથી સુખગિરિ પ્રતિ આરોહણ કરતો દેખાશે એમ લાગે છે. આવા નગરશેઠથી નક્કી આપણી સ્થિતિ ચઢતી થશે, ઠીક કર્યું. પાપીઓ પોતાની દીકરીના પસા ખાતા હતા તે હવે ખાતા બંધ પડયા. હવે " ઘોના પાપે પીપળો બળશે નહિ " પહેલાં જો આવા નગરશેઠ થયા હોત તો કેવું સારૂ ! હવે થયા તે પણ સારૂં થયું છે. જે થાય છે. તે ઘણું સારૂં થાય છે.

એવામાં વીરચંદ નામના નામાંકિત વૃદ્ધ ગૃહસ્થ સભામાં ઉભામાં થઈ સંભાષણ આપવા લાગ્યા. તેમની ઉમર સિત્તેરવર્ષ ઉપરાંતની હતી. જૈનોની ઉન્નતિ કેમ થાય !! તત્સંબંધીના વિચારોના પ્રવાહમાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનું મન લીન થયું હતું, નાની નાની પાયરીથી મોટી પાયરી કેમ પ્રાપ્ત થાય તે બાબતમાં તેમના વિચાર પક્કા અને અનુભવી હતા, તેમનાં વચનો સાંભળવાની શ્રોતાઓને ઘણી આકાંક્ષા હતી, તેઓએ નીચે પ્રમાણે ભાષણ આપ્યું.

મારા ધર્મસાધક સદ્‌ગૃહસ્થ મિત્રો ! હું સ્વમત્યનુસારેણ યત્ કિંચિત વદુ છું તે ઉપર ધ્યાન આપશો.

વકીલ મોહનલાલભાઇએ અને નંદલાલભાઈ નામના વકીલે જે વિષય ચર્ચ્યો છે તેનો ફેલાવો આખા દેશમાં થવો જોઇએ અને તે સંબંધી ચર્ચા જૈનોની ભરાતી કોન્ફરન્સમાં થશે તો સારૂં પરિણામ આવશે. હું ધારૂં છું કે હવે આપણા જૈનો ઉંઘમાંથી જાગ્યા છે અને તેમનાં ફળ તેમનાં બાળબચ્ચાં ભોગવશે.

કન્યાવિક્રયથી પુર્નલગ્નને ઉત્તેજન મળ્યું છે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મળશે; માટે કન્યાવિક્રયરૂપ પાપી વૃક્ષને જડમૂળથી ઉખેડી નાંખવું જોઇએ. દરેક જૈનોની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમાયેલી છે, માટે કાઠી-યાવાડ ગુજરાત વિગેરે દેશોમાંથી આ પાપી રીવાજનો સમૂળગો નાશ કરવો જોઇએ. પાપનો પૈસો હાડ-કાંને હરામ બનાવે છે અને બુદ્ધિને બગાડે છે, તે ઉપર એક દૃષ્ટાંત સાંભળવા લાયક કહું છું તે શ્રવણ કરશો.

## ઉંટ અને મધુકરી.

એક ઉંટવાળાએ કોઇ ધર્મશાળામાં મુકામ કર્યો અને ઉંટને પોતાની પાસે બાંધીને સૂઇ રહ્યો, તે ધર્મ શાળામાં કોઇ બાવો હતો, તે ગામમાંથી ભીક્ષા માગી લાવેલો, તેમાંથી અર્ધું પર્ધું ખાઇ બાકીનું ઝોળીમાં નાંખી ખૂંટીપર લટકાવી મૂકી મધ્યાન્હસમય થવાથી જરા એક પડખે સૂઇ રહ્યો અને ઉંટવાળો પણ પાસે સૂઇ ગયો હતો. તે દરમિયાન

8

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંટ છૂટી ગયું અને ખુંટી ઉપર રાખેલી મધુકરી ( ભીક્ષા ) ખાવા લાગ્યું, ઉંટવાળો જાગી ઉઠયો, અને જુએ છે તો ઉંટ ભીક્ષાના ટુકડા ખાતુ હતું તે દીઠું. આ બનાવ જોઇ ઉંટવાળો પોકેપોક મૂકી રોવા લાગ્યો, તેથી બાવો પણ જાગી ઉઠયો, તેણે ઉંટવાળાને પૂછયું તો તેને બનેલી બીના જાણવામાં આવી. બાવાને આશ્ચર્ય લાગ્યું. બાવો કહેવા લાગ્યો કેઃ—

હે ભાઇ ! ભીક્ષા ખાઇ ગયું તે તો મારી વસ્તુ હતી તેમાં તું શાને રડે છે ? હશે, જાનવર છે, છૂટી ગયું ત્યારે ખાઇ ગયું. હું કાંઇ તેનો દાવો કરતો નથી અને કંઇ લડાઇ ઝઘડો પણ કરતો નથી. હું વળી બીજું માગી લાવીશ. ભોળા ભાઇ રોશો મા ! !

આ પ્રમાણે બાવાનાં વચનો સાંભળી ઉંટવાળો બોલ્યોઃ–હું કાંઇ મધુકરી (ભીક્ષા) માટે રોતો નથી. હુંતો ઉંટમાટે રોઉં છું.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇ ! ઉંટમાટે કેમ રૂવોછો ! ઉંટ તો સાજું તાજું છે. બાવાએ આશ્ચર્યતાથી પૂછયું.

ઉંટવાળો બોલ્યો:—ભાઇ ! ઉંટે મફતની વગર મહેનતની મળેલી ભીક્ષા ખાધી તેથી, તેની જીંદગી નકામી હરામ હાડકાંની થઇ. હવે તેનાથી કંઇ કામ થશે નહિ, કેમકે ભીક્ષાનો ટુકડો ખાનારનાં હાડકાં હરામ હોય છે, તે કોઇપણ પ્રકારની મહેનત લાયક રહેતો નથી. ભીક્ષાના ટુકડાનો ( કડકાનો ) સ્વાદ એવો છે કે જેણે એક વખત પણ તેનો લાભ લીધો તેનું મન વારંવાર તે તરફ દોડયાં કરે છે અને મહેનત કરવી તે તો તેને મોત સમાન લાગે છે; તે ઉદ્યોગથી ભ્રષ્ટ થાય છે, અને સ્વાર્થ પરાર્થ બંનેને બગાડે છે. મારો પાંચસો રૂપૈયાનો ઉંટ આજે ભીક્ષાનો ટુકડો ખાવાથી ખરાબ થયો, હવે દિન પ્રતિદિન મહેનત મજૂરીથી તે પાછો હઠી સુસ્ત બનતો જશે. આપનું નુકશાન તો હું આપી શકું છું પણ જે મારૂં નુકશાન થયું છે, તે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ આપી શકનાર નથી. એમ કહીને સાધુને બે દિવસના ખોરાકના પૈસા આપી ઉંટવાળો ત્યાંથી વિદાય થયો.

ભાઇઓ ! ઉપરના દૃષ્ટાંતથી આપણે સાર એટલો લેવાનો છે કે—દીકરીને વેચી તેના પૈસા લેઇ ખાવાથી આખી જીંદગી બગડે છે અને રૌરવ દુઃખના અધિકારી થવાય છે. જેમ તે ઉંટ એકવાર ભીખનો ટુકડો ખાધાથી બગડ્યો તેમ કન્યાવિક્રય ધનથી ધર્મભ્રષ્ટ, જ્ઞાતિભ્રષ્ટ, કીર્તિભ્રષ્ટ, પુણ્યથી ભ્રષ્ટ બનીને મનુષ્ય મહાદરિદ્રી બને છે. દીકરીનો પૈસો માંસ બરોબર છે, દીકરીનો પૈસો ખાનાર નાત-વરો કરે તેમાં જમનાર સર્વ દોષના અધિકારી બને છે; માટે કન્યાવિક્રયી નાતવરો કરે તેમાં જમવું યોગ્ય નથી. કેટલાક છાનામાના કન્યાઓના પૈસા ખાય છે, તે પણ અંતે દુઃખી થાય છે અને થશે, માટે દીકરીનો પૈસો ખાનાર સગો સંબંધી હોય તોપણ તેનાથી દૂર રહેવું, અને એવાકન્યાવિક્રયી-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને શિક્ષામાટે સખ્ત ઉપાયો લેવા. તે પોતે બગડે છે અને બીજાઓને બગાડે છે. જેમ પ્લેગના સંસર્ગથી બીજા પણ પ્લેગથી દોષિત બને છે તેમ અત્ર પણ જાણવું,

दुहा।

पुत्रीने परणावीए, कोडी न धरीए हाथ ॥
स्वशक्ति परणावीए, योग्यपुरुषनी साथ ॥१॥
कन्याविक्रय जे करे, लागे तेहने पाप ॥
दुःखी दरिद्री दोषी थई, पामे बहुसंताप ॥२॥

કેટલીક નાતોમાં જાનને, કન્યાનો બાપ પંદર અથવા દશ પાંચ દિવસપર્યંત રાખે છે, વળી તેટલી મુદતને માટે જમણવાર મુકરર પણ કરેલા હોય છે, તેમને કહીએ કે ભાઇ આવાં ખર્ચ કમી કરવાં તેમાં ભલું છે, ત્યારે તે કહે છે કે તમો શું સમજો? અમો અમારા વ્યવહાર ન કરીએ તો નાત જાત અમારાં લૂગડાં ફાડે અને નાતમાં હલકા પડીએ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



લુંદો ખાવો ને ખવરાવવો, એ ન કરીએ તો લોકોમાં અમારી આબરૂ જાય. એવું કથનારને કહેવાનું કે ભાઇ! દીકરીને વેચવાથી શું આબરૂં નથી જતી? તે પાછું વળી જમણુકરી આબરૂ જાળવવાની બાકી રહે છે! એક જમણ ઓછું કરવાથી ભાઇની લાજ ના જાય અને ખર્ચ તો બધું દીકરીને વેચીને લીધેલા પૈસામાંથી કરવાનું છે. જો જો કન્યાવિક્રયી એવા જૈનોની અને હિંદુઓની લાજ વ્યવહાર જાળવવાની રીતિ!!! દીકરીને વેચીને વ્યવહાર રાખવો એના કરતાં અધમમાં અધમ, પાપીમાં પાપી નીચ વ્યવહાર કયો!

## मुसलमानो दीकरीने वेचता नथी.

માંસના ખાનારા અને ઈદના દિવસે બકરીઓની કુર્બાની વહોરા મુસલમાન પણ પોતાની દીકરીને વેચી તેના પૈસા ખાતા નથી, જે જૈનો, કન્યાઓના પૈસા ખાય છે તે મુસલમાન કરતાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ભૂંડા કેમ ઠરે નહિ ? કારણ કે જે મુસલમાનોને જૈનોના જેટલી દયા નથી, તેઓ પણ એક ખુદા ઉપર વિશ્વાસ મૂકીને પોતાની દીકરીની દયા કરે છે અને પૈસા ખાતા નથી, તેના કરતાં જે ધર્મમાં અત્યંત દયા છે અને જેઓ દયામયજૈનધર્મના ભક્ત એવું નામ ધારણ કરે છે અને અમો શ્રાવક છીએ એમ કહી કપાળમાં કેશરીયાં ટીલાં કરી શીરો ઝાપટવા મંડી જાય છે અને પોતાની દીકરીઓના પૈસા ખાય છે, તેઓએ મુસલમાન કરતાં ભૂંડું કર્યું એમ કેમ કહેવાય નહિ ! પારસી લોકો પણ પોતાની દીકરીને પૈસા લેવાની ખાતર પરણાવતા નથી, તેઓ દીકરીના પૈસાને પોતાના માંસ બરોબર સમજે છે, તેમ છતાં આપણા જૈનોમાં “ ઢમઢોલ અને માંહે પોલ ” ની પેઠે આટલું બધુ અંધેર ચાલે છે, અને કોઇની આંખો ઉઘડતી નથી. અરે ! અફસોસ ! ! જૈનવર્ગ પડતી દશા ઉપર આવ્યો, તોપણ આપણે “ પોષ મહિનાના પાણી ” ની પેઠે ઠંડા બનીશું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે આપણી ઉન્નતિ કેમ થશે ? જુઓ કન્યાવિક્રય જ્યારથી પેઠો ત્યારથી દેશની અને તે જ્ઞાતની પાયમાલી થતી આવી છે અને ત્યારથી જૈનોમાં કોઇ કરોડાધિપતિ પણ થયો નથી. પહેલાં કન્યાવિક્રય થતો નહોતો તેથી લોકો ઘણા સુખી હતા.

બીચારા ગરીબ માણસે દશ પંદરવર્ષપર્યંત પરણવાની લાલચે વેપાર કરી કરીને પાંચ હજાર રૂપિયા કન્યાના બાપને આપ્યા, કન્યા પરણીને ઘેર આવ્યો; એટલામાં કેટલાક દિવસે તે કન્યાનો પતિ મરી ગયો, હવે બિચારી પેલી સ્ત્રી શું ખાય ? પોતાના બાપને કેવી કુઆશિષ આપે ? તેનો વિચાર કરો ! બાપે પૈસો લેઇ દીકરીનો કંઇ સ્વાર્થ તકાસ્યો નહિ, માટે દીકરીનો વૈરી તે કેમ કહી શકાય નહિ ? અલબત્ત તે દીકરીનો વૈરી જાણવો. એવા કન્યા વિક્રયના કુચાલનો જડમૂળથી નાશ થવો જોઇએ.

બુઢ્ઢાઓને બાળકીઓ દેવી તે પણ એક નિંદ્ય-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ છે, કારણ કે યુવાન બાળકીનો સ્વાર્થ તેનો પિતા તાકતો નથી. કોઇ મને એમ પ્રશ્ન કરશે કે–"શું તેનો પિતા દીકરીનો સ્વાર્થ તકાસતો નથી ? ત્યારે શું પોતાનો સ્વાર્થ તકાસે છે ? પૈસાદાર હોય પણ ઘરડો હોય તેથી બાળકીને ત્યાં દેઇએ તો બાલિકાને પૈસા બાબતની કંઇ પણ અડચણ પડે નહિ, તેણીને ખાવા પીવાની લહેર પડે, અને તે કદાપિ રાંડે તોપણ બીજાઓની પેઠે કોઇને ત્યાં તેણીને ભીખ માગવા તો જવી ન પડે ! બિચારી બેઠી બેઠી ખાય અને તેના આત્માને શાંતિ મળે, એટલે આપણને તે મોંજ કરતી હંમેશ સારી દુવા દે. ધર્મ, દાન, પુણ્ય પણ કરે, પૈસાદાર હોવાથી જેટલું કરવું હોય તેટલું થઇ શકે. શું આથી દીકરીના સ્વાર્થ તરફ તેના પિતાની ઓછી કાળજી છે ?"

જો આ પ્રમાણે કન્યાવિક્રય પૈસા ખાનાર (કન્યા વિક્રય કરનાર ) ભકતો કહે તો તેને માટે હું કહું છું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, શું તમે તમારી દીકરીનું સુખ તકાસ્યું ? ના નહિ. પહેલોજ તેનો વૃદ્ધ ધોળીદાઢીયુક્ત વર. તેનું મરણુ થોડા દિવસમાં થાય અને મરે ત્યારે પોતાની દીકરીને વિધવાનાં લૂગડાં પેહેરવાં પડે એ શું તેનું હિત તકાસ્યું કહેવાય ? દીકરીને પહેલું સુખ તો એજ છે કે પોતાનો પતિ ઘણાં વર્ષ સુધી જીવે. નાની દીકરી અને રાંડી, હવે તેણીની જુવાન અવસ્થા હોવાથી તે વ્યભિચાર કર્મ પણુ કરે, ગર્ભહત્યા કરે, તેનું કલંક કોને લાગે તે વિચારો. જુવાન પુરૂષની સ્રી મરવાથી જુવાન પુરૂષને જેમ બીજી સ્રી વિના ચાલતું નથી તેમ સ્રીને પણુ યુવાવસ્થા હોવાથી તેને પતિ વિના ચાલે નહીં, લક્ષ્મી, ખાનપાનથી તો ઉલટી તે કામી થાય. શાસ્રાધાર પણુ યોગ્યજ છે કેઃ—

રજની "રજનીશ્વર" વિના, શોભે નહિં રૂચિકાર;
યૌવનમાં શોભે નહિ; પતિ વિનાની નાર.

જુવાન સ્રીને પણુ પતિ મરણુ પામ્યા બાદ જુવાન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસ્થા કાઢવી દુઃસહ છે, માટે બુઢ્ઢાઓને કન્યા પરણાવવાની રીતિ યોગ્ય લાગતી નથી, અને બુઢ્ઢાઓએ પરણવું પણ જોઇએ નહિ.

હાલના વખતમાં પુનર્વિવાહ ઘણેખરે ઠેકાણે થવા લાગ્યો છે, અને સુધારાવાળાઓ પુનર્વિવાહને ઉત્તેજન આપે છે; તેઓ એમ કહે છે કે બિચારી અબળા જુવાનીપણાથી વ્યભિચારકર્મ કરી ગર્ભ ધારણ કરી છોકરોજણી તેને મારી નાંખે છે વા ગર્ભપાત કરે છે, તેથી તે પાપ નિવારણ કરવા માટે પૈસાદાર બુઢ્ઢાઓને બાળકીઓ પરણાવવી ન જોઇએ. તેઓ એટલું પણ જાણતા નથી કે લાકડામાં જવાવાળાઓને કન્યા આપવાથી શો ફાયદો છે ? તે અંધા થઇને સત્ય વિચારતા નથી. વળી કહ્યું છે કેઃ—ભલા ! પતિ મરી જશે તો પૈસા તો તે બેઠી બેઠી ખાશે, પણ એ ઠીક નથી. કારણ કે પતિ મરવાની પહેલી બુદ્ધિ રાખવી તેજ ખરાબ છે. સમજુ અને ધર્મની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાવાળો જો કે ગરીબ હશે તો તેથી કન્યાને દુઃખ પડવાનું નથી. માટે દીકરીનું હિત ચિંતવવું હોય તો બુઢ્ઢાઓને કન્યા દેવી તે " લાકડે માંકડું " વળગાડવા જેવું જાણી વૃદ્ધ લગ્ન તજવું. વિધવા થયેલી દીકરીની ખરાબ આશિષ, તેના માતા પિતાઓને ભેટમાં મળે છે, અને તેમ કરવાથી કન્યાવિક્રયીની સંતતિનો પણ ઉચ્છેદ થાય છે. જુઓ કે હાલમાં સંતતિનો ઉચ્છેદ ઘણેખરે ઠેકાણે થએલો લાગે છે, તેનું કારણ બુઢ્ઢાને બાળકી આપવી એજ છે.

વિવેકી અને સમજુ જૈનસદ્‌ગૃહસ્થોએ આ વિષય ઉપર ખૂબ લક્ષ ખેંચવું અને પોતાની દીકરીઓનું હિત ચિંતવવું. જેને પરણવાની ઇચ્છા પોતાની દીકરીને થતી ના હોય તેની સાથે દીકરી પરણાવવી એ શું થોડું પાપ છે? ના થોડું નથી. આ કુરીવાજમાં જૈનવર્ગનું ઘણું અહિત સમયેલું છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી કહેલી હકીકત સર્વ ગૃહસ્થો ધ્યાનમાં લેશો. એટલું કહી હું બેસવાની રજા લઉં છું. સર્વજ્ઞાતિના ગૃહસ્થોએ આનંદના અવાજથી શેઠ વીરચંદભાઈને તાળીઓથી વધાવી લીધા. સભા વીરચંદભાઈનું ભાષણ સાંભળી આનંદમય થઈ અને સભા વિસર્જન થઈ.

રસ્તે જતા લોકો અરસપરસ વાતો કરવા લાગ્યા કે કન્યાવિક્રય નિષેધથી નક્કી જૈનધર્મની ઉન્નતિ થશે. વળી બીજો એમ કહેવા લાગ્યો કે વાણીઆ બોલવામાં " લાલા લાખ તો સવાલાખ " ની કહેવત અનુસરનારા હોય છે પણ તેનો અમલ થાય તો સારૂં ફળ આવી શકશે. કોઈ વળી કહેવા લાગ્યું કે પ્રશસ્ય ઉદ્યમનું ફળ અવશ્ય સારૂં છે માટે અવશ્ય જૈનોની ઉન્નતિ થશે.

વળી બીજા દિવસે ગામના નગરશેઠ હરિચંદના પ્રમુખપણા નીચે સભા મળી, તેમાં પાંચ હજારપુરૂષ અને પાંચ છ હજાર સ્ત્રીયો મળી દશ અગીઆર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજાર માણુસોની મેદની મળી હતી. ઉછરતા યુવાન વૃદ્ધ અને ઠરેલ પુરૂષમંડળથી તથા સ્ત્રીમંડળથી સભાનું મકાન સુરમ્ય દેખાતું હતું. નગરશેઠ હરિચંદ્રે સભાવિષે ઉભા થઇ સંભાષણ કર્યું કેઃ—

સુજ્ઞ સભ્ય ગૃહસ્થો !! અને મારી બ્હેનો ! ! આપ સર્વેને આ રૂડા પ્રસંગે જૈનોની ઉન્નતિ કેમ થાય ? એ ઉપર વિવેચન ચલાવી તેના શ્રેયઉપાયો શોધી કાઢી અમલમાં મૂકી શકાય અને તેથી જૈનોની ઉન્નતિ થાય તે માટે અત્ર જ્ઞાતિ વર્ગને નિમંત્રણ કર્યું છે, અને મારી તરફના નિમંત્રણને માન આપી આપે અત્ર પધારી મારા ઉપર જે પ્રેમ દર્શાવ્યો છે તે માટે આપનો આભાર માનું છું. જૈનોની ઉન્નતિ થવામાં વિઘ્ન તરીકે પ્રથમ કન્યાવિક્રય હતો, તે બાબત આપ સર્વની સંમત્તિથી ઠરાવ થઇ ગયો છે. પણ હવે જૈનોની ઉન્નતી થવામાં બીજો એક કુધારો પડી ગયો છે, તેને માટે આજે આપણો વખત રોકવાનો છે. હું જે વિષય ચર્ચાવવા ચાહું છું તે “ બાળ લગ્નથી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતા ફાયદા અને ગેરફાયદા શા છે ? ” તે વિષય છે. આ વિષય ઉપર આ સભામાં વિરાજમાન થયેલ વિદ્વાન્ સજ્જનો યુક્તિપૂર્વક વિવેચન ચલાવશે એવી હું આશા રાખું છું.

મણિલાલ—બાળલગ્નનો રીવાજ અર્વાચીન છે, એમ હું મુકરર કહું છું, પણ એ રીવાજ શાકારણથી પડયો હશે ? એ પ્રશ્ન જ્યારે યાદ કરૂં છું તો મારી વિચાર-શક્તિ મને એમ જણાવે છે કે, જે વખત દિલ્હીના તખ્ત પર જૂલમી બાદશાહો તખ્તશીન થતા તે સમયે મુસલ્માનો જુવાન બાળાઓનું હરણ કરી, બળાત્કારથી પડાવી લગ્ન કરતા, ત્યારે હિંદુઓએ-જૈનોએ તેઓના ભયથી પોતાની દીકરીઓને નાની ઉમરમાં પરણાવવી શરૂ કરી અને પોતાની દીકરી ઉપરની સંભાળ રાખવાનો નિત્યનો બોજો દીકરીનાં સાસરીઆં ઉપર રહે અને પોતાના ઉપરથી ઓછો થાય તે કારણથી વહેલી પરણાવી દેવા માંડી. તેવા ઘણા દાખલાઓ પ્રાચીન અર્વાચીન ઇતિહાસો જોવાથી દેખવામાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે; તે સિવાય બીજો કાંઇ પણ શાસ્ત્રનો આધાર બાળલગ્ન સંબંધે જણાતો નથી. હું તો બાળલગ્નને વિકરાળ રાક્ષસી લગ્નની ઉપમા આપું છું; કારણ કે એમાં ફાયદો કંઇ દેખાતો નથી, ઉલટા કુફાયદા ભાસે છે. જે લોકો પોતાનાં છોકરાંને નાનપણમાં પરણાવે છે તેને હું મૂર્ખ જાણું છું, અને તે દીકરાની શત્રુતા કરનારાં છે, અને તે પોતાના વંશજોનું શરીર ખરાબ કરનારાં છે, અને બાળકોનો નાશ કરનારાં પણ તે છે. એવા માબાપોનું ભલું શી રીતે થઇ શકે ?

વાડીલાલ—સુજ્ઞો ! મણિલાલે જે વાત કહી તેની હું તરેફણમાં છું, અને તેના એકેક વાકયને હું સૂત્ર તરીકે સમજું છું. બાળલગ્ન કરવાથી છોકરાઓની દુર્દશાના ઘણા દાખલાઓ મેં નજરે જોયા છે, તે ઉપર નીચે લખેલું દ્દષ્ટાંત સાંભળવાથી આપ સુજ્ઞ જનોના હૃદયમાં અનુભવ આવશે.

અનેક જ્ઞાતિ મનુષ્યથી ભરપૂર સુંદર અને જૈન

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરોથી સુશોભિત એક વિદ્યાપુર નામના નગરમાં એક ધવલચંદ નામના જૈન શેઠ લક્ષાધિપતિ હતા, તેમની કીર્તિ નગરમાં સારી હતી, તેમની વૃદ્ધાવસ્થામાં તેમને એક પુત્ર થયો, તેનું નામ ડુંગર (પર્વત) પાડ્યું. મનોહર પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો, તે એક વર્ષનો થયો ત્યારે તેનીજ નાતના લક્ષ્મીદાસ નામના શેઠની ચંચળા નામની પુત્રી સાથે તેનો વિવાહ કર્યો. મનોહર એક વર્ષનો થયો ત્યારે તેની વહુ જે ચંચળા હતી તે ત્રણ વર્ષની હતી. મનોહર સાત વર્ષનો થયો ત્યારે તેને શાળામાં ભણવા મૂકયો, ત્યાં કેળવણી ખાતામાં સરકાર તરફથી રાખેલા માસ્તરો હતા, અને સરકાર તરફથી કેળવણીખાતું સ્થપાએલું હોવાથી મનોહર દિન પ્રતિદિન અભ્યાસમાં આગળ વધવા લાગ્યો. જો કે શેઠનો પુત્ર હોવાથી માસ્તર તેને ધમકાવી શકતા નહોતા, તો પણ અત્યારે ભણવા ઉપર તેનું લક્ષ હતું. પોતાની બુદ્ધિ અનુસાર અભ્યાસ કરતાં કરતાં જ્યારે મનો-



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હર, દશ વર્ષનો થયો ત્યારે તે પાંચમી ચોપડીમાં દાખલ થયો. જેવો મનોહરનો અત્યારે ભણવા ઉપર ભાવ હતો તેવો તેના બાપનો પણ ભણાવવા ઉપર ભાવ હતો. છોકરા પ્રત્યે કેવી રીતે વર્તવું ? તે બાબત શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

लालयेत् पंचवर्षाणि, दशवर्षाणि ताडयेत ॥
प्राप्ते च षोशाब्देतु, पुत्रमित्रमिवाचरेत् ॥१॥

પાંચ વર્ષ સુધી અચ્છી રીતે પુત્રનું લાલન પાલન કરવું. બાલ્યાવસ્થાથી છોકરાઓને રમત ગમતથી બહુ સુખ મળે છે, તેનાથી તેનું શરીર ખીલે છે, બાલ્યાવસ્થામાં પુષ્ટ પદાર્થો ખાધાથી શરીરનો બાંધો મજબૂત બને છે, મોટા પદાર્થોનું જ્ઞાન, રમત ગમતમાં બાળકોને આપવું, દશ વર્ષપર્યંત તાડના (તર્જના) કરવી, એટલે ભણાવવા ગણાવવા. તેમની ખરાબ ટેવો સુધારવી, દુનિયાનું સ્વરૂપ દર્શાવવું, મનુષ્યજન્મ પામીને શું શું કરવું તેનું જ્ઞાન આપવું,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય બોલવું, હોકો, ચલમ, બીડી આદિ પીવી વગેરે કુવ્યસનમાં છોકરાને નાંખવા નહિ, અને તેમની એવી કુટેવો હરેકરીતે નાશ થાય તેમ કરવા પ્રયત્નો કરવા અને સારી રીતે તેઓને અભ્યાસ કરાવરાવવો. સોળ વર્ષ થતાં પોતાના મિત્રની પેઠે તેની સાથે વર્તવું, પશ્ચાત્ તેને આગળ અભ્યાસ પોતાની મેળે સૂજે છે અને હિત અહિતને તે પોતાની મેળે સમજે છે. જ્યારે પર્વતનું ચિત્ત આ વખતે ભણુવા ઉપર લાગ્યું હતું ત્યારે ચંચળાની રીત આથીજ બીજી દિશા તરફ હતી. માટે હવે જરા ચંચળાની હકીકતથી વાકેફ થઇએ.

ચંચળાની ઉમર આ વખતે તેર વર્ષની થઇ હતી. આ ગામમાં દસ બાર વર્ષની છોકરીઓને તથા દસ બાર વર્ષના છોકરાઓને પરણાવવાનો રીવાજ પહેલાંથી પડયો હતો. ચંચળા લક્ષ્મીમાન્‌ના ઘરની પુત્રી હતી, તેની મા રાંધવા ખાવા પહેરવા વિના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું કાંઇ સમજતી નહોતી,વિદ્યાભ્યાસ તો તે સ્વપ્ને પણ યાદ કરતી નહોતી. ગામમાં કન્યાશાળાઓ અને જૈનશાળાઓ છતાં ચંચળાને ભણવા મૂકતી નહોતી, અને જ્યારે કોઇ વિદ્યાભ્યાસથી આનંદ પામેલ કોઇ ભણવા માટે લક્ષ્મણાને કહેતું, ત્યારે લક્ષ્મણા છણકા કરી આવનાર માણસને કહેતી કે મારી છોકરીને ભણીને ક્યાં રળવા કમાવા જવું છે ? તેમ ધર્મનું ભણીને તેને કંઇ સાધ્વી થઇ જવું છે કે જેથી જૈનશા-ળામાં ભણવા મોકલીએ ? તેમજ મારી છોકરીને ક્યારે ખતપત્ર કાગળ લખવા પડે તેમ છે કે જેથી તેને લખતાં વાંચતાં શીખવીએ ? અમારે પૈસા છે તો નોકરી કરનાર, રાંધનાર રસોયા, નામુ લખનાર ગુમાસ્તા ઘણાએ મળશે. જો તેને ભણાવું તો બીચારી તે સૂકાઇ જાય ને તમારા સરખી ચીપટી ને પાતળી સૂકલકડી થાય, તેને એવી મારે થવા દેવી નથી. એ પ્રમાણે તેને કહેનારને તે સામી બોલી ધમકાવતી, તેથી તેને કોઇ કહી શકતું નહોતું. વળી બીજા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ માણસે પણ તેજ પ્રમાણે તેને કહ્યું કે તમારી છોકરીને ધર્મનું ભણવા મોકલો, અને લખતાં વાંચતાં આવડે માટે કન્યાશાળામાં મૂકો; ત્યારે લક્ષ્મણા ઉપર પ્રમાણે કહેવા માંડી કે બળીએ નિશાળ રાંડની! એક છોકરી અને તેને નિશાળનું દ્વાર દેખાડીએ એટલે જમનું દ્વાર દેખાડયા જેવું થાય. બીચારી નિશાળ (જમનું દ્વાર) દેખે એટલે સુકાઇ જાય, રાંધતાં આવડયું એટલે સ્ત્રીજાતનું ગાડુ ચાલ્યું. આપણે કંઇ સુધારામાં મોકલવી નથી. રાંડની કદાચ ભણીને છોકરી બગડી જાય તો કોણ હાથ દેવા આવે? ઇત્યાદિક વચન કહેતી. બીચારો સાંભળનાર આવું પાણીવાળું ખરખડીઉં નાળીએર જોઇ ઝંખવાણો પડી જતો ને ઘેર જતો.

ચંચળા આખો દિવસ તોફાનમાં પોતાનો વખત ગાળતી અને તેને નઠારી છોકરીઓની સાથે સહવાસ દિન પ્રતિદિન રહેવાથી ખરાબ ગાળો ભાંડતાં શિખી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કુટેવોવાળી થઇ, તેનો સ્વભાવ પણ રીસાળ થયો, વાતમાં બોલવામાં ઘડી ઘડીમાં છણકા કરતી ચીડાઇ જતી, ઉંધાઇનાં વચન બોલતી, નાત વિનાના અન્યને પણ ગાળો દેતી, ઇત્યાદિથી તે દુર્ગણની કોથળી થઇ ગઇ. તેની માતાનો કજીઆ કરવાનો સ્વભાવ પણ તેનામાં ઉતર્યો અને જેમ એક કૂતરી બીજી કૂતરીને ભસે ત્યારે કૂરકૂરીઆં પણ ઉંચી પૂછડી કરી ભસે છે તેમ ચંચળા પણ બીજી છોડીઓની સાથે બાઝવા લાગી. આ તેની ખરાબ ટેવને કોઇ સુધારે તેમ નહોતું, કારણકે તે શીખામણ દેનારનેજ પહેલાં તો ગાળોની પુષ્પાંજલિથી વધાવી લેતી એટલે વળતું કોઇ તેના સામું બોલતું નહીં. તેનો બાપ પૈસાદાર અને તેને એકની એક છોકરી હોવાથી તથા તે લાડમાં ઉછરેલી હોવાથી તથા તેની માતાના હેતથી તે છોકરી પૂરૂં રાંધવા, ખાંડવા, પીસવાનું તથા તેમ કોઇનું સન્માન કરવાનું પણ શીખી નહોતી.

એક દિવસ લક્ષ્મીચંદ શેઠ, ઘેર ખાવાને માટે આ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્યા, ખાઇને સોપારી પાન ને એલચી લઇ ગાદીપર બેસે છે, એવામાં લક્ષ્મણાએ કહ્યું કેઃ—

ઓ ચંચળાના બાપ ! આ ચંચળા આવડી મોટી થઇ તોપણ હજુ પરણાવવાની વાત સરખી પણ તમે તો કાઢતા નથી. પેલા કાળીદાસે પોતાની પુત્રી ભાગીરથી ને અગિયારમે વર્ષે પરણાવી, છોટાલાલે પણ તેટલાજ વર્ષે નર્મદાનું લગ્ન કર્યું, અને તમે તો રાત દિવસ દુકાનનું કામ સંભાળો છો. તમારે તો દુકાન ભલી ને ઘર ભલું, પણ છોકરી ઉમરલાયક થઇ છે તેનો તો કંઇ વિચાર કરો !! છોકરીને નાની પરણાવીએ, જમાડીએ ને સારાં સારાં ઘરેણાં પહેરાવી તેનો લ્હાવો લેવાનો કે મોટી ઉમરે પરણાવીએ ત્યારે લ્હાવો લેવાનો? કેમ વિચાર કરતા નથી ? તમારે તો ગગનમાં ગાજે છે.

**લક્ષ્મીચંદ**—હજી એનો જેની સાથે વિવાહ કર્યો છે તેતો નાનું દશ વર્ષનું છોકરૂં છે. નાકમાં લીંટ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



લબડે છે, વહુ પરણવું એ તો શું છે ? તેની તો એને સમજણ નથી, તેની સાથે કેમ લગ્ન થાય ?

लक्ष्मणा—તમે કહો છો તે ઠીક પણ હું રાંડ કાંઇ સમજી ને કહેતી હઇશ. બૈરાંની વાતમાં તમને શી સમજણ પડે ? છોકરીને વહેલી પરણાવી દેવા-માંજ સારૂં છે.

लक्ष्मीचंद्र—હાલ તો તું સમતા રાખ. હું ધવળ શાને મળીશ ત્યારે લગ્નની વાત કરીશ અને નક્કી કરીશ. ફીકર કરીશ નહિ.

लक्ष्मणा—ફીકરની મા નાતરે ગઇ, જે કરો તે વહેલું કરજો. ભૂલશો નહિ હોકે.

લક્ષ્મીચંદ દુકાને જાય છે, એવામાં દુકાને એક જાહેરપત્ર આવેલું તે શેઠને ગુમાસ્તો વંચાવવા આવ્યો. શેઠે વાંચવા ફરમાવ્યું. ગુમાસ્તાએ વાંચવા માંડયું

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જાહેરપત્રથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે, શેઠ હઠીસંગની વાડીમાં બાળલગ્ન ઉપર ભાષણ આપવામાં આવશે; માટે સર્વ સદ્‌ગૃહસ્થોએ બપોરના બે વાગે પધારવા કૃપા કરવી. વીર સં. ૨૪૩૦ ચૈત્ર શુકલપક્ષ પંચમી. લિ. ચિંતામણિ.

આ પ્રમાણે ગુમાસ્તાએ ખબરપત્ર વાંચ્યું. શેઠ ગુમાસ્તાને પૂછવા લાગ્યા. અલ્યા! ત્યાં શું છે? તે કહેશે?

ગુમાસ્તો બોલ્યો–શેઠજી સાહેબ! એક સુધરેલ માણસ, નાનાં છોકરાંને પરણાવવાં નહીં, એ સંબંધે ભલામણ કરે છે, અને એવું એવું બોલે છે કે તેના બોલ બાણસમાન આખા શરીરમાં લાગે છે તેથી મનમાં ચાનક લાગે છે અને બાલલગ્ન ન કરવું એમ અંતઃકરણથી કબૂલ કરવું પડે છે. બોલતાં તે જરા પણ અચકાતો નથી. તેની શી વાત કહું!! એક એક વચન લાખ રૂપિયાનું કહે છે,

લક્ષ્મીચંદ–અલ્યા રૂપચંદ! (રૂપચંદ ગુમાસ્તા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું નામ હતું) એવું છે ત્યારે મને ભાષણની વખતે ખબર આપેજે હાં. ભૂલતો નહિં. "જીવતાં વેંત જોયું ભલું" આપણું શું જાય છે? સાંભળીશું તો ખરા! ક્યાં આપણને બાંધી રાખવાનો છે?

**રૂપચંદ**—શેઠજી સાહેબ! અરે તેનું એકવાર બોલવું સાંભળ્યું છે, તેથી અત્યારે જાણે સજજડ કાળજામાં તેનાં વચન ચોંટી રહ્યા હોય મને લાગે છે.

બપોરનો દોઢ વાગ્યો જાણી શેઠને ગુમાસ્તો બોલાવવા લાગ્યો કે, હવે વખત થઇ ગયો છે, માટે ચાલો. શેઠ પણ કહેવા લાગ્યા કે, જરા પાન સોપારી ખાઇ લઇએ, બંને જણે પાન સોપારી ખાઇ લીધી. પછી શેઠ, ગુમાસ્તો બંને ભાષણ કરવાની જગ્યા જે હઠીસંઘની વાડી હતી, ત્યાં ગયા તો માણસોની મેદીની ચિકાર ભરાઇ ગએલી હતી. બેઠકમાં બે હજાર માણસે ભાગ લીધો હતો, જો કે તે શેઠ હતા તો પણ તેમને માણસની મેદીની ભરપૂર ભરાયાથી તથા વચમાં બેશી શકવા માટે જરા મારગ ન હોવાથી જ્યાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારગ હતો ત્યાંજ બેઠા. ભાષણનો મુકરર કરેલો ટાઇમ પૂરો થતાં ચંદ્રમણિ જેવો જેનો પ્રભાવ છે એવો ચિંતામણિ સભાના મધ્યપ્રદેશમાં ઉભો થઇ બોલવા લાગ્યો કે—

મહેરબાન સદ્ગૃહસ્થો ! આપણા જૈન લોકોની ઉન્નતિ અર્થે હું જે કંઇ યથાશક્તિ અનુસારે કહું છું તે આપ સજ્જન સભ્યજનો સાંભળવા ધ્યાન પૂર્વક લક્ષ આપશો.

## बाळलग्न निषेध भाषण.

મારી ઉમર વીશ વર્ષની થઇ છે. મેં શરીર આરોગ્યતાનાં પુસ્તકો વાંચ્યાં, તેમાંથી સાર એ કાઢયો છે કે આપણા જૈન લોકો શરીરે નિરોગી કેમ રહે તે સંબંધી લક્ષ દેઇ તેઓને ચેતાવવા. જૈનો બાળલગ્નની નઠારી ટેવને લીધે શરીરબળથી હીન થતા જાય છે; બાર બાર તેર ચૌદ વર્ષની ઉમરે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોકરા છોકરીઓને પરણાવે છે, એથી તેમનું શરીર પાયમાલ થઇ જાય છે, આરોગ્યશાસ્ત્રનો એવો નિયમ છે કે પચ્ચીસવર્ષની ઉમરે માણસના શરીરમાં ધાતુ પરિપકવતાને પામે છે અને તેથી પચ્ચીશ વર્ષ પછીનાં લગ્ન કરનારના શરીરનો બાંધો મજબૂત અને કદ્દાવર તથા ગૌર વર્ણનો સુંદર ચહેરો બને છે, અને પચ્ચીશ વર્ષ સુધી શરીરમાં પોષણ કરવા લાયક ખાધેલો ખોરાક કામ આવે છે, પચ્ચીશ વર્ષ થતાં સુધી બ્રહ્મચર્યવ્રત પાળવાની આવશકયતા છે. એ બ્રહ્મચર્યવ્રતથી બે ફાયદા થાય છે. પ્રથમ તો તે ધર્મનાં તત્વોનું જ્ઞાન મેળવવા સહાયભૂત થાય છે. અને તેથી પોતાના ધર્મની વૃદ્ધિ થાય છે, અને બીજું શરીર સંરક્ષણ થતાં શરીરબલ વૃદ્ધિ પામે છે. પહેલાંના વખતમાં મોટી ઉમર થતાં સુધી છોકરાઓને પરણાવતા નહોતા.જ્યારે સર્વ કળા વિદ્યાભ્યાસમાં પુત્ર વિલક્ષણ થાય, અને સંસાર વ્યવહાર ચલાવી શકે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલી શક્તિવાળો થાય ત્યારે તેને પરણાવતા. હાલ તેથી ઉલટો રીવાજ પડી ગયો છે, તેથી બાલ્યાવસ્થામાં નાનાં છોકરાંથી જે સંતાનની ઉત્પતિ થાય છે તે નિર્માલ્ય થાય છે અને પુનઃ તેનાથકી જે સંતતિ બને છે તે તો તેના કરતાં વધારે નબળી થાય છે. નબળી સંતતિથી મહાન્ કાર્યો થઇ શકતાં નથી, છોકરાં મડદાલ અને બીકણ પાકે છે. ધૈર્યનું સત્યાનાશ વળે છે, સાહસ કામ તો તેનાથી થઇ શકતું નથી. એથી મડદાલ પ્રજાથી જૈન ધર્મ પણ બરોબર શીરીતે પાળી શકાય ? કહ્યું છે કેઃ—

" वीर्यमूलं च जीवनम्. "

જીવનનું મૂળ વીર્ય છે, તે વીર્યની પકવાવસ્થા બાલ્યાવસ્થામાં હોતી નથી, અને એવામાં સ્ત્રી સાથે સંસારભાવે રમતાં વીર્યનો નાશ થાય છે, તેથી બળ ઘટે છે, એ સિદ્ધ વાત છે. લોકોમાં પણ કહેવત છે કે શરીરનો રાજા વીર્ય છે, તેનો સાર કોઇ જાણતું નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોકરાંને નાની ઉમરમાં પરણાવાથી તેઓની ડોક વાંકી રહે છે, તેઓનું અશક્ત શરીર રહે છે, અટકણ વગર તેઓથી સ્થિર બેશી શકાતું નથી, પલાંઠીવાળીને બે કલાક તેનાથી સ્થિર આસનથી બેશી શકાતું નથી, એવાં નબળાં શરીર, બાળલગ્ન કરવાથી બને છે. સર્વ વૈદ્યકના ગ્રંથોમાં લખ્યું છે કે, વીર્યક્ષય–ધાતુક્ષય-થીજ પ્રાણાન્તપર્યંત હાલ થાય છે. શરીરની સ્થિતિને માટે, એટલે આયુષ્ય રક્ષાકર પ્રયોગમાં વૈદ્યક હમેશ વીર્યવૃદ્ધિના અને વીર્યશુદ્ધિના ઉપાયોથીજ શરીરશુદ્ધિ થાય છે એમ દર્શાવે છે; તેમજ માંદા મનુષ્યને ઔષધ આપવાની સાથે બ્રહ્મચર્ય પળાવે છે. ચરીમાં મુખ્ય બાબત બ્રહ્મચર્ય પાળવા બતાવે છે; આથી શરીરની સ્થિતિમાં પણ મુખ્ય કારણ વીર્ય છે, જેમ રાજા વિના પ્રજામાં અંધાધુંધી છવાઈ જાય છે. તેજ પ્રમાણે શરીરમાં વીર્યને અભાવે એક પ્રકારનો અંધકાર છવાય છે, અને ક્ષય ઉધરસ આદિ અનેક પ્રકારની વ્યાધિઓ શરીરમાં પેસે છે. વીર્યને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરનો રાજા કહેનાર કયાં માતાપિતા, હાલ પોતાના પુત્રને જેમ બને તેમ વહેલો વરરાજા બનાવવાને હર્ષઘેલાં બની ઉંચાં નીચાં થતાં નથી ? તેમજ છોકરાંને અને તેનાં છોકરાંને વહેલાં જોઇ દાદો દાદી થવાને સંતાનમેધ યજ્ઞ કરી વહેલાં વહેલાં વાઝીયાં કે ખાંડિયા મેડિયાં અને હોલાં ઘેલાં વંશજોના પૂર્વજોની પદવી પામવાનાં દુષ્ટ કૃત્યોમાં પણ કયાં ઉતાવળ નથી કરતાં ?

આવી અનર્થમય પ્રજાની સ્થિતિ થવાનું મુખ્ય કારણ બાળલગ્ન છે. આથી જૈનપ્રજાની સ્થિતિ સર્વ અનર્થમયી થઈ ગઈ છે, તેનું કારણ બાળલગ્નનું અજ્ઞાન છે.એ અજ્ઞાન,પતિ સ્ત્રીમાં એટલું બધું વ્યાપી ગયું છે કે “ આંખે દેખતાં પણ આંધળાં, અને સાંભળતાં છતાં બહેરાં ” બાળલગ્નથી ખોટાં પરિણામ આવે છે તેમ દેખ્યા છતાં પણ તેઓ ઘોર અંધકાર સાગરમાં ડૂબે છે, અરેરેરે ! ખરી સત્ય વાત ઉપર કોઇ લક્ષ દેતું નથી. મોટી ઉમર થતાં પણ દરરોજ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીની સાથે સંભોગની ના કહેલી છે, તો બાલપણમાં મૈથુન ભોગ કર્મથી શરીર મડદાલ બને અને શુષ્ક લકડી જેવું શરીર બની જાય, તેમાં શું નવાઇ! અનુભવીએ છીએ કે એંશી વરસનો ઘરડો માણસ હાલ જે કામ કરે છે તેટલું આપણા બાળલગ્નજન્ય પુત્રોથી બનતું નથી.

રૂશિયન લોકોમાં બાળલગ્નનો રીવાજ નથી; તેમજ જાપાનદેશમાં પણ બાળલગ્નનો રીવાજ નથી; તેથી ત્યાંની પ્રજા કેવી બળવાન્ બની છે. એકલા રૂશીયનને જાપાનમાં બાળલગ્ન થતાં નથી એટલુંજ નહિ પણ કહેવાતા સુધરેલા અમેરિકામાં યૂરોપમાં કોઇ બાળલગ્નનું નામ પણ જાણુ નથી. ત્યાંતો ઉમરલાયક થઇ મળતા સ્વભાવ, મળતી ઉમર, મળતો વિદ્યાભ્યાસ અ સ્વરૂપ જોઇ દંપતી પોતાની પસંદગીથી

એકવાર મેં વાંચ્યું હતું કે ૧૧૦ વર્ષ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો ડોસો બીજી વખત પરણ્યો, તેનું કારણ એ છે કે ત્યાં બાળલગ્ન ન થવાથી અને તે શરીર સંબંધી આરોગ્યતાના નિયમ પ્રમાણે વર્તવાથી તેની યુવાન જેટલી કામ કરવાની તાકાત રહે છે, તેમ તેઓનું ઉપરનાકારણે શરીર બળવાન્ રહે છે. આપણે જાપાન, રૂશિયા વિગેરે દેશના દૂરના દાખલા લીધા પણ આપણા હિંદુસ્થાનમાં જોશો તો ખબર પડશે કે ફક્ત આપણી જૈનકોમ સિવાય બીજી ઘણીખરી કોમમાં બિલકુલ બાળલગ્ન થતાં નથી, અને તે મોટી ઉમરે પુત્રપુત્રીને પરણાવે છે એવું જોઇએછીએ. જુઓ કે હાલ રૂશિયાના ઝાર સાથે પણ જાપાન, લડાઇમાં ટક્કર લઇ લઢે છે, તેનું કારણ ત્યાં બાલલગ્ન નથી એજ છે. નેપાળના તથા ભૂતાનના ગુરખા લોકોમાં પણ મોટી ઉમરે પરણવાનો રીવાજ છે. કાબુલમાં પણ મોટી ઉમરે પરણવાનો રીવાજ છે. ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મનિમાં પણ બાલ્યવસ્થામાં પરણાવાની મનાઇ છે.



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વખત વિદ્યા શીખવાની તથા હુન્નર તથા વેપાર શીખવાનો છે, તે વખતનો ઉપયોગ આડામાર્ગે કોણ કરે ? જે મૂર્ખ હોય તેજ કરે. જુઓ ત્રાન્સવાલના બહાદુર લોકોએ ઈંગ્લાંડની સામે યુદ્ધ મચાવ્યું, તેનું કારણ પણ યોગ્યવય લગ્ન છે; માટે બાલ્યાવસ્થામાં લગ્ન કરી સંસાર વ્યવહાર કરવો નહિ. જુઓ અમેરિકા દેશના લોકો જે ચારે ખંડમાં,વેપારમાં,હુન્નરમાં,કલાયંત્રમાં, લડાઈમાં, પ્રખ્યાત થયા અને પોતાના દેશની કીર્તિને ચારે દિશામાં ફેલાવી,તેઓ પણ બાળલગ્નને ધિક્કારે છે. જુઓ આ દેશમાં પણ કેટલાક શીખ મુસલમાન વિગેરે લોકોમાં બાળલગ્નનો રીવાજ નથી, તો તે લોકો આપણા કરતાં વિશેષ બળવાન્ છે. જૈનોમાં કેટલીક નાતોમાં અને દેશોમાં બાળલગ્ન થતાં નથી, પણ ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ વિગેરે ઠેકાણે આ દુષ્ટ રીવાજ ઘણોજ દેખાય છે; તેથી બાળલગ્ન જેનાં થયાં છે તેનાથી જે પ્રજા થાય છે તે મડદાલ દમવિ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની ઉત્પન્ન થઇ છે અને આગળ વળી કેવી થશે? તે જ્ઞાની સિવાય બીજો કોઇ જાણવા સમર્થ નથી.

આપણા જૈનોમાં પ્રાચીન વખતમાં પણ બાળલગ્ન નહોતાં. ઋષભદેવ સ્વામી મોટી ઉમરે પરણ્યા હતા; ભરતરાજા, બાહુબલી, રામચંદ્ર, લક્ષ્મણ, કૃષ્ણ, બળદેવ એ સર્વ મોટી ઉમરે પરણ્યા હતા, તે વિચારો.કૌરવ પાંડવોએ પણ બાળલગ્ન કર્યાં નહોતાં, તો હાલના જૈનો, બાળલગ્ન કરવામાં શો વિશેષ ફાયદો જાણતા હશે ?

એવામાં એક કૌતુકી વચ્ચે બોલ્યો કે સાહેબજી! એમાં તો ભાયડાઓનો વાંક નથી, એતો રાંડની પુવેડો એવી ઘરની ગાંડીયોનો વાંક છે. સભા એકદમ આશ્ચર્યમાં પડી. સર્વનાં મુખ હાસ્યયુક્ત થયાં. પુનઃ ચિંતામણિનું ભાષણ આગળ થવા માંડ્યું.

પોતાનાં છોકરાંને બાલ્યાવસ્થામાં પરણાવવાં એ વાત શાસ્ત્ર માન્ય નથી. વળી વિચારો કે બાલ્યાવસ્થા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પરણાવેલી છોકરીનો ધણી મરી જાય તો તે બીચારીને દશવર્ષથી રંડાપો થયો. હવે તે શેઠીયાની દશવર્ષથી વિધવા થએલી છોકરી વીશ પચ્ચીશવર્ષની ભરયોવનાવસ્થાવાળી જ્યારે થાય ત્યારે કામનું જોર, તે ખમી ન શકે એટલે તે વ્યભિચાર કરે તેમાં શું નવાઇ ? કેટલીક વિધવા બાળાઓને વ્યભિચારકર્મથી ગર્ભ રહ્યા હોય છે અને તેણીઓએ પ્રસવ થતાં છોકરાંને મારી નાખેલાં પણ સાંભળ્યાં છે. કેટલીક યૌવનઅવસ્થાવાળી વિધવા છોકરીઓ ગર્ભપાત પણ કરે છે, અને ઘણે ઠેકાણે વિધવાએ વ્યભિચારકર્મ પણ કરેલાં નજરે પડે છે; તેથી વિધવાઓને બીજીવાર પરણાવવા માટે સુધારાવાળા (હાલના સુધારાવાળા) કહે છે, અને તે પુનર્લગ્ન થતાં કયારે અટકે કે જ્યારે બાળલગ્ન થતાં અટકે તો અને તેથી ઘણી વિધવાઓ થતી બંધ પડે. નાનાં છોકરાંઓને તો મરવાનો સંભવ વિશેષ રહેછે, તેમ બુઢ્ઢા ડોસાઓને તો મરવાનું નક્કીજ. માટે તે એની સાથે લગ્ન થતાં અટકે તો ઘણી વિધવાઓ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકે નહિ. દશ બાર વર્ષમાં રાંડેલી કન્યા માત પિતાને કેવી બૂરી દુવા આપતી હશે તે તેનું મન જાણે, અત્ર લખી શકાય તેમ નથી.

યોગ્ય ઉમરે બાળકોનો અને બાળકીયોનો વિવાહ કરવો યોગ્ય છે. કોઇ શેઠીયાનો પુત્ર પારણામાં ઝુલતો હોય અને તેની સાથે કોઇએ પોતાની પુત્રીનો વિવાહ કર્યો, હવે તે છોકરો ત્રણ ચાર વર્ષનો થયો ત્યારે માલુમ પડયું કે બોબડો વા ગાંડો છે. હવે પોતાની દીકરીને તે ગાંડાની અગર બોબડાની સાથે પરણાવવાથી દીકરીની કેવી દશા થાય ? તેમ તે દીકરીની પણ તે બોબડા ગાંડા સાથે પરણવાની મરજી ન થાય, કે જે આખો ભવ પોતાનો ખરાબ કરવા તે ગાંડા બોબડા સાથે ગાળે ? મોટી ઉમરે વિવાહ કરવાથી એવાં દુઃખોમાંથી મુક્ત થવાય છે. ગુણીની વા નિર્ગુણીની પરીક્ષા મોટી ઉમરે સારી રીતે થાય છે, અને તેથી વિવાહ કરવામાં કોઇ જાતનો દોષ રહેતો નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનપણમાં છોકરાને પરણાવવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે અને તેથી ઘણું નુકશાન થાય છે.

૧ પ્રથમ તો છોકરાથી બરાબર અભ્યાસ થતો નથી, કારણ કે તે પૂર્વે સ્ત્રી પરણેલો ન હોવાથી તેનું ચિત્ત સ્થિર હોય છે પણ સ્ત્રી પરણવાથી તેને ચિંતાનું કારણ થાય છે. આખો દિવસ સ્ત્રી, છોકરા પાસે મારે અમુક વસ્તુ જોઇએ તે લાવી આપો, અમુક વસ્તુમાટે મને પૈસા આપો, અમુકને આમ થયું, તેમ કરી તેનો જીવ ખાય છે તેથી તે ચિંતામાં પડે છે,તેથી તેના અભ્યાસમાં તેનું મન લાગતું નથી. તેથી સ્ત્રી, અભ્યાસમાં વિઘ્નકર્તા થાય છે અને તે શરીરનું લોહી ચૂસી લેછે, કારણ કે જેમ કપૂર, જેમાંથી નીકળે છે તે વૃક્ષ નાનું હોય, પરિપકવ થયેલું ન હોય ને તે પહેલાં તેમાંથી કપૂર લેવા તેમાં છિદ્ર પાડીએ તો આખર કપૂર થોડો જ નિકળી શકે છે અને છેવટે તે કપૂરનું વૃક્ષ સૂકાઇ નાશ પામે છે. માટે નાની ઉમરમાં છોકરો ખોરાક

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાઇને તેમાંથી વીર્ય પરિક્વ થવાની યોગ્યતા મેળવતો હોય, તત્કાલે તેમાંથી વીર્ય ઓછું કરવા ધારીએ તો તેથી તેનું આયુષ્ય ઓછું કરી તેને મારી શકાય છે.

૨ છોકરાઓને સ્ત્રીના ભમાવવાથી વ્યાપાર આદિ અન્ય પ્રવૃત્તિ થાય છે, અને તેની કાચી ઉમ-રથી તે પોતાના સ્વાર્થથી અજાણ થઇ શાળાનો અભ્યાસ પડતો મૂકે છે.

૩ તેને વ્યાપાર વિગેરેની કેળવણી પણ બરાબર મળતી નથી અને દેશ વિદેશનું જ્ઞાન પણ તે મેળવી શકતો નથી.

૪ ઉપર પ્રમાણે સ્ત્રી વારંવાર પોતાના દુઃખની વાતો કર્યા કરે છે તેથી તેનું દુઃખ નિવારણ કરવાને માટે તેને સંકલ્પ વિકલ્પ કરવા પડે છે, તેનું ચિં-તામાં ને ચિંતામાં શરીર બળી જાય છે, તેથી તેનો પણ અભ્યાસ થતો નથી અને તે વેપારમાં કુશળતા મેળવતો નથી

૫ બાલ્યાવસ્થામાં લગ્નમૈથુનથી શરીરની શક્તિ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટે છે અને શરીરનો રાજા વીર્ય તેનો નાશ થતાં તેના દેહમાં રોગાદિ શત્રુઓ ઉત્પન્ન થાય છે, અને તેથી તેનો ક્ષય વગેરેથી શીઘ્ર નાશ થાય છે.

૯ બાલ્યાવસ્થામાં પરણેલાના શરીરમાં કૌવત–હૈવત રહેતું નથી અને તેનાથી ધૈર્યનાં કાર્ય બની શકતાં નથી. તેને વૈદ્ય, ડાક્ટરની વારંવાર જરૂર પડે છે, અને ક્ષયરોગી પણ થઈ જાય છે. ઈત્યાદિ દુઃખો બાળલગ્નથી થાય છે, માટે સુજ્ઞોએ પોતાના પુત્રોને બાળપણમાં પરણાવવાં નહીં જોઇએ, એટલું કહી મારા ભાષણની સમાપ્તિ કરૂં છું. આ પ્રમાણે બોલતાં સભાએ ચિંતામણિને જયજયના અવાજથી વધાવી લીધા.

સભામાંથી જનો એકપછી એક વેરાવા લાગ્યા અને રસ્તે ચાલતાં વાતો કરવા લાગ્યા. કેટલાક તો કહેવા લાગ્યા કે વાહરે! વાહ! ભાષણ તો બહુ સારૂં થયું. આ ભાષણનો અમલ થાય તો ઘણા ફાયદા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય. વળી એક બીજુ ટોળું કે જે શેઠીયાઓનું હતું તેમાં પણ એવી વાતો થતી હતી.

**जिनदास**—કેમ વર્ધમાનશાહ ! આ ભાષણ તમને પસંદ પડયું કે ? વાત તો ન્યાયની છે.

**वर्धमानशाह**—હું કયારે ના કહું છું. આપણા દેશની પડતીનું કારણ તથા જૈનોની પડતીનું કારણ પણ બાળલગ્ન છે. બાળલગ્ન કરવાથી ઘણી સ્ત્રીઓ રાંડે છે, અને વિધવાઓને દુઃખી જોઇ મને ત્રાસ છુટે છે.

**जिनदास**—કેમ ધવલચંદ ! તમારા છોકરાને બાળપણમાં પરણાવતા નહિ હો.

**धवलचंद**—શું કરૂં જીનદાસ ! મારૂં બેટું નાનપણમાં દીકરાનો વિવાહ કર્યો ! સાલો રીવાજ ખરાબ છે, નાત જાતનાં કામ, પુત્રની વહુની ઉમર મોટી થઇ છે. બને તે ખરૂં.

**लक्ष्मीचंद**—( ધવલચંદના વેવાઇ ) કેમ ધવલશા !

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીકરો બીકરો ખુશીમાં છેને ? અમારી ચંચળાની ઉમર થઇ ગઇ છે, માટે હવે લગ્ન લેવાં જોઇએ. મારી ઘરવાળી લૂગડાં ચુંથે છે, કેમ શું ધાર્યું ?

**ધવલચંદ**—ધાર્યું બાર્યું કંઈ નથી. આ જુઓને ! ભાઇ શું બોલ્યા ? નાના છોકરાને પરણાવવો એ ઠીક લાગતું નથી. એમ વાતો કરતા કરતા પોતાના ઘેર આવે છે. લક્ષ્મીચંદ શેઠ ઘરમાં આવી બેઠા ત્યારે લક્ષ્મણાએ પૂછ્યું. કેમ ચંચલાના બાપ ! છોકરાના લગ્નનું શું કર્યું ?

**લક્ષ્મીચંદ**—હજી કંઇ કર્યું નથી. આજ ધવલશા મળ્યા હતા, તેતો એમ કહેતા હતા કે હજું છોકરૂં નાનું છે ને તમો શું લગ્નની વાત કરો છો? હાલ કંઇ બનવાનું નથી. એમ કહેતા હતા.

**લક્ષ્મણા**—ઓ પીટયો વ્હેવાઇ, મારી છોકરી ડાવા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી થઇ તેની તેને કંઇ સમજણુ પડે છે ?
મોટું પેટ વધારી દુકાને બેઠાં બેઠાં ગપ્પાં મારવાં,
અને ચંચળાના બાપને તો કંઇ કહેવું નહિં.
આવો ઉંધી પૂતળીવાળો ન્હેવાઇ કયાંથી મળ્યો.
એમ કહી બે ત્રણુ ગાળો ચોપડાવે છે.

લક્ષ્મીચંદ—છાની રહે. શું લવરી કરે છે. શું એક-
દમ ભસવા મંડી છે. જુએ છે ચંચળાનો
નાવલો. હજુ તેના નાકમાં લેંટ લબડે છે,
બીચારૂં નાનું બાળ !! શું કરે ધવલશા.

લક્ષ્મણા—તમારાં બધાં કાળાં કર્મ છે, બે બોલ જરા
તાડૂકીને કહ્યા હોત તો કેમ માને નહિ. શું તે-
ના માંથામાં ગજ ઘાલ્યા છે ? એવો કેવો ત્રીસ-
મારખાંનો બેટો ! હું તો મળી હતતો " દુર્ત
દાનને મહાપુણ્ય કરી નાંખ્યું હત."

લક્ષ્મીચંદ–એકદમ કેમ આટલી બધી ઉંચી નીચી થઇ
જાય છે. હોય નાત જાતનાં કામ છે, સમતાનાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળ મીઠાં છે. ' કમ જોર ને ગુસ્સો બહોત' બૈરાંનો ઉછાંછળો સ્વભાવ પ્રગટ થયા વિના રહેતો નથી. સમતા રાખ !! કાલ વળી જરા દબાવીને કહીશ.

લક્ષ્મીચંદ શેઠને રાંધી ખવરાવી લક્ષ્મણા બની ઠણી મંગલા નામની પોતાની વ્હેવાણને ઘેર જાય છે અને ત્યાં ઘરમાં પેસે છે એટલામાં મંગલા- "આવો વ્હેવાણ" એમ કહી બોલાવી બેસાડેછે.

મંગલા-કેમ વ્હેવાણ ! આવવું થયું. ઘણા દહાડે આવ્યાં હાં ! સૌ ખુશીમાં તો છેની ?

લક્ષ્મણા-ખુશી ઘેર ગઇ મારી બાઇ !! મારે તો 'બાર બાંધુ છું ને તેર તુટે છે. ' ચંચળા પરણાવવા જેવડી થઈ તેની વાત મેં ચંચળાના બાપને કરી હતી, તેમણે તમારા ધણીને કહ્યું હતું પણ તે કાંઈ ગણકારતા નથી, એમને તો ગગનમાં ગાજે છે, તે માટે આવવું થયું છે. કહો કેને ? તમે શું ધાર્યું છે ?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



मंगला–મારે કયારે ના છે. આપણે તો તૈયાર છીએ, મોટાના ઘરના છોકરાને વ્હેલો પરણાવવો જોઇએ. હું તો કયારનીએ મનોહરના બાપને કહું જે લ્હાવો લેવાયો તે ખરો, કાલ કોણે દીઠી છે?

लक्ष्मणा–તમારા ઘરમાં તમારા ઘરવાળા કેમ ના કહે છે? તેમને તમો કેમ કંઇ કહેતાં નથી, અગર તમારૂં તેની આગળ કંઈ ચાલતું નથી કે શું?

मंगला–કેમ ચાલતું નહિ હોય! હું કોઇની ઓશીયાળી છું કે શું! પીટયાને આજ ધધડાઇને કહીશ. પોતાના હાથે છોકરાંને પરણાવ્યાં એટલે નીકાલ થયો. ખરૂં કહ્યું કે ખોટું? એટલામાં ધવલશેઠ અને મનોહર ઘરમાં આવે છે. લક્ષ્મણાને દેખીને શેઠ કહે છે કે અહો! વ્હેવાંણ આવ્યાં કે શું? ખુશીમાં તો છોને! લક્ષ્મણા–તમને દેખ્યા એટલે આપણે તો ખુશી. સગાના જેવું સુખ સ્વર્ગમાં પણ નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધવલશા**–કેમ ઘણા દહાડે પધારવું થયું. કામકાજ હોય તો ફરમાવશો.

**લક્ષ્મણા**–આપણી ચંચલાનું લગ્ન લેવું એમ કહેવા આવી છું. મેં સાંભળ્યું છે કે તમે લગ્ન લેવાની ના પાડો છો. શું ખાવા પીવામાં હરકત તો નથી કે શું ?

**ધવલશા**–જુઓ વ્હેવાણ ! તમે ઠર્યાં બૈરાં,તમારે કંઇ ધંધો છે ? કાલે તમો ભાષણ સાંભળવા આવ્યાં હોત તો માલૂમ પડત. એક વક્તા આવ્યો હતો તે એમ કહેતો હતો કે બાળલગ્ન કરવાથી ઘણી ખરાબી થાય છે, માટે બે ત્રણ વર્ષની સમતા રાખો. હજી મનોહર દશ વર્ષનો થયો છે.

**લક્ષ્મણા**—બેસો બેસો ! બળ્યું તમોને તો બાનાં કહાડતાં આવડે છે. હું કંઇ બીજાના જેવી નથી કે તમારૂં ગાંડીયું ગાડું ગબડાવવા દઉં. હવે તો લગ્ન લીધા વિના છૂટકો નથી. કેમ મંગલા !!

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મંગલા**—લક્ષ્મણા વ્હેવાણુ શું ખોટું કહે છે ? એને લોકો મ્હેણાં મારે છે, ખોલા જેવડી દીકરી સાસરાના ઘેર શોભે? તમને તો ઘણાએ પીટયા ભોળા લોકો ભરમાવશે, હું પણ કયારનીએ તમારાં રોદણાં રોઉં છું. હવે તો એકની બે થવાની નથી. હા કીધે છૂટકો છે,નહિં તો કાલથી મારે તમારા ઘરમાં રાંધવા, રહેવા, ખાવા, પાણી પીવાના સમ છે. બળ્યો રાંડનો જન્મારો ! એમ કહી પથરાથી માથું ફૂટી રાગડો તાણી રૂએ છે અને અનેક ઢંગ કરી ધતીંગ મચાવે છે.

**ધવલશા**—છાંની રાંડ છાંની ! ગાંડી રાંડની ! જરા-એક વાતમાં ઘડીમાં કેવી ગાભરી બની ગઇ. મેં તો તારી પરીક્ષા કરવા કહ્યું હતું જા! હવે લગ્ન જોવરાવીશું. એમ કહી લગ્નનું નક્કી કરી લક્ષ્મણા પોતાના ઘેર આવી.

લક્ષ્મણા પોતાના ધણી લક્ષ્મીચંદને કહેવા લાગી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, જુઓ ! આજ મેં દીકરીનાં લગ્ન, ધવલશાને ઘેર જઇ નક્કી નિર્ધાર્યાં છે, હવે એક મહિનાની વાર છે, વૈશાખ સુદિ ત્રીજના દિવસે હવે પોતાની દીકરી પરણાવવી પડશે માટે તૈયારી કરો.

હવે ધવલશા તથા લક્ષ્મીચંદના ઘેર પાપડ વણાવા લાગ્યા, ઘર ધોળાયાં, ચંદ્રવા બંધાયા, પંદર દિવસ લગભગ રહ્યા કે–વરકન્યાની પીઠીયો ચોળાવા લાગી. આ વખત મનોહર શું કરે છે તે આપણે જોઇએ. મનોહર આ વખત પાંચમી ચોપડીમાં નાપાસ થયો હતો તેથી તેના માસ્તર, શેઠ ધવલચંદને ઘેર આવી કહેવા લાગ્યા કે તમારા પુત્રને હજી લેસન બરાબર આવડતું નથી, તેથી એક વર્ષ હજી પાંચમી ચોપડીમાં રહેવું પડશે,છોકરૂં તીક્ષ્ણ બુદ્ધિવાળું નથી.

ધવલશા—માસ્તર સાહેબ ! એક વર્ષ પાંચમીમાં રહેશે તો કંઇ હરકત નથી,પણ હાલ તો મનોહરનાં લગ્ન છે માટે તેને એક મહીનાની રજા આપશો.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માસ્તર**—આવડા નાના બાળકનાં લગ્ન કરવાં ઠીક નથી. જો તમો ઢીંગલીની રમત પેઠે મનોહરને પરણાવશો તો તેનો ભવ બગડશે, તેમાં તે દોષના અધિકારી તમે થશો.

**ધવલ**—હું કેમ કરૂં! એની મા તથા વેવાણ મારો જીવ ખાય છે અને રૂવે છે માટે લગ્ન કર્યાં વિના છૂટકો નથી.

**માસ્તર**—ખરેખર શેઠ!—પોતાના પુત્રોનું હિત વાંચ્છનારા માબાપો કોઇક જ હોય છે, તેમાં સ્ત્રીઓને જો કેળવણી આપી હોય અને સદ્બોધ પહેલાંથીજ આપ્યો હોય તો આવું પરિણામ આવે નહિ. ખાવું, પીવું, રોવું, જોવું, ન્હાવું, એરાંને પ્યારૂં હોય છે. કેટલીક માતાઓ પોતાના છોકરાને વ્હેલો પરણાવીને પોતાને કૃતાર્થ માની પુત્રનું જીવન ધૂળમાં ઘાલે છે. કેટલાકો તો પુત્રના પુત્રનાં



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન કરવા સારૂં વહેલાં પુત્ર પુત્રીઓને પરણાવે છે, પણ તેથી દેશની તથા ધર્મની ખરાબી થાય છે અને જૈનોની નબળી હાલત થાય છે. કોણ જાણે શું થવા બેઠું છે? એમ કહી માસ્તર પોતાને ઘેર ગયા.

લગ્નમાં ઉભયના ઘેર, વાજાં વાગવા લાગ્યાં, લગ્નના એક બે દિવસ બાકી રહ્યા એટલે વરઘોડો ચડયો, તેમાં ઘણા રૂપૈયાનો નાશ થયો. દારૂખાનું ઉડાડવામાં, નાતવરામાં તેમજ લગ્ન પાછળ ખાલી નકામા ખર્ચથી પૈસાનું પાણી થયું. પુત્ર પુત્રીઓને લગ્ન પહેલાં નીચે પ્રમાણે ઉપદેશ આપવો જોઇએ.

## पुत्र पुत्रीओने परणावतां पहेलां आपवानी हितशिक्षा.

પુત્ર પુત્રીઓને પરણાવતા પહેલાં માતાપિતાએ તેમને હિતશિક્ષા આપવી જોઇએ. તમારે પત્ની તથા

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામીની રીતિએ બરાબર વર્તવું, સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા માનવી, તેમને દુઃખકર વચનોથી સંતાપવા નહીં, તેમની મરજી પ્રમાણે વર્તવું, સાસુ સસરાનો વિનય કરવો, તેમના સામું ઉદ્ધતાઈથી બોલવું નહિ, સાસુ ઠપકો આપે તો તે શાંતભાવથી સહન કરવો, કદાપિ સાસુએ કહેલી વાત યુક્તિયુક્ત ન હોય તોપણ તે વખતે સામું કહેવું નહિ, તેમનું મન પ્રસન્ન હોય તે વખતે નમ્રપણે કહેવું, સાસુ ક્રોધીલી હોય તો વહુએ સામાં ક્રોધકર વચનો બોલવાં નહિ. પતિએ પોતાની સ્ત્રીસાથે પ્રેમભાવથી વર્તવું. સંસારમાં ધર્મ્ય વ્યવહાર વિરૂદ્ધ વર્તવું નહીં, પરણ્યા એટલાથી પોતાને કૃતાર્થ માની ન લેવું જોઇએ, સંસાર વ્યવહારમાં ન્યાયનીતિથી ચાલી ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારે વર્ગનું સાધન કરવું, પોતાની સ્ત્રીને ધર્મના માર્ગમાં જોડવી, ધર્મ કરવામાં તેને અંતરાય કરવો નહિ, સ્ત્રીની લાગણી દુઃખાય તેવાં કટુક વચનો તેણીને

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાં નહિ, લોક વિરૂદ્ધ વર્તવું નહિ, પુરૂષે પોતાની સ્ત્રીને ધર્મની કથાઓ સંભળાવવી અને ધર્મ કરવામાં સ્ત્રી પુરૂષે ઐકયભાવથી વર્તવું, પણ મોજ શોખથી પોતાનું જીવન એળે ગાળવું એ કંઇ પરણવાનું ભૂષણ નથી. આ સંસાર અનિત્ય અને સ્વાર્થમય છે, તેમાં એક ધર્મ તેજ સાર છે. સાંસારિક પદાર્થો અનિત્ય છે અને તે પોતાના નથી, માટે વૈરાગી જીવો તો સંસારનો ત્યાગ કરી સાધુપણું અંગીકાર કરેછે, જ્યાં રાગ ત્યાં દ્વેષ અવશ્ય રહેછે. સ્ત્રી પણ પોતાની નથી. પોતાનું શરીર પણ પોતાનું નથી, તો અન્ય વસ્તુ પોતાની ના હોય તેમાં શી નવાઇ ? માટે બને તો મુનિવ્રત અંગીકાર કરવું એ શ્રેષ્ઠ વાત છે, તે ના બને અને મોહનીયકર્મનો નિકાચિત ઉદય હોય તો સ્ત્રી પરણવી, પણ તેને પોતાની માનીને તેમાં આસક્ત ન થવું. તેમ સ્ત્રીએ પણ એમ જાણવું કે પતિ એ પણ અન્ય જીવ છે, પણ યાવત્ સંસારમાં સ્થિતિ છે ત્યાં સુધી બન્નેએ પરસ્પરસાંસારિકનીતિપ્રમાણે વર્ત-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વું જોઇએ. આ પ્રમાણે શિક્ષા આપીને બન્નેને જો પરણાવવામાં આવે તો ઘણો ફાયદો થઈ શકે. હવે આગળ શું બન્યું તે કહું છું.

ચંચળાને મનોહર વેરે પરણાવવા માટે ચંચળાના બાપ લક્ષ્મીચંદના ઘેર મનોહરને લઇ જાન આવી. તોરણ આગળ મનોહરને ઉભો રાખવામાં આવ્યો, ત્યાં પ્રથમ લક્ષ્મણા સાસુ તરફથી સંસારની યુક્તિ દેખાડવા નિમિત્તે પ્રથમ સાંબેલું લઈને પોંખવામાટે સાસુએ આવીને સાંબેલું દેખાડવા માંડયું, એટલે સાંબેલાવતી પોંખવા માંડી. તે ઉપરથી સમજવાનું કે જેમ ઉખલમાં દાણાને મુસલવડે ખાંડવામાં આવે છે તેમ સંસારરૂપીખાંયણીઆમાં મારી દીકરી તરફની પડતી હરકતોરૂપીસાંબેલાવડે તમો દાણાની પેઠે ખંડાશો અને તે ચિંતા ઉપાધિનું કારણ છે, માટે મારી દીકરીને તમો પરણવા ધારો છો તો તમારી એવી અવસ્થા થશે, તેમ છતાં પણ જયારે તમારી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરજી દેખાય છે ત્યારે વળી સાસુ ધુંસરૂં દેખાડે છે તે ઉપરથી એમ સમજાવે છે કે જેમ બળદ ધુંસરાને ધારણ કરી ટાઢ તાપ સહન કરી પોતાના કાર્યમાં પ્રવર્તે છે, તેમ તમારે પણ આ સંસારમાં મારી દીકરી રૂપ ધુંસરૂ ખાંધે ધારણ કરીને ટાઢ તાપ ઉપાધિ શોક આદિ દુઃખોને ધારણ કરી સંસારમાર્ગમાં વહેવું પડશે. વળી સાસુજી વરને ત્રાક દેખાડે છે, તે ઉપરથી એમ સમજવાનું કે ત્રાક રૂપ સ્રીથી સંસારમાં ઉત્પન્ન થતાં આધિ વ્યાધિ ઉપાધિ દુઃખોથી વિંધાવું પડશે, પરણવું એ કંઇ સહેલ નથી, વળી સાસુ રવૈયો દેખાડે છે, તે ઉપરથી એમ સમજવાનું કે જેમ ઘીને માટે છાશ વલોવાયછે તેમ તમો સ્વાર્થને માટે વલોવાશો. ઇત્યાદિ તેના ઉપનય પુરૂષમતિ અનુસારે જુદા જુદા પણ થઇ શકે છે. એ પ્રમાણે દેખાડયા છતાં પણ જ્યારે વર તરફથી મોહને લીધે કંઈ જવાબ દેવાતો નથી ત્યારે સાસુ સસરો પોતાની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીકરીને ચાર ગતિરૂપ ચાર ફેરા ફેરવી પરણાવે છે.ચાર મંગલના ફેરાથી એમ સમજવાનું કે હવે આ મોહનીનું ઘર એવી સ્ત્રી પરણવાથી ચાર ગતિમાં પુનઃ પુનઃ ફેરા ફરવા પડશે, જો એનો ખરો ઉપનય જાણવામાં આવે તો વર સ્ત્રી પરસ્પર પરણવાની ઇચ્છા કરે નહિ,અને ખરૂં પૂછો તો અજ્ઞાનભાવે પરણનારા-ઓને એ ક્રિયાનો શો અર્થ છે તે બિલકુલ જાણવામાં આવતો નથી. હવે આ પ્રમાણે બિચારા નાના બાળક મનોહરનું ચંચળાની સાથે લગ્ન થયું.

મનોહર પરણવું એટલે શું તેનો અર્થ પણ સમજતો નહોતો, જેમ ગોર, ક્રિયા કરાવે તેમ કરતો, પોતે એટલું સમજતો હતો કે પરણેલી સ્ત્રીને વહુ કહેવાય છે.હવે નાનપણમાંથી સંસારભાવે ચંચળાની સાથે મનોહરને વર્તવું પડયું. કારણ મળે દરેક સંજ્ઞાઓનો ઉદય થાય છે, તે પ્રમાણે તેને પુરૂષવેદ મૈથુનસંજ્ઞા ઉદયે આવી. મહિના બાદ મનો-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરને નિશાળે ભણવા જવું પડયું. ચંચળા બિલકુલ મૂર્ખ હતી, ભણવાને તે તો ધિક્કારતી હતી, તેમ તેનો ચીડીયો અને કદાગ્રહી લડાઇ ખોર સ્વભાવ પડયો હતો, તે મનોહરને નિશાળે જતો દેખી કહેવા લાગી કે હવે નિશાળે જવું ખોટું છે, મને લોકો મ્હેણાં મારે છે અને મારી બીજી બૈરીઓ મશ્કરી કરે છે, પણ તેથી મનોહરને કંઇ અસર થઇ નહિ; કારણ કે પિતાનો આગ્રહ ભણવા સંબંધી ઘણો હતો. મનોહરનું ચિત્ત, વિદ્યાભ્યાસ ઉપરથી કંટાળ્યું હતું અને તેનાથી બરાબર લેશન પણ થઇ શકતું નહોતું. માસ્તર વારંવાર ઠપકો આ-પતા હતા, મનોહરની માતા તો પોતાની વહુને દેખી પોતાને ધન્યધન્ય માનતી હતી. અહો ! માતાઓ પોતાના પુત્રનો ખરો સ્વાર્થ સમજી શકતી નથી અને ક્ષયના હોમમાં પોતાના વ્હાલા છોકરાને હોમે છે.

મનોહર હવે શાળામાં જતો બંધ થયો.તેને કુમિ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રોની સોબત થઇ તેથી વેશ્યાને ઘેર પણ જતાં શીખ્યો, અને તેથી તેને ચાંદીનો રોગ થયો, તે મહા મહેનતે હજારો રૂપૈયા ખર્ચતાં મટયો. મનોહર એક દુકાનેથી બીજી દુકાને ભટકવા લાગ્યો. મોહના પાસમાં બાલ્યાવસ્થામાં પડવાથી ખરૂં તે સંસાર સ્વરૂપ જાણી શકતો નહોતો, કેટલાક લોકો તેની મશ્કરીમાં તેની વહુને તેની મા કહીને બોલાવતા, મનોહર તેથી ચીડાતો હતો પણ શું કરે? કોઇ વખતે સહેજ બાબતમાં મનોહર અને ચંચળાને કલેશ પણ થતો, ચંચળા અને સાસુ વચ્ચે પણ કોઇ વખતે કેશાકેશી ગાળાગાળી યુદ્ધ મચતું, આખા ઘરમાં ચંચળા તોફાન મચાવતી, રોતી,લડતી, અને ખાતી પણ ન્હોતી.

## अतिशय लाड लडाववां नहीं.

સાસુનો ધર્મ છે કે, પુત્રની વહુને પહેલાં પોતાના ઘરની નીતિ શીખવવી. આ પ્રમાણે સંસા-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમાં વર્તવું, સાસુ સાથે આ પ્રમાણે વર્તવું, અમુક વખતે અમુક અમુક ઘરનાં કામકાજ કરવાં, પોતાના પતિની ભક્તિ કરવી, સાસુ સસરાને નમન કરવું, પરપુરૂષ સાથે એકાંતે છાની વાત કરવી નહીં, પરપુરૂષ સાથે હસવું નહિ, સવારમાં સૌના પહેલાં ઉઠવું, મોટાના સામું અસભ્ય બોલવું નહિ, વડીલોની મર્યાદા પ્રમાણે ચાલવું, એ પ્રમાણે સાસુ જો પહેલાંથીજ પુત્રની વહુને શિખામણ આપે તો કેશાકેશી યુદ્ધ બનવાનો વખત આવે નહિ.

## चंचळाना मुखमां देडकुं पेठुं.

એક દિવસ ચંચળા, લક્ષ્મણા સાસુ સાથે ગાળો દેઇ ખબ લઢી અને રીસાઇ કોઇ કચરાળી જગામાં ક્રોધથી જઇ સૂઇ રહી, એવામાં એક નાનું દેડકું કૂદતું કૂદતું તેના મુખમાં પેઠું, તેણીએ એકદમ મુખ પહોળુ કર્યું તેથી તે પેટમાં ઉતરી ગયું, તે બૂમો બરાડા પાડવા લાગી. અને ઉંચી નીચી થવા લાગી, તથા માથું પટકવા લાગી, અંતે ઘવલ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠને માલુમ પડવાથી ડાકટરને બોલાવી પ્રતિકાર કરાવ્યો તેથી દેડકું નીકળી ગયું; તોપણ ચંચળાએ પોતાના સ્વભાવને છોડયો નહીં. ચંચળા કાચું પાકું ખૂબ ખાતી, દેવદર્શન કરવાં અને ગુરૂ પાસે ધર્મ સાંભળવા જવું તે તો તેને ઝેર જેવું લાગતું, કોઇની નિંદા કરવી, કોઇનું ઉધુંચતું કરવું, લાકડાં લડાવવાં એ તેને વ્હાલું લાગતું. એક દિવસ તેણીએ પોતાની બેનપણી પાસે એક મોતીની માળા દેખી, તેવી માળા મેળવવા તેણીએ પોતાના પતિને કહ્યું, ત્યારે મનોહરે કહ્યું કે, મારૂં મારા બાપા આગળ કંઈ ચાલતું નથી, તારે ખપ હોય તો મારા બાપાને કહે, ત્યારે ચંચળાએ કહ્યું. પીટયા ! તું શું કરવા પરણુવા આવ્યો હતો, વાંઢો રહેવું હતું, મને તું પરણ્યો છે કે તારો બાપ પરણ્યો છે, કે જેથી તેને કહેવાનું કહે છે.

મનોહર-નફ્ફટ ! વિચારીને બોલ ! બોલતાં બોલતાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હેકી કે શું ?

ચંચળા—અહો હો ! આટલી બધી શેખાઇ કોના ઉપર મારોછો !! શું જઘન કરી નાંખ્યો છે ? હજી તમારા ઘરનું એક કાપડું સરખું પણ લીધું નથી, રાંડની બબ્બે વરસથી ઉઘાડી ફરૂં છે, એક મોતીની માળા સરખી પણ તમારાથી અપાય નહિં ત્યારે તમને પરણીને શું સુખ માણ્યું ? શાં પાપકર્મ કર્યાં હતાં કે ભોગજોગે આવો ધણી મળ્યો.

## ઘરેણાનો ઘમઘમાટ.

સ્ત્રીયો ઘરેણાં પહેરી પોતાને કૃતાર્થ માને છે, પણ સમજતી નથી કે ઘરેણાંની શોભા કરતાં ગુણની શોભા ઘણી મોટી છે. પોતાના પતિને પંજેળીને ઘરેણાં પહેરવાં એ મહાપાપ છે, તેમજ ગામમાં કોઇનું બે પૈસાનું દેવું કરી પતિને કનડી ઘરેણાં પહેરવાં એ પણ અન્યાય છે. પતિના દુઃખમાં સ્ત્રી ભાગ લેનારી છે પણ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતેજ તેને નકામો સંતાપે ત્યારે તે પતિવ્રતા સ્ત્રી શી રીતે કહી શકાય? કોઇ ગાંડો ધણી હોય વા વ્યસની પતિ હોય અને પોતાનાં ઘરેણાંને પતિ વટાવી દેવાળું કાઢે તે વખતે સ્ત્રીએ ઘરનું સારૂં થાય તેમ વિચારવું. સ્ત્રીઓનો મુખ્ય અલંકાર પતિવ્રતાપણું છે, તેમજ સાસુ સસરાને નમન કરવું એજ તેની મોટી કીર્તિ છે, પોતાના પતિનું બૂરૂં ચિંતવવું નહીં, તેમજ સુખ દુઃખમાં પરસ્પર સાહાય્ય કરવી એજ દંપતીનું ભૂષણ છે. સ્ત્રી હઠથી અંતે થાકીને મોતીની માળામાટે મનોહરે પોતાના પિતાને કહ્યું. તેણે મોતીની માળા પોતાની સ્ત્રીને આપી ત્યારે તેનો સાલ, ચંચળાએ છોડયો. અહો! કદાગ્રહી અને મૂર્ખ સ્ત્રીઓથી પતિયોને કેટલું દુઃખ સહન કરવું પડે છે!!! ચંચળાને ચૌદ વર્ષની ઉમરે એક પુત્રનો પ્રસવ થયો, પણ તે છ મહિનાનો થઇ મરી ગયો.

મનોહરની મા, મનોહરનું સુખ દેખવા રહી નહીં,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે પરભવની વાટ લીધી એટલે મૃત્યુ પામી. ધવલશેઠ વૃદ્ધ થયા હતા, તેને તેથી એક કારી ઘા લાગ્યો, તેપણ ચિંતામાં ને ચિંતામાં મૃત્યુ પામ્યા. મનોહરને દુકાનનો ભાર વળગ્યો, નાની ઉમરમાં કેળવણી બરાબર લીધી નહિ તેથી વ્યાપારમાં તેને સમજણ પડતી નહોતી, તેના ગુમાસ્તા કેટલુંક ધન ખાઈ ગયા, તેની પ્રતિદિન લક્ષ્મી ખૂટવા લાગી, મનોહરથી મોટો વ્યાપાર પણ થઇ શકતો નહોતો, તેની છેક નિર્ધન અવસ્થા આવી, ખાવાનું ખૂટ્યું, ઘર પણ રહેવાનું ઘરેણે મૂક્યું, ઓછામાં પૂરો ક્ષય નો રોગ તથા ભગંદર અને પરમીયો એ ત્રણ રોગ મનોહરને લાગુ પડ્યા, બિચારો મનોહર ખાટલે પડ્યો, ચંચળાને કોઢરોગ ઉત્પન્ન થયો. તેથી તે પણ દુઃખી બની ગઈ, અને તેની અભિમાનદશા ઉતરી ગઈ, આ બાળલગ્નજોડું દુઃખી હાલતમાં આવી પડ્યું. એકદિવસ મનોહરે દુઃખથી પથારીમાં સૂતાં સૂતાં ગાવામાં

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચે પ્રમાણે પોતાના દુઃખના ઉભરા કાઢવા માંડ્યા.

રાગ કાન્હરો.

લગ્ન બાળકનાં કરશો ન કોઇ
મારાં દુઃખડાં નજરે જોઇ. લગ્ન૦ ૧

ધાતુ ક્ષય વિદ્યાક્ષય થાવે,
કાળજુ કોલી સ્ત્રી નિત ખાવે. લગ્ન૦ ૨

ચિંતા ચિતા સમ મન બાળે,
શોક વિયોગે તે દેહને ગાળે, લગ્ન૦ ૩

ભણુતર ગણુતર દૂરે નાસે,
વ્યાપાર હુન્નર મન નવિ ભાસે. લગ્ન૦ ૪

શરીરશકિત ઘટતી જાવે,
ક્ષય ગળતી બહુ રોગો થાવે. લગ્ન૦ ૫

માતા પિતાએ મને પરણાવ્યો,
હોમાગ્નિ માંહે સળગાવ્યો. લગ્ન૦ ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખના દરિયામાં હું પડિયો,
મરણપથારીમાં રડવડિયો. લગ્ન૦ ૭

કરગરી કરજોડી કહું રોઇ,
બાલલગ્નને કરશો ન કોઇ. લગ્ન૦ ૮

આ પ્રમાણે ગાયન ગાઇ મનોહર દુઃખના ઉભરા કાઢે છે, પ્રમેહ રોગથી બૂમો બરડા પાડે છે, તેણે ડાકટરને ઘેર બોલાવ્યો, ડાકટરે શરીર તપાસી કહ્યું કે, તમારા શરીરમાં મૂળથી ધાતુક્ષય થયો છે અને જઠરાગ્નિ મંદ પડી છે તેથી ખાધું પચી શકતું નથી અને તેના લીધે બીજા રોગો ઉત્પન્ન થયા છે, તેણે ઇત્યાદિ કારણો કહી બતાવ્યાં. રોગ અસાધ્ય છે. ચંચળા હવે દુઃખની સ્થિતિમાં આવી પડી, તેનો પતિએ ત્રણ વર્ષ પથારીમાં પડી રહ્યો અને તે ઉધરસ, શ્વાસોશ્વાસના ઉપાડને લીધે અત્યંત પીડાવા લાગ્યો, ત્યારે તેનાં સગાંવહાલાં કુટુંબી સંબંધી સર્વે તેને મળવા આવ્યાં, તેવારે મનોહરે આ પ્રમાણે અડકતે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચને દુઃખિયારી સ્થિતિમાં પણ પોતાના દેશના કલ્યાણને માટે, જૈનવર્ગની ઉન્નતિને માટે આ પ્રમાણે બોલવા લાગ્યો.

મારાં સગાં વ્હલાંઓ ! તમે જાણો છો કે "પહેલું સુખ તે જાતે નર્યા" એમ કહેતાં કહેતાં તેની આંખમાંથી દડદડ આંસુની ધારા વહેવા લાગી અને છાતી ભરાઈ આવી, ત્યારે કાકાઓએ તથા કાકીઓએ તથા સાસુ વગેરેએ ધીરજ આપીને કહ્યું કે, તમે ગભરાશો નહિ. મનોહર આગળ બોલ્યો. આ મારૂં શરીર રૂધિર માંસના લોચા વિનાનું શિથિલ હાડકાંનીમાળા જેવું થઇ ગયું છે, તેનું કારણ મને મારા માતાપિતાએ નાનપણમાં પરણાવ્યો તેજ છે. અહહ ! અરે હાય ! મમમને બીજું દુઃખ એ છે કે મારૂં થયું એવું બીજાનું થાય નહિ. જ્યારે મારા શરીરમાંથી વીર્ય નાશ થઇ ગયું ત્યારે સર્વ રોગો શત્રુની પેઠે પીડવા લાગ્યા. હાય! અરે ! હવે કોનો આધાર. લાડમાં ને



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાડમાં મારી માતાએ મને પરણાવ્યો,ભણવાનું મૂકાવ્યું, મારૂં ભણવા ઉપરથી ચિત્ત ઉઠી ગયું,વ્યાપારમાં ગમ પડી નહિ, તેથી અંતે સર્વ ધન ખૂટી ગયું, બૈરી પણ અવિનીત અને કલેશ કરનારી મળી, હવે, ક્ષયરોગમાંથી બચવું મુશ્કેલ છે, હવે સૌ સગાં સાથે છેલ્લા પ્રણામ છે, એમ કહીને તે બે હાથ જોડે છે અને આંખમાંથી અશ્રુધારા વર્ષાવે છે, તે દેખી સગાંવહાલાં પણ રડી પડેછે અને ગળગળાં થઇ જાયછે.જૈનોએ તેને નવકાર મંત્ર અંતે સંભળાવ્યો. તેણે કહ્યું કે મારાં વ્હાલાંઓ !! હું તો હવે જાઉં છું પણ અંતે મારી શિખામણ એજ છે કે કોઇ બાળલગ્ન કરી સંસાર વ્યવહારમાં વરવહુને વર્તાવશો નહિ. એમ કહેતાં કહેતાં તેના આત્માએ આ નાશવંત શરીરનો સંગ છોડયો. સગાં વહાલાંએ મરણકૃત્ય કર્યું, ચંચળા રોવા લાગી, પણ હવે શું વળે ? શરીરમાંથી નીકળેલો આત્મા કંઇ પાછો આવતો નથી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हित शिक्षा

સુજ્ઞો ! મનોહરની અંત્યાવસ્થાથી કોને દુઃખ થયા વિના રહેશે ? બાળલગ્ન કરવાથી એવા કુફાયદા થાય છે. ધવલશેઠે લગ્ન માટે કંઇ સારો વિચાર કર્યો હતો પણ ઘરમાં સ્ત્રીએ અજ્ઞાનદશાથી પોતાના પુત્રને પરણાવ્યો ત્યારે અંતે બાખમેદાન થઇ ગયુ. વંશનો પણ ઉચ્છેદ થયો; માટે માતપિતાને શિખામણ કે પોતાનાં છોકરાંને નાનપણમાં પરણાવવાં નહિ. બાળલગ્નથી થોડી માત્ર પણ હાનિ પહોંચ્યા વિના રહેશે નહિ અને શરીરની નબળી અવસ્થા થશે અને પોતાનાં છોકરાંથી મહાન્કાર્ય થઇ શકશે નહિ, માટે વિદ્યાભ્યાસ પૂર્ણ થાય, વ્યાપારકળામાં હુશિયાર થાય ત્યારે પુત્રાદિ પરણાવવા, કે જેથી સંસારમાં કોઇ જાતની અડચણ પડે નહિ અને શરીરની ખુવારી થતી અટકે. આ એક પોતાના પુત્રના એકલાના હિતને માટે નથી પણ સમગ્ર જનતા તથા જૈનવર્ગને માટે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતકારક આ વાત છે. આ હિતશિક્ષાને માન આપશે તે લોકો શરીરે સુખી થશે અને સંસારનાં તથા ધર્મનાં મહાન્ કાર્યો કરી શકશે અને દુનિયામાં અમર થઇ જશે; અને જે હિતશિક્ષા નહિ માને તે વિપરીત ફળ પામશે, નિર્બળપ્રજાનાં મન પણ નિબળ રહે છે અને તે પ્રમાણે સત્ત્વગુણ પણ ઓછો રહે છે, તો તેથી ધર્મકાર્યમાં પણ તેની યથાયોગ્ય પ્રવૃત્તિ થતી નથી. સુજ્ઞ હોય તેજ ધર્મને સાધી શકે છે, તો બાળલગ્નથી જેનાં શરીર મડદાલ બની ગયાં હોય છે તથા તેનાથી ચૌદ, પંદર, સોળ વર્ષે વહુથી ઉત્પન્ન થનાર પ્રજા થાય છે તે તો વિશેષેકરી ધર્મમાં હિંમત વિનાની રહે છે, અર્થાત્ ધૈર્ય અને દૃઢતા પૂર્વક તેનાથી ધર્મસાધન થઇ શકતું નથી અને સત્ત્વવાન્ ધૈર્યવાન્ પુરૂષો હોય છે તે ધર્મ વા કર્મમાં પૂરા હોય છે. કહેવત છે કે " જે શૂરા તે સર્વ વાતે પૂરા. " હોયછે. નિર્બળ પ્રજાથી વિદ્યાભ્યાસ કરી શકાય નહિ;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી બાળ લગ્ન થયા બાદ વિદ્યાર્થિંયોની યાદશકિત પણ કમતી થાય છે અને તેઓનું ચિંતાવાળું મન રહે છે; માટે બાળલગ્નનો કુધારો બંધ કરવો અને યોગ્ય ઉમરે લગ્ન કરવાં એજ હિતશિક્ષા છે. ઇતિ શ્રી શાંતિઃ શાંતિઃ

આ પ્રમાણે દ્વિતીય પુરૂષે બાળલગ્ન ઉપર ભાષણ આપ્યું, તે સાંભળી સભાના સદ્‌ગૃહસ્થોએ તેમને વધાવી લીધા. ત્યાર બાદ તૃતીય રત્નમણિ નામના પુરૂષે ભાષણ આપ્યું કેઃ—

ગૃહસ્થો !!! બાળલગ્ન સંબંધી આપણી જૈનકોમમાં એક ઠરાવ કરવો જોઇએ છીએ કે જેથી કોઇ બાળલગ્ન કરે નહિ. મને ખાત્રી છે કે બાળલગ્ન ન કરવા સામે આ સભામાંનો બેઠેલો અને બહારનો કોઇ પણ માણસ વાંધો લેશો નહિ. એ દુષ્ટ રીવાજનો દેશનીકાલ કરવાને માટે અત્રે આ સભા ભેગી થઇ હોય એમ હું માનું છું. હવે હું એટલું કહી નાતના શેઠીઆ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓએ શાંશાં કૃત્ય કરવાં જોઇએ તે વિષય ઉપર બેબોલ કહું છું. નાતના શેઠોને નાતનું ભલું કરવા, તેનો બંદોબસ્ત રાખવા, નાતની ઉન્નતિ કરવા તથા ધર્મના કાયદા પળાવવા માટે નીમવામાં આવે છે; જેમકે અમુક વીશાશ્રીમાળી જ્ઞાતના શેઠ, અમુક ઓશવાળ જ્ઞાતિના શેઠ. જ્ઞાતિને સુધારવી, તેને સારા માર્ગે દોરવી તે શેઠીઆનું કર્તવ્ય છે. જેનો પક્ષ જબરો હોય, રાજકાજમાં લાગવગવાળો હોય, ખાનદાન હોય, દયાળુ હોય, ગંભીર હોય, ઉદાર હોય, પોતાની જ્ઞાતિની ઉંચીસ્થિતિ થવામાં જેની દરરોજ લાગણી હોય તથા પ્રવૃત્તિવાળો હોય, સમયનો જાણુ હોય, ધર્મી હોય, લજ્જાલું હોય, બહાદૂર અને ધૈર્યગુણે કરી સંપન્ન હોય, સર્વ જ્ઞાતિને સન્માર્ગે દોરવાની જેનામાં કળા હોય, ન્યાય અને અન્યાયનો જાણુ હોય, યથાયોગ્ય ઇન્સાફ આપનારો હોય, કોઇની શરમમાં લેવાય નહિ એવો હોય, પ્રાણનો નાશ થતાં પણ લાંચ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેનાર ન હોય અને સત્યવાદી એવો શેઠ વા નગરશેઠ જૈનવર્ગનું તથા પોતાની જ્ઞાતિનું ભલું કરી શકે છે.

## फक्त नामना शेठियाओ.

જેનામાં સત્વગુણ ના હોય તથા લાંચના પૈસા ખાનારા હોય,જૂઠાનો પક્ષકાર હોય.**"વર મરો વહુ મરો પણ ગોરનું તરભાણું ભરો."** એ ન્યાયે પોતના સ્વાર્થમાં પૂરો હોય અને પારકી દયા રાખનાર નાહોય, સત્યવાદીપણું તો જેનાથી દૂર રહેલું હોય, પોતાની નાતની જેને દરકાર નાહોય, ઘડીમાં કંઇ બોલે ને ઘડીમાં કંઇ બોલે, કહેણી પ્રમાણે રહેણી ના હોય,સત્યાર્થે પોતાના પગે કુવાડો લેનાર ના હોય, કુસંપી અને કદાગ્રહી હોય, કામના ભૂખ્યા ના હોય, પણ જે નામના ભૂખ્યા હોય, જેનો ભારબોજ પડતો ન હોય, પોતાની નાતિમાં પડેલું અવ્યવસ્થિતપણું જે દૂર કરી શકતો ન હોય, કુસંપ પડેલો હોય તે પણ દૂર કરી શકે નહિ, એવા વીશાશ્રીમાળી શેઠ અગર ઓ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શવાળ જ્ઞાતિના શેઠ અગર ઓશવાળ જ્ઞાતિના શેઠ વા પોરવાડ વિગેરે દરેક જ્ઞાતિના શેઠ હોય તે નામના માત્ર શેઠો જાણવા, તેઓથી પોતાની જ્ઞાતિનું હિત થઇ શકે નહિ, અને જૈનવર્ગની ઉન્નતિ પણ થઇ શકે નહિ. સત્તા વિનાના પક્ષપાતી શેઠીયાના વખતમાં નાતની સ્થિતિ ખરાબ થાય છે, અને તે નાત ઉંચી સ્થિતિમાં ચઢી શકતી નથી જ્ઞાતિનો હું શેઠ છું, માટે તેના ભલામાં એક કલાક વા બે કલાક દિવસમાં તે સંબંધી પ્રયત્ન–ઉદ્યમ કરવો જોઇએ, એવી જેના મનમાં લાગણી નથી તેને શેઠીયાઓ કરવાથી જ્ઞાતિનું કંઇ પણ ભલું થતું નથી.

## शेठीयाओनी फरज.

લોકો પોતાને નાતના શેઠીયાઓ લોકો કહે એમ કહેવા માત્રથી તેઓએ આનંદ માનવો નહીં પણ જ્ઞાતિવર્ગની સેવા બજાવવી, પ્રાણ અને તન ધનનો ભોગ આપવો, પરોપકાર કરવો, તથા જ્યાં ત્યાં પોતાની જ્ઞાતિમાં રાંડીરાંડો કેટલી છે?

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની આજીવિકા શી રીતે ચાલે છે ? તેની તપાસ કરી ગુપ્ત અન્નદાનની સગવડતા હરેક રીતે કરી આપવી, પોતાની જ્ઞાતિના છોકરાઓને ઉત્તમ પ્રકારની કેળવણી આપવી, અપાવવી, તેમને ભણવામાં સાહાય્ય આપવી, ગરીબ છોકરાઓ કે જે પોતાના ઘર તરફથી અભ્યાસ કરવાને અશકય છે તેઓને હરેક સ્થાને ભણવાની ગોઠવણ કરી આપવી, પોતાની જ્ઞાતિવર્ગમાં જે છોકરીઓ હોય તેને ધર્મશાસ્ત્રની કેળવણી અપાવવી અને તેના માટે બંદોબસ્ત કરવો, પોતાની નાતમાં ટંટા પડવા દેવા નહિ, એક નાતમાં ઘણા શેઠીયાઓ હોય તોપણ પરસ્પર અદેખાઇ કરી તડ પાડવાં નહિ, કારણકે તેથી નાતની ખરાબી થાય છે, સંપમાં જે સુખ છે તે કુસંપમાં જરા માત્ર પણ સુખ નથી. પૃથુરાજ જે દિલ્લીનો હિંદુપતિ હતો તે પણ કુસંપથી હાર્યો અને જયચંદ્રનું રાજ્ય પણ નાશ પામ્યું ઇત્યાદિ જાણીને વર્તનાર ખરા શેઠિયાઓ છે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની જ્ઞાતિમાંથી કોઇ સ્વામિનારાયણ વા ગોસાઇ વા અન્ય વિધર્મ પાળે તો તેને જ્ઞાતિ બહાર કરવા, અને તેની સાથે ભોજન વ્યવહાર, પોતાના કાયદા માને તો રાખવો, પોતાના જે જે સારા વિચારો હોય તે પહેલાં જ્ઞાતિના સદ્ગૃહસ્થોને બોલાવી સંભળાવવા અને સર્વની અનુમતિ લેઈ અમલમાં મૂકવા ઇંગ્લીશ કેળવણીના લીધે ખ્રીસ્તિમતને અનુસરનારા એવા જુવાન છોકરાઓને સદ્ગુરૂ મહારાજની પાસે મોકલવા,પોતાની જ્ઞાતિનું ભલું કેમ થાય તથા તે ધનવાન્ અને ધર્મી કયારે બને,તે માટે જેની સદા શુભ મતિ વર્તતી હોય એવા શેઠીયાઓથી જ્ઞાતિનું તથા જૈનવર્ગનું ભલું થાય છે, નાતની પંચાતમાં અન્યાયીઓનો પક્ષ કરવો નહિ, કોઇએ કન્યાવિક્રય કર્યો હોય તો તેને ખૂબ સખ્ત શિક્ષા કરવી અને નાતબહાર મૂકવો કે જેથી બીજાઓ એવાં પાપનાં કૃત્ય કરતા અટકે. કન્યાના પૈસા ખાનારનો પક્ષ કરનાર જો ના-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તનો શેઠીયો હોય તો તે મહા પાપી અને જ્ઞાતિનું બૂરૂ કરનાર અને તેનો નાશ કરનાર પણ જાણવો. શેઠીયાઓએ જ્ઞાતિનું ભલું કરવા સર્વે પ્રયત્નો કરવા. એજ નાતના શેઠિયાઓને હિતશિક્ષા છે.

## शेठीयाओ प्रति नातिमनुष्योए केवी रीते वर्त्तवुं.

પ્રીતિ અને નમ્રભાવથી શેઠીયાઓ પ્રતિ નાતિને વર્તવું, અને તેમના કહેલા વચનને માન્ય રાખવું, તેમના પ્રતિ દ્વેષની બુદ્ધિ ધારણ કરવી નહિ ઝઘડા ટંટા જ્ઞાતિમાં કરવા નહિ, અને શેઠીયા સામું થવું નહિ, કદાપિ શેઠીયા લાંચીયા હોય અને નાતની ખાખાવીખી કરી નાંખતા હોય તો તે શેઠીયાઓને સર્વ ગૃહસ્થોએ ભેગા થઇ સમજાવવા, અને તેમ છતાં તેમના કદાગૃહથી જ્ઞાતિ ઘણી દુઃખી થતી હોય તો શેઠીયાઓને તેમના પદથી પણ દૂર કરવા. શેઠીયાઓ જ્ઞાતિનું ભલું કરનાર છે, અને જ્ઞાતિ તેના વચનને અનુસાર છે, તો તેથી પરસ્પર બન્નેએ સંપીને ચાલવું, અને પોતાની જ્ઞાતિની

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિ ઇચ્છવી. નાતના ગ્રહસ્થોએ પરસ્પર લડવું નહિ, આપણે માણુસ જાતિ સ્વતંત્ર છીએ, અને વળી આપણા માથે જ્ઞાતિના શેઠીયા અને તેમના કાયદા આપણે માનવા, એવા તો શેઠીયા કેમ જોઇએ ? એમ વિચારવું નહિ દરેકના માથે એક અંકુશની જરૂર છે, તે વિના પરસ્પર આપણે અન્યાય કરીએ તો આપણને કોણ શિક્ષા આપી શકે ? માટે શિક્ષા આપી સન્માર્ગે દોરનાર શેઠીયા, રાજા, ગુરૂમહારાજ, વિગેરેની જરૂર છે, માટે તેમની આજ્ઞા માનવી. તેમની શિક્ષા ન માનવામાં આવે તો નીચે લખેલા દૃષ્ટાંત પ્રમાણે કેવી હરકત પડે છે, તેનો વાચકોને ખ્યાલ આવશે.

## इंद्रियो अने जठर वच्चे अणबनाव.

એક દિવસ આંખ, કાન, નાક, જીભ અને ચામડી, તથા હાથ પગઆદિની મંડળી એકઠી થઇ, અને તે એક બીજાની મોટાઇ દેખાડવા લાગી. આંખ કહેવા લાગી કે હું સર્વ કરતાં શ્રેષ્ઠ છું, મારા વિના

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ પદાર્થ દેખી શકાય નહિ, સારૂં નરસું જોવામાં હું શ્રેષ્ઠ છું, ખાડો ખચકો, શત્રુમિત્રને પ્રથમથીજ હું દેખું છું. આ સાંભળી કાન કહેવા લાગ્યો કે, અરે! આંખ આટલી બધી બડાઇ તારી, કોની આગળ હાંકે છે. જો હું ન હોત તો તારા એકલાથી કંઈ પણ થઇ શકે નહિ; કારણ કે આ વસ્તુ સારી છે અને ખોટી છે, અમુક દુષ્ટ છે, અમુક સજ્જન છે, અમુક ધર્મ છે, અમુક પાપ છે, એનું પ્રથમ શ્રવણ કર્યા વિના તું શી રીતે પરીક્ષા કરી શકશે ? માટે ખરેખર સર્વમાં શ્રેષ્ઠતા મારી છે. ત્યારે નાક કહેવા લાગ્યું કે, મારા વડેજ તમે સૌ કાયમ છો અને જીવી શકો છો, કારણ કે નસકોરાંથી શુદ્ધ હવાનો શ્વાસ લઉં છું, અને ખરાબ હવા કાઢી નાંખું છું, ઉંઘમાં આંખ પણ મીંચાઇ જાય છે, કાન પણ સાંભળવાનું કામ મૂકી દે છે, પણ હું તો તે વખતે પણ પેરો ભરૂં છું, મને તો એક મિનિટની પણ વિશ્રાંતિની જગ્યા મળતી નથી; માટે મારી આગળ તમે શા હિસાબમાં છો ! નકામી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બડાઈ કેમ હાંકો છો? હું સર્વમાં શ્રેષ્ઠ છું. ત્યારે જીભ તાડુકીને બોલી ઉઠી. અરે! તમે સર્વ મારી આગળ નકામાં છો, હું વિવિધ પ્રકારના ઉચ્ચાર કરી કરૂં છું અને રસની પરીક્ષા કરવામાં, અન્યને બોધ કરવામાં, મારો ખપ પડે છે, છએ રસની પરીક્ષા હું કરૂં છું, ઝેર અને અમૃતની પરીક્ષા મારાથી છે, કડવું અને ગળ્યું હું પારખી શકું છું, અને સર્વ પદાર્થોને ખાઇને હું આખા શરીરમાં પુષ્ટિ તરીકે મોકલું છું. કહો સર્વે કેવી હું મોટી ? હાથ પગ પણ પોત પોતાની બડાઇ હાંકવા લાગ્યા. સર્વે એ વિચાર કર્યો કે આપણે તો પરસ્પર એક બીજાને મદદ કરીએ છીએ પણ આ જઠર કંઇ ઉદ્યોગમાં નથી અને બેઠું બેઠું આપણી કમાઇ ખાયા કરે છે. આપણે બધાએ થોડા દિવસ ઉદ્યોગ કરવાનું બંધ રાખવું કે જેથી જુઓ જઠરની કેવી અવસ્થા થાય છે! એમ નક્કી કરી બધી ઇંદ્રિયોએ થોડા દિવસસુધી જઠરને દુઃખ દેવા ઉદ્યમ ત્યાગ્યો; પણ અવિચારી ઇંદ્રિ-

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોના જાણવામાં નહોતું કે જઠર પણ અન્ન પચવવું, લોહી ઉત્પન્ન કરવું ઇત્યાદિ કામ કરે છે, અને તેના લીધે આપણને શક્તિ મળે છે,આનો વિચાર કર્યા વિના જઠરને નકામું ધારી ઇન્દ્રિયોએ પોત પોતાનું કામ છોડી દીધું.ત્રણ દિવસ થતાં તો આંખે અંધારાં આવવાં લાગ્યાં, કાનની સાંભળવાની શક્તિ નરમ પડી, શ્વાસોશ્વાસ લેવામાં નાકને મહેનત પડી, જીભને શબ્દ બોલતાં અચકાવાપણું થયું, પગમાં ચાલવાની શક્તિ રહી નહિ, હાથથી કંઇ કામ થયું નહિ, એવી ખરાબ સ્થિતિ, બધી ઇંદ્રિયોની થવા લાગી; ત્યારે મને સર્વને ઇન્દ્રિયો વગેરેને મેળવીને, કહ્યું કે, જો તમે આમ કરશો તો તમારો સંક્ષય થાશે સર્વ ઇંદ્રિયો પણ પોતાની દુઃખી સ્થિતિથી તુરત બોધ પામી,અને મનને પૂછ્યું.–અમારી આવી અવસ્થા કેમ થઇ, ત્યારે મને વિચાર કરી જણાવ્યું કે તેનો ઉત્તર જઠર આપશે. જઠર અત્યાર સુધી મૌન રહ્યું હતું તે હવેબોલ્યું—અરે અવિચારી ઇંદ્રિયો ! તમે મારી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરજ બીલકુલ જાણી નહિ, જુવો હું તમારા સૌને માટે અમૂલ્ય સેવા બજાવું છું તે તમને માલુમ નથી. અનાજને પચાવી તેનું લોહી બનાવવું, અને તે લોહી તમારી સર્વની પુષ્ટિને માટે હું તમને મોકલું છું.આ સાંભળી સર્વ ઇંદ્રિયો આશ્ચર્યમાં પડી, અને જઠરનો ઉપકાર માન્યો, અને પોતપોતાનું કામ કરવા લાગી. તેમ જ્ઞાતિવર્ગે પણ નગરશેઠ, શેઠ વા રાજા, ગુરૂમહારાજ વિગેરેની ઉપયોગિતા જાણીને તેઓના પ્રતિ પ્રીતિ ભાવે વર્તવું.

છેવટે રત્ન મણિએ ઉપસંહારમાં કહ્યું કેઃ—આપણા નગરશેઠની વર્તણુક, તેમની નીતિ અને ઉત્સાહ ન્યાય એવો છે કે હવે આ ગામની ચઢતી દશા કર્યા વિના તે રહેશે નહિ.મને આશા છે કે શ્રેષ્ઠિવર્ય્ય, તન મન ધનથી જ્ઞાતિવર્ગનું ભલું કરવા મચ્યા રહેશે અને જ્ઞાતિ વર્ગમાં જે જે દુષ્ટ રીવાજો પડી ગયા છે તેના નાશ સંબંધી કાયદા ઘડશે. આ પ્રમાણે કહીને રત્નમણિએ ભાષણની સમાપ્તિ કરી ત્યારે જ્ઞાતિવર્ગે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



જય જય ધ્વનિથી તેમને વધાવી લીધા.

નગરશેઠ હરિચંદે ઉભા થઇ જ્ઞાતિવર્ગને આ પ્રમાણે નિવેદન કર્યું. મારા વ્હાલા બંધુઓ! બાલ લગ્ન સંબંધી સદરહુ ગૃહસ્થે ભાષણ કર્યું તથા શેઠીઆઓની ફરજો કહી બતાવી તે યથાયોગ્ય છે. મારો વિચાર એવો છે કે આપણી જ્ઞાતિમાં દશ અગિયાર વર્ષનાં છોકરાંને પરણાવી તેમને સંસારી રીતે વર્તાવવા પડે છે, તે સંબંધી કંઇ કાયદો ઘડવા ધારૂં છું. એકદમ આ દુષ્ટ રીવાજનો નાશ નહિ થાય, માટે પ્રથમ તો મારો એવો મત છે કે અઢાર વર્ષ ઉપરાંતનો છોકરો સોળ વર્ષની અગર તે ઉપરાંતની દીકરીનાં લગ્ન કરવાં, અને હવેથી વિવાહ એવી રીતે છોકરાંનો કરવો કે જેથી છોકરી કરતાં પુત્રની ઉમર પાંચ વર્ષની વધારે હોય અને પીસ્તાળીશ વર્ષ ઉપરાંતના પુરૂષને કન્યા આપવી નહિ. આ કાયદો ગુજરાતના વર્ગને માટે છે અને આખી સત્તાવીશના માટે પણ



www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય છે; કેમ તમારો કેવો અભિપ્રાય છે? જ્ઞાતિના સર્વ ગૃહસ્થોએ એ કાયદો અમને પ્રમાણ છે, તે પ્રમાણે અમો વર્તીશું; એમ કહી જિનશાસનની જય બોલાવી. ત્યારબાદ વળી નગરશેઠ બોલ્યા કે હું પ્રતિદિન બે કલાક નાતિનું તથા ગામના લોકોનું ભલું કરવા ગાળીશ. ખોડાંઢોરોની સંભાળ લેવા એક કલાક પાંજરાપોળમાં જઈ ગુમાવીશ, ગુરૂપાસે વ્યાખ્યાન સાંભળવામાં તથા જૈન છોકરાઓને ઉત્તમ કેળવણી અપાય એવી યોજનામાં તથા જૈન છોકરાઓ કે જેઓ નિરાધાર હોય આશ્રય ના હોય તેઓને આશ્રય આપવામાં તથા તેઓને ધંધા–વેપારમાં વળગાડવામાં તથા જૈનબાળાઓને ઉત્તેજન આપવા અર્થે કેટલોક વખત પ્રતિદિન ગુમાવીશ, કોઈ પણ માણસ મને સારી વાત આવીને કહેશે તો હું ધ્યાન દઈ સાંભળીશ, એમ કહી શેઠ, સંભાષણ સંપૂર્ણ કરી નીચે બેઠા ત્યારે નાતિવર્ગે જયની ધ્વનિથી તેમને વધાવી લીધા.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ નાતના આગેવાન ગૃહસ્થોએ ઉભા થઇ જણાવ્યું કે જ્ઞાતના દરેક મનુષ્યે શેઠની પ્રતિભાવથી વર્તવું, અને તેમના ભલામાં રાજી રહેવું; તેમને પ્રાણ પણ સમર્પણ કરવા ચૂકવું નહીં, આ પ્રમાણે તેમને કહ્યું.

ત્યારબાદ નાથાલાલ નામના એક સદ્ગૃહસ્થે ઉભા થઇ જણાવ્યું કે, નાતના સદ્ગૃહસ્થો અને નગરશેઠ પ્રતિ વિનંતી કે જૈન શ્રાવકજ્ઞાતિનો કાયદો શિથિલ પડવાને લીધે કેટલાક જૈનો સ્વામિનારાયણીયા થઇ ગયા છે તો કેટલાક ગોસાઇજી, ધર્મી વગેરે અન્ય ધર્મી વિગેરે બની ગયા છે, કેટલાક વિષ્ણુભક્ત બની ગયા છે, તેઓને આપણા જ્ઞાતિવાળા કન્યા દે છે તે બંધ થવી જોઇએ; અને તેમના માટે કંઈક બંદોબસ્ત થવો જોઇએ. એવું નાથાલાલે કહ્યું તે પછી આખી નાતના માણસો એકે અવાજે બોલી ઉઠયા કે એ વાત સાચી છે. મિથ્યાત્વી થઈ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગએલાની સાથે આપણી પુત્રી પરણાવવાથી પુત્રીને મિથ્યાત્વી બનવું પડે છે, અને ઘરમાં ધર્મ સંબંધી ઝઘડા ચાલે છે તે મોટું પાપ છે. હાલનો વખત બારીક છે, જો નાતનો પકકો બંદોબસ્ત નહિ રહે તો ઘણા લોકો મિથ્યાત્વીયો બની જશે, માટે શેઠ-સાહેબે કંઈ કાયદો ઘડવો જોઇએ.

સર્વની ધર્માભિમાનની એક સરખી લાગણી દેખી શેઠે કાયદો ઘડી જાહેર કર્યો, અને નીચે મુજબ વાંચી સંભળાવ્યો—સર્વ જ્ઞાતીના જનોની સમક્ષ, સર્વની સંમતિથી ઠરાવ કરવામાં આવે છે કે આજથી જૈનધર્મથી વિપરીત અન્ય ધર્મ પાળનારા મિથ્યા-ત્વીઓને કોઇએ પોતાની કન્યા દેવી નહિ, તથા જે કોઇ મિથ્યાત્વી ધર્મમાં જશે, જેવા કે સ્વામીનારાયણ, ગોસાંઇ, વૈષ્ણવ વગેરેમાં જશે તેઓને નાત બહાર મૂકવામાં આવશે; તેઓને કોઇએ દીકરી આપવી નહિ અને તેઓની દીકરી લેવી પણ નહી. સર્વાનુમતે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઠરાવ કરવામાં આવેછે. એટલું કહેતાં સર્વાનુમતે પ્રસાર થયો અને શેઠને સર્વેએ જયની ધ્વનિથી વધાવી લીધા. કન્યાવિક્રયની પેઠે વરવિક્રય દોષનો પણ ત્યાગ કરવાની જરૂર છે. પહેરામણી વગેરે રીવાજોમાં વરવિક્રય દોષોત્પત્તિ છે. બંગાલા વગેરે દેશોમાં બ્રાહ્મણ વગેરે કોમમાં વરવિક્રય દોષ છે તથા ગુજરાતમાં ચરોતર વગેરેના પાટીદારોમાં તથા મેવાડ વગેરેમાં રજપુતોમાં વરવિક્રય દોષ છે તે પહેરામણીથી રૂઢિબદ્ધ થયો છે, કન્યાને પરણાવવા માટે માબાપો કન્યાના લગ્નના ખર્ચ જેટલા માંડવાના ખર્ચ નામે રૂપૈયા લે છે, તે પણ ન લેવા જોઇએ. બાલ લગ્નથી તથા વૃદ્ધ લગ્નથી તથા અયોગ્ય અનારોગ્ય અધર્મ્ય લગ્નથી પ્રજાની પડતી થાય છે. થઇ અને થશે. માટે જૈનકોમે બાળલગ્ન, કન્યા વિક્રય, વૃદ્ધવિવાહ, નકામો ખર્ચ, હાનિકારક રૂઢિ રીવાજ વગેરે દુષ્ટ રીવાજોનો સર્વથા ત્યાગ કરી

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાવહારિક ધાર્મિક ચડતીના ઉપાયો ગ્રહવા જોઇએ. ત્યાર બાદ નથુભાઇ નામના એક સદ્‌ગૃહસ્થે ઉભા થઇ નીચે પ્રમાણે ભાષણ આપ્યું:—

## ભાષણ.

આપણા પૂર્વજો ઘણા ધનવાન્ હતા, પ્રભુ શ્રી મહાવીર દેવ નિર્વાણપદ પામે આજ ૨૪૩૦ વર્ષ થયાં, આપણા જૈનોમાં ઘણા વિદ્વાનો થઇ ગયા છે, જૈનો- નો એક વખત એવો ઉદય હતો કે સર્વ લોકોમાં જૈનોની અતિશય ખ્યાતિ હતી. હાલ કર્મ યોગે જૈનોમાં કોઇ રાજા નથી તથા કોઇ પ્રભાવક આચાર્ય નથી કે જે જૈનોની ઉન્નતિ કરી શકે; તેથી જૈનોની પડતી આવી છે, પણ આપણા માટે આપણા પ્રાણના આધાર અને મોક્ષમાર્ગના વાહક આચાર્યો હજારો થઈ ગયા છે, તેમણે પરમાત્મા શ્રી તીર્થંકરની વાણીને આગમોમાં પુસ્તકોમાં લખી છે, તે પુસ્તકો લખતાં તથા રચતાં અત્યંત મહેનત પડી છે. તેમણે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી પરોપકારી બુદ્ધિથી પુસ્તકો રચ્યાં છે કે જે આ પણી પશ્ચાત્ થનાર જૈનપ્રજા આ પુસ્તકો-ગ્રંથોને વાંચી તેનો લાભ લેશે, અને તેથી ધર્મ ઉપર શ્રદ્ધાવાળી જૈનપ્રજા થઈ ધર્મમાર્ગ આદરી મુક્તિપદ પામશે. એ પુસ્તકોને લખતાં લખાવતાં કરોડો અબ્જ રૂપૈયાનો ખર્ચ થઈ ગયો છે, અને તે પુસ્તકોના ભંડારો હાલ પાટણ જેસલમેર ખંભાત અમદાવાદ વિગેરે ઠેકાણે છે. તે પુસ્તકોમાં-ગ્રંથોમાં અપૂર્વ વિદ્યા ભરેલી છે, અને તે પુસ્તકોનો લાભ આપણાથી લેઇ શકાતો નથી. મંત્રના ગ્રંથો, યંત્ર શાસ્ત્રો, તથા જયોતિષ ગ્રંથો, તથા વ્યાકરણના ગ્રંથો, તથા ન્યાયના ગ્રંથો, તથા વૈદકના ગ્રંથો, તથા ધર્મ શાસ્ત્રના હજારો ગ્રંથો છે, તથા તંત્રના પણ ગ્રંથો છે, તે આપણા ગુરૂઓએ બનાવ્યા છે, કે જેથી આપણે તેમનો મોટો ઉપકાર માનવો જોઇએ, અને તેઓને સાચવી રાખવાં જોઇએ, છતાં આપણે સડી જતાં, કકડા થઇ જતાં, એવાં શાસ્ત્રોનો ઉદ્ધાર કરીએ નહિ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે ઉપરથી બીજી પ્રતો ઉતરાવીએ નહિ તો આપણા જેવા બીજા કયા મૂર્ખાઓ જાણવા, અને આપણો જન્મ સફલ પણ શી રીતે કહેવાય ? ધર્મ વિના સંસારની બહાદુરી તથા ચાતુરી સાથે આવતી નથી. ધર્મકરણીથી સંસારસમુદ્ર પાર પામી શકાય છે તે વિના બીજું બધું અલેખે છે. તે ઉપર એક હું દૃષ્ટાંત કહું છું તે શ્રવણ કરશો.

મુંબાઇમાં મોતિચંદ શેઠ રહેતા હતા, તે ધનવાન્ હતા, તેમ કળાવાન્ હતા. એક દિવસ તેમણે સમુદ્રમાં હોડીયામાં બેશી પ્રવેશ કર્યો. હોડી સમુદ્ર મધ્યે ચાલે છે એવામાં શેઠ ખારવાને પૂછવા લાગ્યાઃ-અલ્યા ખારવા ! તારૂં નામ શું છે ?

ખારવો-શેઠ ! મારૂં નામ કાળિયો.

શેઠ-અલ્યા કંઈ પરણ્યો છે કે નહિ ?

ખારવો-ના શેઠ સાહેબ, આપણે બંદાતો કુવારા એકીલા છીએ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ—જા, ત્યારે તો તારી અડધી ઉમર નકામી ગઇ. અલ્યા ! કંઇ પંચાત કરતાં આવડે છે કે ? તથા વાંચતાં લખતાં આવડે છે કે ?

ખારવો—ના શેઠજી. વાંચતાં લખતાં આવડતું નથી. તથા પંચાત કરતાં પણ આવડતી નથી, ખાવું-પીવું તથા હોડી હાંકવી એટલુંજ આવડે છે.

શેઠ—જારે જા!!! ત્યારે તો તારી, પોણી ઉમર નકામી ગઇ. એવામાં હોડી આગળ ચાલી, જ્યારે પાણીનાં મોજાં ઘણાં ઉંચાં ઉછળ્યાં ત્યારે ખારવે કહ્યું—કેમ શેઠજી! તરતાં તો આવડે છેને! શેઠ કહેવા લાગ્યા, ના! તરતાં આવડતું નથી. ત્યારે ખારવો બોલ્યો અહો ! ત્યારે તો શેઠ !!! ખૂબ બની, મારી તો પોણી ઉમર નકામી ગઇ અને તમારી તો આખી ઉમર નકામી થઇ. એમ કહેતાં હોડીયું પાણીથી ભરાવા લાગ્યું, અને છેવટે ના ઇલાજે બૂડયું. ખારવો કૂદીને તરી કાંઠે ગયો, શેઠજી બૂડી મુઆ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સંસારમાં આપણે કુશળ છીએ પણ જ્યારે ધર્મકરણીમાં પ્રવૃત્તિ નથી થતી ત્યારે તો આપણી આખી ઉમર નકામી ગઈ; માટે પુસ્તક લખાવવાં, તેની સંભાળ રાખવી. ધર્મકરણી કરીશું તો સંસારસમુદ્ર તરી શકીશું; નહિ તો આપણી કળા હુશિયારી ધન આદિ સર્વ નકામું જાણવું. માટે પુસ્તક લખાવવાં, જીર્ણ દેરાસર સમરાવવાં, પ્રભુ પૂજા કરવી, જ્ઞાન ભણવું ભણાવવું, ભણતાને સાહાય્ય કરવી, જૈન ભાઇઓને મદદ કરવી, પોસહ, પ્રતિ ક્રમણ આદિ ધર્મકરણી કરી મનુષ્ય જન્મ સફળ કરવો જોઇએ. હજી જૈનધર્મનો ઉદય થવાનો છે. ત્રેવીસ ઉદયમંના હજી ઘણા બાકી છે. શ્રી દીવાળીકલ્પનેવિષે ત્રેવીશ ઉદયો બતાવ્યા છે. તે નીચે મુજબ જાણવા સારૂં કહું છું.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| उदयनो अनुक्रम अंक. | | युगप्रधान. |
|---|---|---|
| ૧ | પ્રથમ ઉદયે. | ૨૨ |
| ૨ | બીજામાં. | ૨૩ |
| ૩ | ત્રીજામાં. | ૯૮ |
| ૪ | ચોથામાં. | ૭૮ |
| ૫ | પાંચમામાં. | ૭૦ |
| ૬ | છઠ્ઠામાં. | ૮૯ |
| ૭ | સાતમામાં. | ૧૦૦ |
| ૮ | આઠમામાં. | ૮૭ |
| ૯ | નવમામાં. | ૯૫ |
| ૧૦ | દશમામાં. | ૮૯ |
| ૧૧ | અગીઆરમામાં. | ૭૬ |
| ૧૨ | બારમામાં. | ૭૮ |
| ૧૩ | તેરમામાં. | ૯૪ |
| ૧૪ | ચૌદમામાં. | ૧૦૮ |
| ૧૫ | પંદરમામાં. | ૧૦૮ |

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૧૬ | સોળમામાં. | ૧૦૩ |
| ૧૭ | સત્તરમામાં. | ૧૦૪ |
| ૧૮ | અઢારમામાં. | ૧૧૬ |
| ૧૯ | ઓગણીશમામાં. | ૧૩૩ |
| ૨૦ | વીસમામાં. | ૧૦૦ |
| ૨૧ | એકવીસમામાં. | ૯૫ |
| ૨૨ | બાવીસમામાં. | ૯૯ ? |
| ૨૩ | ત્રેવીસમામાં. | ૪૦ |

એ પ્રમાણે યુગપ્રધાનો ૨૦૦૪ ? બે હજારને ચાર થવાના છે, તેમાંથી ગણુા ઉદયો બાકી છે અને તેમાં થનાર યુગપ્રધાનો પણુ બાકી છે, માટે જૈનોએ ઉદ્યમ કરવો અને ધર્મની શ્રદ્ધા કરવી. શાશનદેવતાઓ જૈનોને સહાયક થાઓ અને જૈનવર્ગની પ્રતિદિન ચઢતી થાઓ અને જૈનધર્મનો માહમા મહીમાં શાશ્વત પ્રસરો. ઇત્યેવં ૐ અર્હં શાંતિઃ શાંતિઃ શાંતિઃ આ પ્રમાણે નથુભાઇએ ભાષણુ આપ્યા બાદ સભાએ તેમને વધાવી લીધી અને સભા વિસર્જન જઇ.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મંગલમ્.

## દુહા.

કન્યાવિક્રય ગ્રંથ એ, પૂર્ણ થયો સુરસાળ;
તદનુસારે ચાલતાં, હોવે મંગલમાળ. ૧
સંવત્ ઓગણી ઉપરે, શાઠની સાલ વિશાળ
ચૈત્ર સુદિ એકાદશી, પૂર્ણ થયો સુખકાર ૨
ભણશે ગણશે જે ભવી, લેશે તેનો સાર;
બુદ્ધિસાગર સુખ લહી, પામો ભવોદધિપાર. ૩

॥ इत्येवम् ॐ अर्हं शांतिः शांतिः शांतिः ॥

मुकाम विजापुर. ( विद्यापुर. )

વિ. સં. ૧૯૬૦ ચૈત્ર સુદિ ૧૧.

લે. મુનિ બુદ્ધિસાગર.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

www.kobatirth.org For Private And Personal Use Only